# અશ્રુભીની આંખો

## જબ કુછ ન બન સકે, તો તમાશા બના દિયા...

ક્યારેક - કેટલાક પુરુષો જે માગ્યું તે મળવું જ જોઈએ એવા હઠાગ્રહ - દુરાગ્રહ સાથે યુદ્ધમાં ઊતરવાનું નક્કી કરી લે છે. સામ-દામ-દંડ-ભેદના તમામ હાથવગા ઉપાયો અજમાવવામાં એમને કોઈ વાંધો નથી આવતો

બ્લુ બુક - કાજલ ઓઝા - વૈદ્ય

"દરવાજો ખોલ. અનિકેત જોરજોરથી બંધ દરવાજા પર મુક્કા મારી રહ્યો હતો. બંધ દરવાજાની પેલી તરફ મૈત્રી થરથર ધ્રૂજતી હતી, થોડી ગુસ્સામાં અને થોડી ડરેલી, "ખોલ દરવાજો, નહીં તો હું તોડી નાખીશ. અનિકેતે ફરી જોરથી બૂમ પાડી, "ખોલ... દાંત કચકચાવતો, મુઠ્ઠીઓ ભીંસતો અનિકેત ઉશ્કેરાટમાં મોટા અવાજે બૂમો પાડતો હતો.

મૈત્રીના ઘરની બહાર લોકોનું નાનુંસરખું ટોળું ભેગું થઈ ગઈ હતું. રાતના સાડા બાર વાગે કોઈ આવી રીતે બૂમો પાડે, દરવાજા ઠોકે, બેલ મારે અને છતાંય દરવાજો ન ખૂલે તો એ તમાશો જોવા માટે ટોળું શું કામ ભેગું ન થાય ? મૈત્રીનાં માતાપિતા બેચેન હતાં. બંને માટે આ અત્યંત શરમજનક પરિસ્થિતિ હતી. મૈત્રી પોતે પણ આ પરિસ્થિતિથી ખૂબ શરમ અનુભવી રહી હતી. આમ જોવા જાવ તો હવે દરવાજો ખોલાય એવી પણ સ્થિતિ નહોતી રહી, કારણ કે અનિકેતનો મિજાજ જોતાં એ હાથ ઉપાડી બેસે કે બહુ મોટું નુક્સાન કરી બેસે એવો ભય મૈત્રી અને એનાં માતાપિતા બંનેને ઘેરી વળ્યો હતો.

અનિકેત અને મૈત્રી બે વર્ષથી ગાઢ મિત્રો હતાં. એક જ ક્લાસમાં સ્કૂલ ઑફ આર્કિટેક્ચરમાં ભણતાં હતાં. મૈત્રી એકદમ ફોકસ્ડ અને મહેનતુ છોકરી હતી. એનાં માતાપિતાનું એકમાત્ર સંતાન. મૈત્રી પાસે એક ઉજ્વળ ભવિષ્ય અને બ્રાઇટ કરિયર હતી. અનિકેત લોકલ રાજકારણીનો દીકરો હતો. એના બિલ્ડર પિતા પાસે ખૂબ પૈસા હતા. બે વર્ષની મિત્રતા પછી અનિકેતે જ્યારેે મૈત્રીને ‘પ્રપોઝ’ કર્યું ત્યારે મૈત્રીએ એને સમજાવવાનો પ્રયત્ન કર્યો... અનિકેતે જિંદગીમાં ક્યારેય ‘ના’ નહોતી સાંભળી. મિત્રો અને માતાપિતા પાસે મૈત્રી વિશે ડંફાશ મારી ચૂકેલા અનિકેત માટે આ ‘ના’ તમાચા કરતાં ઓછી નહોતી. એણે મૈત્રીને પ્રેશર કરવાનું શરૂ કર્યું. ફૂલ, ગિટ્સ અને કાર્ડ્સ, ફોન, એસએમએસ, વોટ્સએપ, ફેસબુક... લગભગ ‘સ્ટોકર’ની જેમ મૈત્રી જ્યાં જાય ને જે કરે એ બધે જ

http://suratunhiyu.wordpress.com/

અનિકેત પહોંચી જતો. મોલમાં, રેસ્ટોરાંમાં, સિનેમા થિયેટરમાં, અરે ! મૈત્રી પોતાના મિત્રને ત્યાં લગ્નમાં ગઈ હતી ત્યાં પણ અનિકેત વગર આમંત્રણે પહોંચી ગયો...

મૈત્રી અને એનાં માતાપિતાએ અનિકેતને સમજાવવાનો પ્રયત્ન કર્યો. એ ન માન્યો એટલે એનાં માતાપિતા સાથે પણ વાત કરી, પણ કોઈ જાણે કશું સમજવા જ તૈયાર ન હોય તેમ પરિસ્થિતિ વધુ ને વધુ ગૂંચવાતી જતી હતી. મૈત્રીનાં માતાપિતાએ આખરે પોલીસ ફરિયાદ કરી.એના પરિણામ સ્વરૂપે આજે અનિકેત અહીં હાજર થયો હતો. મૈત્રીના ઘરના દરવાજા પર બેલ વગાડી વગાડીને થાક્યા પછી અત્યારે એ મુક્કા મારી રહ્યો હતો, બૂમો પાડી રહ્યો હતો ને રડી રહ્યો હતો.

પ્રેમ થઈ જાય એમાં કશું જ ખોટું નથી. કોઈ એક વ્યક્તિ આપણને પોતાના કરતાં પણ વધારે ગમવા માંડે એ બહુ સ્વાભાવિક બાબત છે, પરંતુ આપણને પ્રેમ થાય માટે સામેની વ્યક્તિને થવો જ જોઈએ એ આગ્રહ જરા વધારે પડતો છે. આપણે ત્યાં પુત્રસંતાનને વધુ પડતાં લાડ કરીને ઉછેરવામાં આવે છે. સંપન્ન કુટુંબોમાં દીકરાને મોટે ભાગે કોઈ વસ્તુની ના પાડવામાં આવતી નથી. લગભગ તમામ ઇચ્છાઓ પૂરી કરવામાં આવે છે... આવી પરિસ્થિતિમાં એ દીકરો જ્યારે યુવાન થઈને કોઈ છોકરીને ચાહે ત્યારે એને માટે એ છોકરી પણ પોતાની એક ઇચ્છા અથવા પોતાને ગમેલી કોઈ વસ્તુ બની જતી હશે ? આજના સમયમાં ીઓ જુદી રીતે વિચારે છે. દીકરીઓ જુદી રીતે ઊછરે છે. આજથી પાંચ-દસ વર્ષ પહેલાં સંભ્રાંત પરિવાર, સારા પૈસા કે સામાજિક પ્રતિષ્ઠા બહુ મહત્ત્વના હતા. દેખાવડો અને સારા ઘરનો છોકરો હોય તો માતાપિતા પણ પોતાની દીકરીને થોડો ફોર્સ કરીને લગ્ન કરી લેવા સમજાવતાં. એ સમયે છોકરીઓ પાસે કારકિર્દીનો વિચાર બહુ સ્પષ્ટ નહોતો. બદલાતા સમય સાથે છોકરી પોતાની કારકિર્દી વિશે વિચારે છે. એની સામે જિંદગી હવે જરા જુદી રીતે ખૂલે છે. એક સારું ભણેલી, કમાતી છોકરી એમ માને છે કે 'ના' પાડવાનો અધિકાર એને પણ છે જ.

સામે કેટલાય પરિવારના એવા દીકરાઓ, જે પોતાની જાતને શ્રેષ્ઠ પ્રેમી કે મૂરતિયો માને છે એને માટે આ 'ના' એમના અહંકાર પર સીધો પ્રહાર છે. કેટલાક પુરુષો આ પ્રહાર ખમી જાય છે અને પોતે એક સમયે ચાહેલી ી વિશે ઊતરતી કે હલકી કક્ષાની વાતો કરીને આવા પુરુષો પોતાના ઘવાયેલા અહંકાર પર મલમ લગાડી લે છે, પરંતુ ક્યારેક - કેટલાક પુરુષો માટે આવો મલમ શક્ય નથી હોતો. એ તો જે માગ્યું તે મળવું જ જોઈએ એવા હઠાગ્રહ - દુરાગ્રહ સાથે યુદ્ધમાં ઊતરવાનું નક્કી કરી લે છે. સામ-દામ-દંડ-ભેદના તમામ હાથવગા ઉપાયો અજમાવવામાં એમને કોઈ વાંધો નથી આવતો. ફૂલો, ભેટ આપીને ખુશ કરવાનો પ્રયત્ન, ઘૂંટણિયે પડીને પ્રેમની ભીખ માગવાનો પ્રયત્ન, પોતાનો પ્રેમ 'સાચો' છે એવી પ્રતીતિ કરાવવાના તમામ પ્રયત્નો પૂરા થાય ત્યાર પછી એક નવો પ્રયત્ન શરૂ થાય છે. બળજબરી, ધાકધમકી અને દાદાગીરીનો પ્રયત્ન... જે સીધી રીતે ના

http://suratiundhiyu.wordpress.com/

સમજે એને ડરાવી-ધમકાવી, દબાવીને પણ પોતાના વશમાં કરવાની આ વૃત્તિ પોતાના પ્રિયજનને નુક્સાન કરવા સુધી પહોંચી જાય છે.

ચાહવું શબ્દ બહુ રસપ્રદ છે. ચાહવું એટલે માગવું, ઝંખવું, ઇચ્છવું, મેળવવાની ઇચ્છા હોવી. આપણે કોઈને ચાહીએ - ચાહ હોય, ઝંખના હોય એનો અર્થ એવો નથી કે આપણે એને પામીએ જ. 'આઇ લવ યુ' કહેવાનો અધિકાર આપણને સૌને છે, પણ સાથે પુછાયેલા પ્રશ્ન, "ડુ યુ લવ મી ?ના જવાબમાં દરેક જણને 'હા' જ સાંભળવા મળે એવું ન ય બને ! જ્યારે એવું ન બને ત્યારે આપણે જેને ચાહ્યા છે, જેને પ્રેમ કર્યો છે એનું સુખ વાંચ્છીને, એની છબિને મનોમન સુખદ સ્મૃતિ તરીકે સાચવીને બાકીની જિંદગી કેમ ન જીવી શકાય ? અત્યાર સુધી એવું જોવા મળતું હતું કે પ્રેમની પ્રપોઝલ અથવા પ્રણય નિવેદન કર્યા પછી ી-પુરુષ હવે લગ્ન કરીને જીવનભર સાથે રહેશે એવું લગભગ નક્કી થઈ જતું હતું. હવે સમય બદલાયો છે. માતાપિતાએ રજા આપ્યા પછી પણ, એન્ગેજમેન્ટ થયા પછી પણ ક્યારેક લગ્ન સુધી એ સંબંધ નથી પહોંચતો ત્યારે છોકરીના બીજી વાર જ્યાં વિવાહ થાય ત્યાં પત્રો લખવા - પહોંચી જવા સુધીની કક્ષાએ કેટલાક પુરુષો જઈ શક્તા હોય છે. એવું કરવાથી એ વ્યક્તિ મળી જશે અથવા એ આપણી થઈ જશે એવું નથી, પણ જે મને નથી મળ્યું અથવા જેણે મને રિજેક્ટ કર્યો છે એ જિંદગીમાં ક્યાંય ઠરીઠામ ન થાય, સુખી ન થાય એવી મનોવૃત્તિ કદાચ આવા વર્તન પાછળ કામ કરતી હશે...

પ્રેમ બહુ અદ્ભુત વસ્તુ છે. પ્રેમ થાય ત્યારે જગત સુંદર બની જાય છે, બની જવું જોઈએ. હૃદયમાં ઊભરાતા અકથ્ય સુખની સાથે એ સુખ સૌને વહેંચવાનો વિચાર આવવો જોઈએ. ચાહી શકવાની એબિલિટી - આવડત અથવા ક્ષમતા દરેક પાસે નથી હોતી. દિલ ખોલીને - દિલ ફાડીને પ્રેમ કરવો, માથા પરથી પાણી વહી જાય એ રીતે ડૂબી જવું દરેક માટે શક્ય નથી હોતું. આપણે જો એમાંના એક હોઈએ, જે સાચા અર્થમાં પૂરા હૃદયથી પ્રેમ કરી શકે છે તો એવી ક્ષમતા કે તક આપવા બદલ ઈશ્વરનો આભાર માનવો જોઈએ ! જેને એક વખત, એક ક્ષણ માટે પણ સાચા હૃદયથી ચાહ્યા હોય એવી વ્યક્તિના સન્માનને કે સલામતીને હાનિ કેવી રીતે પહોંચાડી શકાય? આપણે જ્યારે બીજી વ્યક્તિનો તમાશો કરવા જઈએ છીએ ત્યારે, એને બદનામ કરવા જઈએ છીએ કે એને નુક્સાન પહોંચાડવા જઈએ છીએ ત્યારે આપણે પણ એ જ પરિસ્થિતિમાં મુકાઈએ છીએ એ વાત કદાચ આપણા યાન બહાર રહી જાય છે.

જેને આપણે ચાહ્યા છે એને ફોલો કરવાથી, ફેસબુક પર એને વિશે ગમે તેમ લખવાથી કે ઇન્ટરનેટ પર એના ફોટા કે વિગતો અપલોડ કરવાથી થોડાક લોકોને એના વિશે ખબર પડશે એ સાચું, પણ લોકો એના વિશે ન્યાય તોળવા બેસતા પહેલાં આ જેણે કર્યું છે એને તો ગુનેગાર માની જ લેશે... તમાશો હંમેશાં સન્માનને હાનિ પહોંચાડે છે. ગ્રેસફુલી પરિસ્થિતિનો સ્વીકાર કરવો એમાં કોઈ નાનપ

http://suratundriyu.wordpress.com/

કે સ્વમાનને હાનિ પહોંચાડનારી બાબત નથી. જેમ આપણે કોઈ વ્યક્તિને ના પાડી શકીએ એવી જ રીતે કોઈ વ્યક્તિ આપણને પણ ના પાડી શકે એટલું દરેક માણસે સમજવું જ પડે. કોઈકે આપણા પ્રેમનો અસ્વીકાર કર્યો એથી એને બદનામ કરવાનો કે એનો તમાશો બનાવવાની વૃત્તિ આપણને પણ 'જોકર' પુરવાર કરે છે. ટોળે વળેલા માણસો ફક્ત એક જ જણને જોતા નથી. એ બંનેને જુએ છે. બદનામી બેઉંની થાય છે.

જેની પાછળ આપણે જાતનો તમાશો કરીએ છીએ એ આપણને ન ચાહે તો ભલે, કદાચ કોઈક આપણી જેમ જ આપણને ચાહતું હોય એને પણ આપણે આ તમાશો ઊભો કરીને આપણાથી દૂર કરીએ છીએ એવું નથી લાગતું?

## વતનની માટીની સુગંધ અહીં પહોંચાડતા રહો

સિક્રેટ ડાયરી - બિનરહેવાસી ભારતીય

પચ્ચીસ વર્ષ પહેલા હું અમેરિકા આવ્યો ત્યારે મારા માટે ઇન્ડિયા અને અમેરિકા બન્ને સરખા જ હતા. ફરક ફક્ત એટલો હતો કે ઇન્ડિયામાં મને મારું કોઇ ફ્યુચર નહોતું દેખાતું. એની સામે અમેરિકા સોનેરી સપનાનો દેશ લાગતો હતો. ઇન્ડિયામાં મેં નોકરી ધંધા માટે ઘણા પ્રયાસો કર્યા હતા, પણ કંઇ ન વળ્યું, છેવટે એક ફ્રેન્ડની મદદથી અમેરિકા આવી ગયો. એ સમયે અમેરિકામાં ઘૂસવાનું બહુ અઘરું નહોતું. મારી પાસે પ્રોપર વિઝા અને ડોક્યુમેન્ટ્સ પણ નહોતા.

અમેરિકામાં આવીને મોટા ભાગના ઇન્ડિયનો એક જ કામ કરે છે: વર્ક, વર્ક વર્ક. મેં પણ ડોન્કીની જેમ કામ કર્યું. કામ તો ઇન્ડિયન તરીકે જ કરવાનું હતું, પણ કમાણી ડૉલરમાં થતી હતી. ડૉલર સાથે એટલો પ્રેમ થઇ ગયો કે એક પણ કલાક વેસ્ટ કરવાનું મન નહોતું થતું. વીક એન્ડમાં પણ હું કરતો હતો. બે વર્ષમાં તો મેં ઘણા પૈસા ભેગા કરી લીધા. પછી મને ઇન્ડિયામાં મારા ફેમિલીને મળવાનું મન થયું, પણ મારી પાસે પ્રોપર ડોક્યુમેન્ટ્સ નહોતા એટલે ઇન્ડિયા જતાં ડર લાગતો હતો. ખરેખર તો મારા ફેમિલીવાળાને મારા લગ્ન કરાવવાની ઉત્સુકતા હતી. એમણે ઇન્ડિયામાં મારા માટે કેટલીય છોકરીઓ જોઇ રાખી હતી. મારા મોટા ભાઇ તો કહેતા હતા કે તારા માટે છોકરીઓની લાઇન લાગી છે.

એ સમયે મારે જીવનનું એક કોમ્પ્રોમાઇસ કરવું પડ્યું. મારા ફ્રેન્ડ્સે મને એવી સલાહ આપી કે જો તું અમેરિકાની કોઇ છોકરી સાથે લગ્ન કરી લે તો તને ગ્રીન કાર્ડ મળી જશે અને પછી અમેરિકામાં રહેવાનું તારું એકદમ લીગલ થઇ જશે. તારા માથાં પર કોઇ ટેન્શન જ નહીં રહે. મેં બહુ જ વિચારો કર્યા. આમ પણ અમેરિકામાં ઘર ખરીદીને સંસાર માંડવાનું એટલું આસાન નહોતું. મેં અમેરિકાના

http://suratiundhiyu.wordpress.com/

એક રીચ ઇન્ડિયન ફેમિલીની ડોટર મીની સાથે લગ્ન કરી લીધાં. મીની આજે મારી વાઇફ છે, મારા બે ચિલ્ડ્રનની મમ્મી છે અને વી આર રિયલ્લી હેપ્પી.

લગ્ન પછી હું મીનીના ફેમિલી બિઝનેસમાં જોડાઇ ગયો. સ્ટ્રગલનો સમય પૂરો થઇ ગયો. અમેરિકાના એવરેજ મિડલ ક્લાસ ફેમિલી કરતાં પણ વધુ સુખ સગવડો અમારી પાસે આવી ગઇ. લગ્ન પછી હું ઇન્ડિયા ગયો, મારા ભાઇ, ભાભી, બહેન, પપ્પા બધાને મળ્યો. પહેલી વાર તો હું બધા માટે ઘણી બધી ગિફ્ટ્સ લઇ ગયો હતો. અમે ઇન્ડિયામાં બહુ ફર્યા. બહુ મજા કરી અને સૌને મજા કરાવી. મની મેક્સ બિગ ડિફરન્સ ઇન લાઇફ.

ત્યાર પછી તો અનેક વાર ઇન્ડિયા ગયો. ફેમિલી મેમ્બરોને પૈસા આપ્યા. ત્યાં ઘર લીધું. બીજું પણ થોડું ઘણું ઇન્વેસ્ટમેન્ટ કર્યું. આમ છતાં ઇન્ડિયા સાથેના મારા રિલેશન્સ લવ-હેટના રહ્યા છે. બેઝિકલી આઇ લવ ઇન્ડિયા, બટ ત્યાંના લોકોની મેન્ટિલિટી આઇ ડોન્ટ લાઇક. એ લોકોને ચાન્સ મળે કે તરત પૈસા જ માંગવા માંડે છે. ધે વોન્ટ એવરીથિંગ ફ્રી. કોઇને આપણે કામ સોંપીએ તો એ ક્યારે કરશે, કેવું કરશે એનું કંઇ નક્કી જ નહીં. નો પ્રોફેશનાલિઝમ એટ ઓલ. વાતો મોટી મોટી કરશે, પણ રિયાલિટીમાં ઝીરો. આખો દિવસ નવરા ફરતા હોય તો પણ નક્કી કરેલા ટાઇમે ક્યારેય પહોંચે જ નહીં. આઇ જસ્ટ હેટ ઓલ ધીઝ.

આમ છતાં ઇન્ડિયા ઇઝ માય કંધટ્રી. આઇ લવ ઇન્ડિયા. ઇન્ડિયાની ક્રિકેટ ટીમ દુનિયામાં ગમે તે ખૂણામાં રમતી હોય તો એ જોવાનું મને મન થાય. ઇન્ડિયાનું ન્યુઝ પેપર હાથમાં આવી જાય તો એને ડિટેલમાં વાંચી લેવાનું મને ગમે. એન્ડ બોલીવૂડ મૂવીઝ? માય ગોડ. અમારું આખું ફેમિલી બોલીવૂડ પાછળ ક્રેઝી છે. શાહરુખ ખાન, રિતિક રોશન કે અજય દેવગણની ફિલ્મ અહીં રિલીઝ થાય ત્યારે અમારો એન્ટાયર ફેમિલીનો પ્રોગ્રામ નક્કી થઇ જાય. ક્યારેક તો આખા ફ્રેન્ડ સર્કલનો જોઇન્ટ પ્રોગ્રામ બની જાય.

મારા સન અને ડોટરને પણ બોલીવૂડની ફિલ્મો પસંદ છે. જોકે એમની પાસે ઇન્ડિયા વિશેની બીજી ઇન્ફોર્મેશન નથી. એમને ગુજરાતી બોલતા આવડે છે, પણ વાંચતા નથી આવડતું. એક-બે વાર એમને હું ઇન્ડિયા લઇ ગયો હતો, પણ એમને ત્યાં નથી ગમતું. મને એમની ચિંતા થાય છે. શું એ લોકો પૂરા અમેરિકન બની જશે? મારી ઉંમરના અહીંના ઇન્ડિયનોની આ કોમન વરી છે. અમે ફ્રેન્ડ્સ લોકો મળીએ ત્યારે આ વિશે જ ચર્ચા કરીએ છીએ. ખરેખર તો અમે સૌ ઇન્ડિયન કલ્ચર, ઇન્ડિયન આઇડેન્ટીટી અને ઇન્ડિયન વોર્મ્થ મિસ કરીએ છીએ. બહુ જ મિસ કરીએ છીએ.

નરેન્દ્ર મોદીએ અહીં આવીને અમારા બેનિફિટ્સ માટેની કેટલીક જાહેરાતો કરી. અમને સારું લાગ્યું, પણ એક સમસ્યાનો કોઇ ઉકેલ નથી. આટલી સંપત્તિ કમાયા હોવા છતાં અમને સૌને અહીં બહુ જ એકલવાયું લાગે છે, લોન્લીનેસ લાગે છે. આ સમસ્યાનું શું કરવું? અહીં અમે બધા ફેમિલી મેમ્બરો

http://suratiundhiyu.wordpress.com/

સાથે હોઇએ છીએ તો પણ એકલવાયું લાગે છે. નવાઇની વાત એ છે કે ઇન્ડિયાથી કોઇ અહીં આવે અને અમે જ્યારે એને મળીએ ત્યારે અચાનક લોન્લીનેસ દૂર થઇ જાય છે. વી ફીલ સો હેપ્પી, ઇમોશનલ એન્ડ ફૂલફીલ્ડ.
મેડિસન સ્કવેર ગાર્ડનમાં અમે વીસ હજાર એનઆરઆઇ એકઠાં થયા ત્યારે સૌને લાગ્યું કે અમે નરેન્દ્ર મોદીને સાંભળવા માટે એકઠાં થયા છીએ. રોંગ. નરેન્દ્ર મોદી કરતાં પણ મોટા મોટિવેટરો અહીં પડ્યા છે. એમના થેરપી કોર્સ અમે અફોર્ડ કરીએ શકીએ એમ છીએ. પણ નરેન્દ્ર મોદીની વાત અલગ છે. એ ઇન્ડિયાના છે, કરીશ્માવાળા નેતા છે અને અમે લોન્લી છીએ. અમે અમારી એકલતા દૂર કરવા માટે મેડિસન સ્કવેરમાં એકઠા થયા હતા. અને ખરેખર એ દિવસે અમને બહુ મજા આવી. નરેન્દ્ર મોદી શું બોલી રહ્યા હતા એ મહત્ત્વનું નહોતું. અમારે એમના એક એક શબ્દને સેલિબ્રેટ કરવાનો હતો, એન્જોય કરવાનો હતો, તાળીઓ પાડવાની હતી, ચિચિયારી કરવાની હતી. વ્હોટ એન ઓકેઝન. વ્હોટ એ ફીલિંગ. અમે બહુ જ એન્જોય કર્યું.
બટ એલાસ. પાર્ટી ઇઝ ઓવર. ચારે તરફ સૂનકાર છે. નરેન્દ્ર મોદી ઇન્ડિયા પાછા જતા રહ્યા છે. અમે અહીં રહી ગયા, અમારી એકલતા સાથે. હવે ફરી ઇંતજાર છે, કોઇ ભારતીયના આગમનનો.
(નિખિલ મહેતાએ કરેલી કલ્પના)

## આજની સમસ્યાઓને સુવિધાઓમાં બદલાવી શકાય

એક ગરીબ ખેડુતે નગરના શાહુકાર પાસેથી મોટી રકમ વ્યાજ પર લીધેલી હતી.
એકદિવસ શાહુકારે ખેડુતને બોલાવીને કહ્યુ, " મને મારી રકમની જરૂર છે માટે બધી જ રકમ વ્યાજ સહિત એક અઠવાડીયામાં આપી દેજે અને નહીતર તારી જમીન મને લખી આપજે." ખેડુત મુંઝાયો આટલી રકમની વ્યવસ્થા કરવી શક્ય જ ન હતી.જીવનનો એકમાત્ર આધાર એવી જમીન હાથમાંથી જતી રહેશે એ વિચારમાત્રથી ખેડુત ધ્રુજતો હતો.

એક અઠવાડીયુ પુરુ થયુ અને ખેડુત રકમ ન આપી શક્યો એટલે શાહુકારે ગામના પંચને ભેગુ કર્યુ અને બધી વાત કરી. પંચે કહ્યુ કે ખેડુત રકમ નથી આપી શક્યો માટે એમણે એમની જમીન શાહુકારને આપી દેવી જોઇએ. આ વાતચિત ચાલતી હતી ત્યાં પેલા ખેડુતની યુવાન દિકરી આવી. અત્યંત સ્વરુપવાન છોકરી જોઇને આ શાકુકારને બીજો વિચાર આવ્યો.

શાહુકારે ગામલોકોને કહ્યુ, " હું આ ગામનો જ છુ એટલે મને આ ખેડુતની ચિંતા થાય છે. હું એની જમીન છીનવવા નથી માંગતો. હું એમને એક તક આપવા માંગું છું. મારી આ થેલીમાં બે પથ્થર

http://suratiundhiyu.wordpress.com/

નાંખીશ અને પછી એની દિકરી આ બે પથ્થરમાંથી એક ઉપાડશે. જો તે ધોળો પથ્થર ઉપાડે તો એનું તમામ દેવુ માફ પણ જો એ કાળો પથ્થર ઉપાડે તો એણે એમની છોકરી મારી સાથે પરણાવવાની રહેશે."

ખેડુતે તો તુંરત જ ના પાડી દીધી પણ દિકરીએ બાપને કંઇક મદદ થઇ શકે એવી આશાએ આ શરત સ્વિકારી.બુઢા શાહુકારે નીચે પડેલા સફેદ અને કાળા રંગના પથ્થરોમાંથી બે પથ્થર ઉપાડીને પોતાની થેલીમાં નાંખ્યા. પેલી છોકરીની તિક્ષ્ણ નજર એ પામી ગઇ કે શાહુકારે બંને કાળા પથ્થર જ થેલીમાં નાંખ્યા છે. એક ક્ષણ છોકરીને વિચાર આવ્યો કે બાપના માટે મારુ નસીબ સમજીને આ બંને કાળા પથ્થરમાંથી એક ઉપાડી લઉં અને આ શાહુકાર સાથે ચાલી જાઉં. પણ બીજી જ ક્ષણે એને કંઇક જુદો વિચાર આવ્યો અને એના ચહેરા પર રોનક આવી ગઇ.

એણે થેલીમાં હાથ નાંખીને એક પથ્થર ઉપાડ્યો અને જેવો હાથ બહાર કાઢ્યો કે હાથમાંથી પથ્થર નીચે પડી ગયો.જમીન પર તો અનેક કાળા અને ધોળા પથ્થર પડેલા હતા. છોકરીના હાથમાંથી નીચે પડેલો પથ્થર કાળો હતો કે ધોળો તે નક્કી કરી શકાય તેમ ન હતુ. છોકરીએ કહ્યુ, " હવે એક કામ કરો આ થેલીમાં રહેલો બીજો પથ્થર બહાર કાઢો જો તે ધોળો હોય તો મેં ઉપાડેલો પથ્થર કાળો હતો અને જો એ કાળો હોય તો મેં ઉપાડેલો પથ્થર ધોળો હતો." થેલીમાંથી તો કાળો પથ્થર જ નિકળ્યો અને શરત પ્રમાણે ખેડુતનું દેવુ માફ થઇ ગયુ.

મિત્રો, પરિસ્થિતિ ગમે તેવી વિકટ હોવા છતા હકારાત્મક્તા સાથે જો થોડો વિચાર કરવામાં આવે તો સમસ્યાઓને સુવિધાઓમાં બદલાવી શકાય!

## માણસ હોવાનું ગૌરવ સત્ય ઘટના:

'પગ સરખો રાખો, મિસ્ટર!' હું ચાલુ બસે ઝબકીને જાગી ગયો. ઊંઘમાં શરીર શિથિલ થઈ જાય એટલે એનો વિસ્તાર વધી જાય એ સ્વાભાવિક છે. મેં મારો જમણો પગ પાછો ખેંચી લીધો. પણ તોય મગજ પર બે-ત્રણ હથોડા તો વાગ્યા જ ! એક તો એ કે મારી સામે બેઠેલ યુવાન ભણેલ ગણેલ લાગતો હતો, પણ એના બોલવાની ઢબ એવી હતી કે એના વાક્યમાં ચાર શબ્દોની જગ્યાએ ચાર ખંજર વાગે ! એની બાજુમાં એની પત્ની બેઠી હતી, મેં એની તરફ જોયું. એ સ્ત્રી નહોતી, સાક્ષાત સૌંદર્યનો ઢગલો હતી. પત્ની જ્યારે આટલી બધી સુંદર હોય ત્યારે પતિ એનો પતિ નથી રહેતો, પણ ચોકીદાર બની જાય છે. ઊંઘમાં મારો પગ સહેજ લાંબો થયો હશે એની ના નથી, પણ

http://suratiundhiyu.wordpress.com/

અમારી ત્વચાના સીમાડા હજુ એકમેકને સ્પર્શ્યા નહોતા, ત્યાં તો ચોકીદારે એક સામટા ચાર-ચાર ખંજર બહાર કાઢ્યા.
મનમાં તો હું પણ તપી ગયો હતો, પણ ચિક્કાર બસમાં જનમત મારી વિરુદ્ધમાં જ પડશે એ હું જાણતો હતો. હું ચૂપ બેસી રહ્યો. હવે ઊંઘનું પાલવે તેમ નહોતું. હવે જો મારો પગ ખોટી દિશામાં લંબાય, તો અસ્થિભંગનો ડર હતો. ખુલ્લી આંખે કરવું શું ? મેં એ જંગલી પ્રાણી તરફ જોયા કર્યું. એ પણ મારી સામે તાકી રહ્યો હતો. હું 'ટાડા' નો આરોપી હોઉં અને એ પોલીસવાળો હોય એમ એની પાસે મારા પર નજર રાખવાનો જાણે એક જ મુદ્દાનો કાર્યક્રમ હોય એવું લાગતું હતું ! મેં પેલા સાડીમાં લપેટાયેલા મોગરાના ફૂલોના ઢગલા તરફ ત્રાટક કર્યું. બારીકાઈથી જોતાં લાગ્યું કે ચહેરા પર ફિક્કાશ હતી. મારી નજર એને વાગી હશે એટલે એણે આંખો બંધ કરી દીધી. અચાનક એના ચહેરા પર વેદનાનો ભાવ આવ્યો. થોડી જ ક્ષણોમાં એ ભાવ ઓસરી પણ ગયો. એની લંબોતરી ડોક એક આંચકા સાથે નમી પડી, પછી એ ટટ્ટાર બેસી ગઈ.
મને થયું કે કાં તો બીમાર હશે, કાં રાતનો ઉજાગરો હશે ! હું તો નજરકેદમાં હતો, પણ એનો અર્થ એવો તો નહોતો જ કે મારાથી મારા ચોકિયાત જોડે વાત પણ ન થઈ શકે. 'કેમ છે, તમારાં 'વાઈફ' ની તબિયત સારી નથી કે શું ?' જાણે સવાલ પૂછીને પણ મેં એની વાઈફની છેડતી કરી નાંખી હોય એમ એ આખો આગ-આગ થઈ ગયો. હસબન્ટ મટીને હુતાશણી બની ગયો. 'ઈટ ઈઝ નન ઓફ યોર બિઝનેસ !' કોઈપણ સમજુ માણસનું અપમાન કરવા માટે આટલા શબ્દો પૂરતાં હોય છે. મારે એ અંગ્રેજીમાં ભણેલા ગેંડાને કેમ સમજાવવું કે હું એક ગાયનેકોલોજીસ્ટ છું અને સ્ત્રી દરદીઓ એ મારો એક માત્ર વ્યવસાય છે. ધંધો નહીં પણ ધર્મ છે ! હવે મેં મારામાં રહેલા તબીબને સંકોરી લીધો. યુવાન વિધવા પોતાની ઈચ્છાઓ સમેટી લે તે રીતે મેં મારામાં જીવતાં ગાયનેકોલોજીસ્ટને કેદ કરી લીધો, પણ મનની ભીતર ચાલી રહેલા વિચારોની આસપાસ થોડી કિલ્લેબંધી થાય છે ?
અમારી તબીબી આલમમાં એક શબ્દ પ્રચલિત છે – 'સ્પોટ ડાયગ્નોસિસ.' દરદીને કશું જ પૂછવાની મનાઈ. એની શારીરિક તપાસ કરવાની નહીં, લોહી-પેશાબ-ઝાડો કે એવી કશી જ ચકાસણીનો આધાર લેવાનો નહીં. માત્ર દરદીના ચહેરા પર, એના બોલવા-ચાલવા પર કે ઊભા રહેવાની કે બેસવાની ઢબ તરફ એક તીર જેવી નજર રોપીને ત્વરિત નિદાન કરી દેવાનું ! કોઈ પણ જાતની ઈંટો કે સિમેન્ટ, રેતી, ચૂનાની સહાય વિના માત્ર ચીકણી માટીનો મહેલ બનાવવાનો, એ તૂટી જાય એનો વાંધો નહીં પણ એમાંથી તમારા કડિયાકામની સૂઝ પ્રગટે ! પછી એ કાચા કામને બીજી તબીબી પદ્ધતિની સહાયથી પાછું બનાવી શકાય, પણ ખરી મજા તો પેલા ઝટપટ નિદાનની જ !
મેં કાચું બાંધકામ શરૂ કર્યું. નવા નવાં પરણેલા લાગે છે. પેટમાં દુ:ખાવો ઊપડ્યો હોય એવું લાગે છે. ચહેરા પરની ફિક્કાશ ચાડી ફૂંકી રહી છે. ગુલાબી ગાલ ધીમે ધીમે પીળા કેરણ જેવા થતા જાય

http://suratiundhiyu.wordpress.com/

છે, છેલ્લા અરધા કલાકમાં બે વાર એ લથડી ચૂકી છે અને....! બસ, એક અંકોડો ખૂટતો હતો ! એના છેલ્લા માસિક સ્ત્રાવની તારીખ જો જાણવા મળે તો મારું માટીકામ પૂરું ! પણ એ સવાલ પૂછવો એટલે પેલી માંડ માંડ બૂઝાવા આવેલી હોળીમાં પેટ્રોલ છાંટવું. એની અંતિમ માસિક તારીખ પૂછવી એટલે મારી જિંદગીની અંતિમ ક્ષણ વિષે પૂછવું ! અચાનક તેને ઊબકા જેવું થયું. પેલો ગેંડો થોડો ગભરાયો, એને બારી પાસે ખસેડી. હવે એ બિલકુલ મારી સામે હતી. મારી પરનો ચોકીપહેરો વધુ સખત થયો. એના પતિનું ચાલત તો એ અમારા બેની વચ્ચે ચીનની દીવાલ ઊભી કરાવત ! મને થયું કે એના શ્વાસની ગતિ તો ગણી જોઉં ? મેં એના છાતીના ફૂલવા અને શમવા તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. એકપણ ગણતરી ચૂકી ન જવાય એટલે મેં આંખનો પલકારો મારવાનું પણ બંધ કરી દીધું. અત્યારે વિચાર કરતાં મને લાગે છે કે હું એ વખતે બહુ સજ્જન તો નહીં જ લાગી રહ્યો હોઉં ! એના પતિ માટે મારું આ બેશરમ ત્રાટક છેલ્લા ઘા સમાન હતું ! એણે થેલીમાંથી શાલ કાઢીને પત્નીને લપેટી દીધી. એની આંખોમાં હવે હિંસક ભાવો હતાં.

મારી બાજુમાં બેઠેલા માજીએ પૂછ્યું, 'દીકરા, વહુની દવા કેમ કરાવતો નથી ?' પેલાની આંખમાં ભાવ બદલાયા. એ થોડો નરમ પડ્યો, 'માજી, એની દવા કરાવવા જ લઈ જાઉં છું. અચાનક રાતથી એની તબિયત બગડી છે. બાજુના શહેરમાં નવા ડોકટર આવ્યા છે, સાંભળ્યું છે કે એમના હાથમાં ઈલમ છે, જશ રેખા છે, મડદાને બેઠા કરે છે, એના ભરોસે તો નીકળ્યો છું....' પણ એટલામાં એની પત્ની ઢળી પડી, સીધી મારા ખોળામાં. મેં બે હાથે એને પકડીને એની બેઠકમાં ગોઠવી. એના પતિએ મારો હાથ ઝટકાવી નાખ્યો, 'માઈન્ડ યોર બિઝનેસ, મિસ્ટર !' હું ઊભો થઈ ગયો. મારાથી કંઈ બોલી બેસાશે એનો મને ડર હતો. એની પત્ની મરી રહી હતી અને આ શંકાશીલ માણસ મને આવારા, મજનૂ માની રહ્યો હતો.

બસ એક ધીમા આંચકા સાથે ઊભી રહી. મારું ઊતરવાનું સ્થળ આવી ગયું હતું. નાનકડું તાલુકા મથક હતું. અહીંની સાર્વજનિક હોસ્પિટલમાં હું સેવા આપી રહ્યો હતો. અઠવાડિયે એકવાર મળતી રજા અમદાવાદમાં મારા પરિવાર સાથે માણીને પાછો હવે જોતરાવા માટે આવી પહોંચ્યો હતો. મને લેવા દવાખાનાની જીપ લઈને ડ્રાઈવર ક્યારનોય આવી ઊભો હતો. હું આગલી બેઠકમાં ગોઠવાયો. લગભગ બેહોશ થઈ ગયેલી પત્નીને લઈને પેલો બસમાંથી ઊતર્યો. રીક્ષા આટલી વહેલી સવારે મળે એમ ન હતી. જે હોસ્પિટલમાં એને જવાનું હતું એનું જ નામ લખેલી જીપ જોઈને એના જીવમાં જીવ આવ્યો. ડ્રાઈવરને કરગરીને બેસાડવા માટે એ મથી રહ્યો. ડ્રાઈવરે મારી સામે જોયું. મેં ઈશારાથી જ સંમતિ આપી. પેલો મને જોઈને ચમક્યો તો ખરો. પણ એને થયું હશે કે હું પણ એની માફક ડ્રાઈવરની મહેરબાનીથી જ જીપમાં ચડી બેઠો હોઈશ ! એની પત્નીના લાંબા શ્વાસોશ્વાસનો અવાજ આવી રહ્યો હતો. એણે ડ્રાઈવરને પૂછ્યું, 'ડૉકટર સાહેબ આજે હાજર તો હશે ને ? ક્યાંક

http://suratiundhiyu.wordpress.com/

બહારગામ તો નહિ ગયા હોય ને ?' ડ્રાઈવરને બોલતો અટકાવવા મેં સામે પૂછ્યું, 'તમારી પત્નીને કંઈ મહિના-બહીના જેવું તો નથી ને ?' આવી લાચારીભરી પરિસ્થિતિમાં પણ એની જીભ પર કડવાશ આવ્યા વગર ન રહી શકી, 'હા, છે. એને મહિનાની ઉપર દસ દિવસ થયા છે. પણ તમે ચૂપ મરશો ? ઈઝ ઈટ ઓફ એની સિગ્નિફિકન્સ ટુ યુ ?' જીપ દવાખાનાનાં દરવાજામાં દાખલ થઈ. મેં વૉર્ડબોયને ઈશારો કર્યો. સીસ્ટરની સામે જોઈને બરફ જેવા ઠંડા ધ્રૂજાવી મૂકે તેવા સ્વરે હૂકમ કર્યો, 'સિસ્ટર, આ બાઈને સીધી થીયેટરમાં લો. હીમાસીલ ચાલુ કરો. બ્લ્ડ મળે તેમ નથી. એની નળીમાંનો ગર્ભ ફાટી ગયો છે. હું એક ક્ષણમાં પહોંચું છું. ઓપરેશનની તૈયારી કરો. એકટોપીક પ્રેગ્નેન્સી ઈઝ માય સ્પોટ ડાયગ્નોસિસ ! અને હા, સંમતિપત્રકમાં એના પતિની સહી લેવાનું ન ભૂલશો. એને કહેજો કે ડૉક્ટર ઈઝ માઈન્ડીંગ હીઝ ટુ બિઝનેસ !'

બે કલાક પછી હું ઑપરેશન પતાવીને બહાર નીકળ્યો ત્યારે મારા પગ આગળ એક ખૂંખાર મર્દ ઢગલો બનીને રડી રહ્યો હતો. મેં પગ પાછો ખેંચી લીધો. બે હાથે એને પકડીને ઊભો કર્યો. આપણા મનમાં બીજું કશું જ ન મળે ! માત્ર આપણી દાનત એટલી જ કે કોઈ આપણને શેતાન ધારી લે તો ચલાવી લઈએ, પણ જો માણસમાંથી ભગવાન બનાવવાની કોશિશ કરે તો એ કેમ ચલાવી લેવાય ? સાલું, 'માણસ' હોવાનું પણ કંઈક ગૌરવ જેવું હોય કે નહીં ? – લેખક:અજ્ઞાત

http://suratiundhiyu.wordpress.com/

## સપનાઓને સાર્થક કરવાનો શ્રેષ્ઠ સમય યુવાની જ છે:

બે ભાઇઓ ઓફિસથી થાક્યા પાક્યા ઘેર આવ્યા. ઘરે આવ્યા ત્યારે તેને ખબર પડી કે આજે લીફટ બંધ છે અને એ કોઇપણ સંજોગોમાં ચાલુ થઇ શકે તેમ નથી. એમનો ફ્લેટ 80માં માળ પર આવેલો હતો પણ હવે પગથિયા ચઢવા સિવાય બીજો કોઇ વિકલ્પ નહોતો. એટલે વાતો કરતા કરતા 20 માળ ચઢી ગયા. 20માં માળે પહોંચ્યા પછી વિચાર્યું કે આપણા ખભા પર આ થેલાઓ લઇને ચઢીએ છીએ પણ આ થેલાઓ તો કાલે પાછા લઇ જ જવાના છે તો એ અહિંયા જ છોડી દઇએ.20માં માળ પર થેલા છોડીને એ આગળ વધ્યા ભાર હળવો થવાથી હવે એ સરળતાથી આગળ વધી રહ્યા હતા. 40માં માળ પર પહોંચ્યા પછી થોડો થાક લાગ્યો અને કંટાળ્યા પણ હતા એટલે વાતો કરતા કરતા બંને ઝગડવા લાગ્યા. એક બીજાપર દોષોના ટોપલા ઢોળતા જાય અને દાદરા ચઢતા જાય.60માં માળ પર પહોંચ્યા પછી સમજાયુ કે હવે ક્યાં વધુ ચઢવાનું બાકી છે તો પછી શા માટે ખોટા ઝગડીએ છીએ હવે તો બસ ખાલી 20 દાદરા જ ચઢવાના બાકી છે. બંને ઝગડવાનું બંધ કરીને આગળ વધ્યા અને 80માં માળ પર આવી પહોંચ્યા અને હાશકારો થયો. મોટાભાઇએ નાનાને કહ્યુ,

"ઘર પર તો કોઇ છે જ નહી ચાલ ઘરની ચાવી લાવ." નાનાએ કપાળ પર હાથ દઇને કહ્યુ , " અરે , ચાવી તો 20માં માળ પર રાખેલા થેલામાં જ રહી ગઇ."જીવનમાં પણ કંઇક આવુ જ બને છે પ્રથમ 20 વર્ષ સુધી આપણે માતા-પિતાની અપેક્ષાઓનો બોજો લઇને જ ચાલીએ છીએ. 20 વર્ષ બાદ અપેક્ષાનો બોજો હળવો થતા જ મુકત બનીને જીવીએ કોઇ રોકનાર નહી કોઇ ટોકનાર નહી. 40 વર્ષ પછી સમજાય કે મારે જે કંઇ કરવુ હતુ એ તો થયુ જ નથી એટલે અસંતોષની આગ જીવનને દઝાડે , ઝગડાઓ શરુ થાય. આમ કરતા કરતા 60 વર્ષ પુરા થાય પછી વિચારીએ કે હવે ક્યાં ઝાઝુ ખેંચવાનું છે ખોટી માથાકુટ શું કરવી. જ્યારે 80 વર્ષે પહોંચીએ ત્યારે સમજાય કે મારા 20માં વર્ષે જોયેલા સપનાઓ તો સાર્થક થયા જ નહી. બસ આમ જ જીવન પુરુ થઇ ગયુ.યુવાનીમાં જોયેલા સપનાઓને સાર્થક કરવાનો શ્રેષ્ઠ સમય યુવાની જ છે. 80 વર્ષે જે જોઇતું હોઇ એ મેળવવાની શરુઆત 20માં વર્ષથી જ કરી દેવી.આપ નો દિવસ સુખમય રહે

## આજીવન પગાર-દાન-પ્રફુલ શાહ

કલ્યાણસુંદરમ્‌ને આધુનિક કર્ણ કહીએ કે સવાયા કર્ણ? કોઈ માણસ આટલો નિ:સ્પૃહ કઈ રીતે હોઈ શકે?

'બેસ્ટ લાઈબ્રેરિયન ઑફ ઈન્ડિયા', 'વન ઑફ ધ ટોપ ટેન લાઈબ્રેરિયન્સ ઑફ ધ વર્લ્ડ', 'વન ઑફ ધ નોબલેસ્ટ ઑફ ધ વર્લ્ડ', 'વન ઑફ ધ આઉટસ્ટેન્ડિંગ પીપલ ઑફ ધ ટ્વેન્ટીએથ સેન્ચ્યુરી' અને 'મેન ઑફ ધ મિલેનિયમ'.

આ બધાં દેશ-દુનિયાનાં માન-ઈલકાબ અને એવોર્ડ પણ અનેકગણું ઉમદા કામ છે કલ્યાણસુંદરમ્‌નું. આ પી. કલ્યાણસુંદરમ્‌ની કામગીરી એવી કે વિશ્વભરમાં ક્યાંય એનો જોટો ન મળે. આપણી વચ્ચે, આપણી આસપાસ, આપણા સમાજમાં અને આપણા દેશમાં આવો વીરલો રહે છે, એની ઘણાને જાણ નથી. સ્વાર્થ દેખાદેખી અને લોભથી ભરપૂર સમયમાં આવા વ્યક્તિત્વની હયાતી જ માની ન શકાય છતાં કલ્યાણસુંદરમ્ જેવો હાડમાંસનો માણસ આપણી વચ્ચે છે એ ગર્વની અને ગૌરવની બીના છે. સુપરસ્ટાર રજનીકાંત એટલો બધો પ્રભાવિત થઈ ગયો કે તેમણે કલ્યાણસુંદરમ્‌ને પિતા તરીકે દત્તક લઈને પોતાનું ગૌરવ વધાર્યું.

કલ્યાણસુંદરમ્‌નો પરિચય મેળવવા અગાઉ તેમણે કરેલી 'ન ભૂતો-ન ભવિષ્યતિ' કામગીરી જોઈએ. આ માણસે જીવનભર પોતાનો એક-એક મહિનાનો પગાર દાનમાં આપતો રહ્યો. વારસામાં મળેલી પૈતૃક સંપત્તિ સામાક કલ્યાણ માટે અર્પણ કરી દીધી. નિવૃત્તિના બધા લાભ (પેન્શન, ગ્રેજ્યુઈટી) વગેરેની સો ટકા રકમ દાનમાં આપી દીધી. પગાર અને પેન્શનનું એરિયર્સ તો કહે ડોનેશનમાં ગયું. એકદમ સાદગીસભર અને ઉદાહરણીય જીવન વિતાવતા કલ્યાણસુંદરમ્‌ની આ દાન-સિદ્ધિની વાત

http://suratiundhiyu.wordpress.com/

બહાર આવતા આખી દુનિયા સાનંદાશ્ચર્યમાં ગરકાવ થઈ ગઈ. અમેરિકાની એક સંસ્થાએ કલ્યાણસુંદરમ્‌ને માન-સન્માન સાથે આપ્યા રૂપિયા ૩૦ કરોડ 'પોતાના જીવનની સુખદ પળ' તરીકે આ પૂરેપૂરી રકમ તેમણે સહજપણે દાનમાં આપી દીધી! આખી જિંદગીની પૂરેપૂરી આવક દાનમાં આપી દેનારી વિશ્વની પહેલી અને એક માત્ર વ્યક્તિ છે કલ્યાણસુંદરમ્.

આ વાચીને ઘણાંંને સહજભાવે સવાલ થાય કે તો આ માણસ પોતાનું ગુજરાન ચલાવતો કેવી રીતે હશે? પોતાની થોડીઘણી જરૂરિયાતો પૂરી કરવા આ માણસ નાની-નાની નોકરી કરી લે. લાઈબ્રેરિયનની મોભાદાર નોકરીમાંથી નિવૃત્તિ મેળવ્યા બાદ તેઓ બે ટંકના ભોજન માટે હોટેલમાં વેઈટરની નોકરી કરતા અને એમાંથી મળતો નજીવો પગાર પણ આપી દે દાનમાં. ક્યારેક લોન્ડ્રીમાં કામ કરી લે, કોઈ કામમાં નાનમ કેવી? જે માણસની નસનસમાં દાન, સેવા અને કલ્યાણની ભાવના વહેતી હોય એનું ઘડતર કેવી રીતે થયું હશે? ઉછેરમાં એવું શું મળ્યું કે આવી લગની લાગી ગઈ.

તામિલનાડુના તિરુનેલવેલી જિલ્લાના નાંગુનારી તાલુકાના મેલકાર્વેલંગુલમ ગામમાં ૧૯૫૩ના ઓગષ્ટમાં કલ્યાણસુંદરમ્‌નો જન્મ. ગામ શું ત્રીસેક ઘરનો સમૂહ કહો. ન રસ્તો, ન લાઈટ, ન બસ, ન સ્કૂલ. માચીસ મળે એવી સમ ખાવા પૂરતી એકાદ હાટડી પણ નહીં. એક વર્ષના થયા ત્યાં પિતાજીએ લાઈફમાંથી અંતિમ એક્ઝિટ મારી દીધી. પણ માતાની હાજરી પ્રેરણારૂપ બની. દસ વર્ષની વર્ષની ઉંમર સુધી કેરોસીનના દીવા કે મીણબત્તીના પ્રકાશમાં ભણતર.

સ્કૂલ પૂરી કર્યા બાદ તમિળ ભાષાને મુખ્ય વિષય લઈને બી.એ. કરવાની ઈચ્છા હતી, પરંતુ સેંટ ઝેવિયર્સ કોલેજમાં તમિળ માટે એકમાત્ર વિદ્યાર્થી હોવાથી મેનેજમેન્ટે અન્ય કોઈ પણ વિષય લેવા સમજાવ્યો, પરંતુ ટસના મસ થાય એ બીજા. આ યુવાનની મક્કમતાથી ખુશ થઈને કોલેજના સ્થાપક કુરુમુત્તુ ત્યાગરાજ ચેટ્ટિયારે એક વિદ્યાર્થી માટે કોર્સ ચાલુ રખાવ્યો. આ સાથે કલ્યાણસુંદરમ્‌નો બધો શૈક્ષણિક ખર્ચ ચેટ્ટિયારે જ ઉપાડી લીધો, જે ઉપકાર દાનવીર આજ સુધી ભૂલ્યા નથી. પછી મદ્રાસ યુનિવર્સિટીમાં લાઈબ્રેરી સાયન્સનો અભ્યાસ કરતી વખતે જીવનમાં નવો વળાંક આવ્યો. ભારત-ચીન યુદ્ધ શરૂ થતા વડા પ્રધાન જવાહરલાલ નહેરુએ રેડિયો પર અપીલ કરી કે ડિફેન્સ ફંડમાં ફાળો આપો. આ સાંભળીને કલ્યાણ સુંદરમ્ તાત્કાલિક મુખ્ય પ્રધાન કામરાજ પાસે પહોંચી ગયા અને પોતાની સોનાની ચેન આપી દીધી. આવું દાન કરનાર એકમાત્ર વિદ્યાર્થીનું પછી કામરાજે સન્માન સુધ્ધાં કર્યું. પછી 'આનંદ વિકટન' નામના અખબારના તંત્રી બાલા સુબ્રમણ્યમે સંભળાવી દીધું કે તું પોતે કમાઈને દાન કરે એ દિવસે હું તારા વિશે લખીશ. કલ્યાણસુંદરમ્ બોલ્યા કંઈ નહીં, પણ આ પડકાર એવો ઝીલી લીધો કે ન પૂછો વાત.

http://suratiundhiyu.wordpress.com/

સાહિત્ય અને ઈતિહાસમાં એમ.એ.નો અભ્યાસ પૂરો કર્યા બાદ કલ્યાણસુંદરમ્‌ને તુતીકોરીનની કુમારકરુપા આર્ટ્સ કોલેજમાં નોકરી મળી, જ્યાં ૩૫ વર્ષ વિતાવ્યાં. પહેલા પગારથી શરૂઆત કરી પૂરી રકમ દાનમાં આપવાની. ગરીબોનાં બાળકો અને અનાથોની સેવા માટે દાન આપવાનું શક્ય બને માટે ક્યારેય ન પરણવાની મનમાં ગાંઠ વાળી લીધી. ગરીબ હોવાની લાગણી અનુભવવા માટે ફૂટપાથ પર અને પ્લેટફોર્મ પર સૂઈ રહે. એક વાર તો એમના કેટલાક વિદ્યાર્થી દોડતા આવીને એમને કહે: સર, અસલ તમારા જેવા માણસને અમે પ્લેટફોર્મ પર ઊંઘતા જોયો.

૧૯૯૮માં નિવૃત્તિ બાદ કલ્યાણસુંદરમ્ પોતાની સેવાનું ફલક વધારવાનું વિચાર્યું. આમાંથી જન્મ લીધો 'પાલમ' નામની સંસ્થાએ. આ સંગઠન દાતા અને લાભાર્થી વચ્ચેનો સેતુ છે. આ માણસ પોતાના મૃદુ અવાજમાં મદદ માટે અપીલ કરે ત્યારે સચ્ચાઈનો રણકો અનુભવાય અને કોઈને એમ ન લાગે કે આ પાછો ફાળો ઉઘરાવનારો ક્યાં આવ્યો? આ સંસ્થા માત્ર નાણાકીય મદદ ન માગે, શિક્ષણથી લઈને સારવારની મદદ, વૃદ્ધોને સહાય અને માંદા-અપંગને સાથ. બધાની મદદ મેળવાય. એટલે વાર્ષિક સભ્યપદ માત્ર એક રૂપિયો. મહારાષ્ટ્ર-ગુજરાતમાં ભૂકંપ હોય કે તામિલનાડુ-ઓરિસ્સા-આંધ્રમાં વાવાઝોડા હોય, કાયમ 'પાલમ' મદદે પહોંચે જ. લાઈબ્રેરી સાયન્સના આ ગોલ્ડમેડાલિસ્ટને બાળકો માટેની યુનિવર્સિટી શરૂ કરવી છે અને દેશભરમાં ડિજિટલ લાઈબ્રેરીનું નેટવર્ક શરૂ કરવું છે.

જીવતેજીવ જીવનભર દાન કરીને સંતોષ ન થયો હોય એમ મરણ બાદ શરીર-દાન કરનારા કલ્યાણ સુંદરમ્ કહે છે: પૃથ્વી પરથી જતી વખતે આપણે સાથે લઈ શું જવાના છીએ?

કલ્યાણસુંદરમ્‌ની વાતો

•આપણે કોઈને કોઈ રીતે સમાજને કંઈ આપીએ નહીં ત્યાં સુધી (સમાજથી) ટકી ન શકાય. હું દૃઢપણે માનું છું કે એકાદ માણસ પણ સામાજિક કાર્યમાં યોગદાન આપશે, તો થોડું ઘણું પરિવર્તન આવશે જ.

•દરેકે પોતાના પસંદગીના ક્ષેત્રમાં કંઈક સિદ્ધિ મેળવવી જ જોઈએ.

•મારે કૉલેજમાં સાદગી અને ગાંધીજીના વિચારો વિશે બોલવાનું હતું, પરંતુ મેં તો મોંઘા કપડા પહેર્યા હતા. એ જ ઘડીએ મેં કાયમ ખાદી પહેરવાની મનોમન ગાંઠ વાળી લીધી.

•મારે ઘરેથી ૧૦ કિ.મી. ચાલીને સ્કૂલે આવવું અને જવું પડતું હતું, જે ખૂબ એકાકી-કંટાળાજનક અનુભવ હતો. આથી અવરજવરમાં મજા આવે એટલે મેં વધુ બાળકોને શાળાએ જવાનું સમજાવવા માંડ્યું.

http://suratiundhiyu.wordpress.com/

## જીવનમાં સુખી થવા ઈચ્છાઓ અલ્પ પ્રમાણમાં રાખવી જોઈએ:

એક યુવકે તેની પ્રેમિકા સાથે ખૂબ જ ભવ્ય રીતે લગ્ન કર્યા. ઘણા બધા સગાં તથા મિત્રો તેમના લગ્ન માણવા આવ્યા હતા. વર અને કન્યા તેમના લગ્ન પોશાકમાં ખૂબ જ સુંદર લાગતાં હતા. દરેક જણ તેમણે જોઈને કહી શકતું હતું કે તેમનો પ્રેમ સાચો છે.

થોડાક મહિનાઓ બાદ, પત્ની એના પતિ સમક્ષ એક પ્રસ્તાવ લઈને આવી -

"મેં થોડાક સમય પહેલા એક મેગેઝિનમાં વાચ્યું કે આપણે લગ્નજીવન કેવી રીતે મજબૂત કરી શકીએ."

પત્નીએ કહ્યું, " આપણે બંને એક બીજા પ્રત્યેની અણગમતી ટેવોની યાદી બનાવીશું, ત્યારબાદ આપણે સાથે મળીને એ કુટેવોને સુધારવાનો પ્રયાસ કરીશું જેથી આપણું લગ્ન જીવન વધુ સારી રીતે જીવી શકીએ."

પતિએ વાત માની અને બંને જણા ઘરના અલગ અલગ રૂમમાં જઇ યાદી બનાવવા લાગ્યા. તેઓ બાકીનો પૂરો દિવસ તેના પર વિચાર કરીને કાગળમાં લખવા લાગ્યા.

બીજી સવારે બંને નાસ્તો કરતી વખતે નક્કી કર્યું કે હવે આપણે બંનની યાદી જોઈએ. પત્નીએ કહ્યું કે પહેલા તેણીએ બનાવેલી યાદી વાંચશે. ખરેખરમાં તેણીએ બનાવેલ યાદી પૂરા ત્રણ પાનાઓથી ભરાઈ ગઈ હતી.

જેવું તેણે યાદી વાંચવાનું શરૂ કર્યું કે તેનું ધ્યાન ગયું કે તેના પતિની આંખમાંથી આંસુ નીકળતા હતા. એટલે તેણે પૂછ્યું કે "શું થયું". એમાં એના પતિએ જવાબ આપ્યો કે "કઈ નથી થયું, તું વાંચવાનું ચાલુ રાખ " એટલે પત્નીએ પતિના કહ્યા મુજબ વાંચવાનું આગળ વધારી ત્રણેય પાનાં વાંચી નાખ્યા અને યાદી ટેબલ પર મૂકી દીધી.

"હવે તમે તમારી બનાવેલી યાદી વાંચો અને પછી આપણે એના પર ચર્ચા કરીશું", પત્નીએ ખુશ થઈને કહ્યું.

પતિએ એકદમ શાંત થઈને કહ્યું, " મારી યાદીમાં કશું જ નથી. મને લાગે છે કે તું જેવી છે તેવી જ મારા માટે પરફેક્ટ છે. મને મારા માટે કરીને તારી કોઈ ટેવ બદલાવી નથી. તું ખૂબ જ પ્રેમાળ અને સુંદર છો તો શા માટે હું તને મારા ખાતર બદલું ?"

પત્ની તેના પતિની પ્રમાણિકતાથી ખૂબ જ લાગણીશીલ થઈ ગઈ અને પતિના તેના પ્રત્યેના ખૂબ જ ઊંડા પ્રેમ તથા તેનું સ્વીકારવાની ભાવના જોઈ ખૂબ જ રડવા લાગી.

યાદ રાખો મિત્રો :

કોઈ જ પરફેક્ટ નથી હોતું પણ આપણે તેમને જે રીતે જોવા માગીએ છીએ એ રીતેની પરફેક્ટનેસ તેમનામાં શોધવી પડે છે. મિત્રો, આપણને જેટલું મળ્યું છે તેમાં સંતોષ માની લેવો જોઈએ. આપણે

http://suratundhiyu.wordpress.com/

જેટલી આશાઓ વધારે રાખીશું એટલા જ આપણે વધારે દુ:ખી થઈશું. માટે જીવનમાં સુખી થવા ઈચ્છાઓ અલ્પ પ્રમાણમાં રાખવી જોઈએ.

## અધૂરપ .......

ભારતના એક અંતરિયાળ આદિવાસી ગામડાની કથા છે. એક સ્ત્રી હરરોજ સવારે પાણી ભરવા ખભે કાવડ ઉઠાવી ઘરથી તળાવ સુધી જતી. ખભે મૂકેલી કાવડના છેડે બે મટકાં લટકતાં. બેમાંથી એક માટલું સારું હતું પણ બીજામાં કાણાં પડી ગયેલાં. તળાવથી ઘર સુધીના લાંબા માર્ગે પાછા ફરતા સુધીમાં પાક્કા માટલામાં તો બધું પાણી જળવાઈ રહેતું પણ બીજા ફૂટેલા માટલામાંથી ઘણુંખરું પાણી વહી જવા પામતું. બનવાજોગ છે કે ગરીબીને કારણે કાણિયું માટલું બદલી નાખવા જેવી સ્થિતિ કદાચ એ સ્ત્રીની નહીં હોય.લગાતાર બે વર્ષ સુધી આ જ રીતે ચાલતું રહ્યું. આકરી મહેનત છતાં, પાણીનું એક પુરું માટલું અને બીજું માંડ અરધું રહી જતું માટલું – આમ રોજ દોઢ માટલું પાણી લઈને એ સ્ત્રી ઘરે પાછી ફરતી. વખત જતાં સારા માટલાના મનમાં અભિમાન આવી ગયું ! તે પોતાનામાં પૂરેપુરું પાણી અકબંધ જાળવી શક્તું હતું, જ્યારે તેની સામે કાણિયું માટલું ભારે શરમ અને હતાશામાં ડૂબી ગયું. તેનું અરધોઅરધ પાણી ફોકટ વહી જતું હતું. એક સારા માટલા તરીકેની ફરજ બજાવવામાં તે નિષ્ફળ નીવડયું હતું અને એ વાતનો તેને ભારે અફસોસ હતો.બે વર્ષ બાદ, પોતાની અધૂરપો અને નાકામયાબીથી પરેશાન થઈ ગયેલ આ કાણિયા માટલાએ એક વાર પેલી સ્ત્રીને કહ્યું, ‘મને માફ કરો, મને મારી જાત માટે શરમ લાગે છે. હું શું કરું ? મારામાં રહેલ અનેક છિદ્રોને કારણે ઘરે પહોંચતા સુધીમાં મારામાનું મોટા ભાગનું પાણી વહી જાય છે અને તારી બધી મહેનત નકામી જાય છે. પેલી સ્ત્રીએ હળવું સ્મિત આપતાં કહ્યું, ‘કદાચ તારું ધ્યાન ગયેલું લાગતું નથી કે તું જે દિશા પર છે ત્યાં આખાય રસ્તા પર રંગબેરંગી ફૂલો ઊગી નીકળ્યાં છે. જયારે બીજી બાજુ જો, ત્યાં કશું જ નથી ! મને પહેલેથી જ તારી અધૂરપની જાણ હતી અને એટલે જ તારી દિશાએ પડતા આખાય માર્ગ પર મેં ફૂલોનાં બીજ વાવી દીધેલાં. ઘરે પાછા ફરતી વખતે આ ફૂલોને પાણી કોણ પાતું હતું ! તું જ, તારે કારણે જ તેમને પોષણ મળતું હતું ! છેલ્લાં બે વર્ષથી મારા પ્રભુની પૂજાઅર્ચના કરવા તેમજ ઘરને સજાવવા આ જ ફૂલો ચૂંટીને હું લઈ જઉં છું.હાલમાં તું જેવું છે તેવું જો ન હોત તો મારા ઠાકરોજીને હું કઈ રીતે શરણાગત ? મારા ઘરનું સુશોભન કઈ રીતે કરત ? ધ્યાનથી સાંભળ, આપણા દરેકમાં કોઈ ને કોઈ પ્રકારની અધૂરપ રહેલી છે. પરંતુ જીવનને રસપ્રદ અને ફળદાયી બનાવવામાં આ જ આપણી અધૂરપો અને કચાશો મોટો ભાગ ભજવે છે. આ હકીકત આપણે જાણતા નથી અને શરમના માર્યા રોકકળ કરીએ છીએ. આપણે પ્રત્યેકને તે જે છે એ જ સ્વરૂપમાં સ્વીકારવા જોઈએ. તેનામાં કઈ વિષેશતા કે સારાપણું છે તે ખોળી કાઢી તેનો લાભ

http://suratiundhiyu.wordpress.com/

ઉઠાવતાં શીખવું જોઈએ.'આ સુંદર મજાની રૂપકથાનો સાર આટલો જ છે : 'જગતનાં તમામ વહાલાં કાણિયાં માટલાંઓ ! જીવનમાં આશાવાદી બનો અને તમારા માર્ગમાં ખીલેલાં ફૂલોની સુંગધને માણો !'જ્ઞાનીમાં જ્ઞાની ગણાતો માણસ પણ બધી જ બાબતોમાં પૂર્ણ નથી હોતો, પછી સામાન્ય માણસોનું તો શું ગજું ? કોઈ શરીરે વિકલાંગ હોય તો કોઈ ભણવામાં નબળો હોય; કોઈ સ્વભાવે ઉગ્ર હોય તો કોઈ મનથી ઢીલો હોય; કોઈ રમતગમતમાં આગળ હોય તો કોઈ કળામાં કૌશલ્ય ધરાવતો હોય; કોઈક ટેકનિકલી ધારદાર હોય તો કોઈ કલ્પનાશીલ હોય ! કદાચ કોઈક અપવાદ નીકળે, બાકી સામાન્યત : દરેક વ્યક્તિ દરેક બાબતમાં નિષ્ણાત હોય એ લગભગ કયાંય જોવા નથી મળતું. બીજું, એક વ્યક્તિ એક બાબતમાં નિષ્ણાત હોય એટલે તે સંપૂર્ણ જ હોય તેવું પણ નથી. કોઈ ને કોઈ ભૂલ તો તે એમ છતાંય કરી જ બેસતો હોય છે. એટલે જ કહેવાય છે કે 'માણસ માત્ર અધૂરા.' યંત્ર ભૂલ ન કરે પણ માણસ તો ભૂલ કરે. કારણ માણસ પાસે મન છે જે યંત્ર પાસે નથી. મન અનેકાનેક વિચારો સંઘરીને બેઠું છે. આ વિચારો કસમયે આવી પડીને માણસને ઊંધે રસ્તે ભટકાવી શકે છે. જયારે યંત્ર પાસે માણસે નિર્ધારિત કરી આપેલ કાર્ય સિવાય કશું નથી. વળી યંત્ર પાસે વિચાર નહીં હોવાથી ભટકી જવાનો કે ભૂલ કરી બેસવાનો પણ સવાલ જ નથી !

## મા તે મા બીજા બધા વગડાના વા

ધરતી ઉપર આપણી સૌ પ્રથમ સીટને સેટ કરનાર મધર્સ ડે હમણાં જ ગયો. લોકોને માની વાત બાબતે બહુ સેન્ટિમેન્ટલ થઈ જતા જોયા ત્યારે મને થયું આનંદના ખજાના જેવી માની વાતોમાંથી આ ફન કેમ બાયપાસ થઈ ગ્યુ હશે!

મા એ શબ્દ નથી તીર્થ છે. મા એ નજરે ભાળેલો ઈશ્વર છે. કરુણાનો દરિયો અને મમતાનું ઝાડ છે. અમારા ગોંડલમાં તો એક જણાએ રિક્ષા વાંહે લખાવ્યું કે, 'મા તારા આશીર્વાદ!' મેં પૂછયું, તો રિક્ષાવાળાએ માતૃભક્તિને બદલે રોન કાઢી કે સાહેબ, માનાં ઘરેણાં વેચીને જ રિક્ષા લીધી છે. આ લે લે!

મા કોઈ વ્યક્તિ નથી, પરંતુ પ્રકૃતિ છે. મા પોતે તૂટી જાય છે પણ એનાં સંતાનોને તૂટવા દેતી નથી. રાતે અગિયાર વાગ્યે દીકરો ઘરે આવ્યો ન હોય એટલે મા જાગતી જ હોય કે મારા ગગાએ કાંઈ ખાધું નહીં હોય. એન્ડ વેલ, બાપા પણ જાગતા હોય પણ લાકડી હાથવગી કરી, કે આવે તો બે ફટકારું. રાતે દીકરો ઘરે આવે એટલે મા મોઢું જોવે અને બાપ મોઢુ સૂંઘે કાં તો મોબાઇલ ચેક કરે કે ક્યાંક આ તીન પત્તી ના કે રમના કે 'રમી'ના રવાડે નથી ચડી ગ્યોને.

તમે 'મા' બોલશો એટલે મોઢું ખૂલી જશે અને 'બાપ' બોલશો તો મોઢું બંધ થઈ જાશે, કારણ કે બાપ દીકરાને ખભો આપે છે જ્યારે મા દીકરાને ખોળો આપે છે. બાપ દીકરાને ગાદી આપે છે અને મા દીકરાને ગોદ આપે છે, પણ એટલું યાદ રાખજો, દુનિયાની કોઈ પણ ગાદી ઉપર હુમલો થાય ગોદ

http://suratiundhiyu.wordpress.com/

ઉપર હુમલો ન થાય, કારણ માએ એમાં મમતાનો પાલવ ઢાંક્યો હોય છે. માનો પાલવ ઝેડ પ્લસ સિક્યુરિટી કરતાં વધુ સલામત અને સુરક્ષિત હોય છે. એટલા માટે જ તો માના લગભગ બેહણાં ડુંગરા માથે હોય છે. દા.ત. ચોટીલા, પાવાગઢ, અંબાજી, વૈષ્ણોદેવી વગેરે, જ્યારે બાપુજી લગભગ પલાંઠી વાળીને અંડરગ્રાઉન્ડ બેઠા હોય છે. દા.ત. ગુપ્તેશ્વર મહાદેવ,પાતાળેશ્વર મહાદેવ વગેરે. કારણ બાપાને ભરોસો જ હોય છે કે છોકરો સાવ સલવાશે ત્યારે જ એની પાંહે આવશે. આમે'ય તમે ચકાસો તો નાની-નાની તકલીફો વખતે આપણાં મોંમાંથી 'ઓય મા' શબ્દ નીકળી જાય છે, પણ ફોર વ્હિલ ગાડી ડ્રાઇવ કરતાં કરતાં સામે અચાનક ટ્રક ઊતરે અને મોત ભાળી જાય ત્યારે 'ઓય બાપ રે' શબ્દ જ નીકળે હોં!

માના પાત્રને સમાજે અને સાહિત્ય જગતે સદાય વિહ્વળ, લાચાર અને રડતી જ ચીતરી છે. જેનાથી હું પર્સનલી થોડો અસહમત છું, કારણ કે મારી મા મારા માટે બેસ્ટ ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઇડ છે.

મારામાં જે કાંઈ થોડું ઘણું સેન્સ ઓફ હ્યુમર છે એ મારી જનેતાની બક્ષિસ છે. માના કેરેક્ટરને આપણે ખૂબ ગંભીર બનાવી દીધું છે. મા થોડી હળવી ફૂલ પણ હોઈ શકે. આટલું સિદ્ધ કરવા જ મારી વાત આ લેખ દ્વારા શેર કરી રહ્યો છું.

મારી મમ્મી સરોજબહેન મારા સેટાયરનો પ્રેરણાસ્ત્રોત છે. હું ડાયરાના કાર્યક્રમમાં જાતો હોઉં ત્યારે હળવી ફૂલ સલાહ કાયમ આપે કે, "બેટા, તારે બહુ તૂટી ન મરવું, આયોજકોએ પહેલી વાર ડાયરો કર્યો હોય, આપણે તો રોજનું થ્યું!" વળી ક્યારેક પ્રોગ્રામમાંથી થાકીને હજી તો ઘરમાં પગ મૂકું ત્યાં મારી મમ્મી એના આગવા મિજાજમાં એના હાથે બનાવેલા ગીતની કડી ગાઈને મને પૂછે કે, "ખંભે કાળી શાલ, લાંબો ઝભ્ભો, માથે ટાલ, બેટા બોલો, કહાં ગયે થે?" માના ટેરવામાં સંતોનોનો ભવોભવનો થાક ઉતારવાની તાકાત હોય છે.

ઘણી વાર કોઈ અજાણ્યા મહેમાન કે ચાહકમિત્ર ઘરે આવીને દરવાજામાં ડોકું કાઢીને પૂછે કે, "સાંઈરામ દવે છે?" એટલે ફળિયામાં ગઈઢા ગુવારમાંથી જુવાન ગુવારને છૂટી પાડતી મારી મમ્મી હસતાં હસતાં કહે કે, "સાંઈરામ નથી પણ ઈ ઘર સાથે નથી લઈ ગ્યો તમે અંદર તો આવો!" પેલો ચાહક પરિવાર ઘરમાં એન્ટર થાય એટલે મમ્મી પૂછે તમે કોણ? ચટ્ટાપટ્ટાવાળા બરમૂડા અને લાલ-પીળાં ટી-શર્ટમાં સજ્જ કોઈ ગ્દ.ઇ.ૈં. ફેમિલી વળી મમ્મીને સામો જવાબ વાળે કે, "અમે સાંઈરામના ફેન છીએ." આ સાંભળી મમ્મી ફળિયામાં જ એને સેટાયરથી પોંખી લ્યે કે, "હા, ઈ તો બધું સાચું, પણ ટેબલ ફેન છો કે સીલિંગ ફેન? પધારો!" વળી વધુ પડતા ચોખલા મહેમાન ચા કે ઠંડું પીવાની ના પાડે તો મમ્મી વીટો પાવર વાપરીને રસોડામાં દહીં દ્યે કે વવબેટા, ચા બને ત્યાં

http://suratiundhiyu.wordpress.com/

સુધીમાં ઠંડું લાવજો." આમ, હું ઘરમાં ન હોઉં તો મારી ખામી પૂરી દ્યે આવી લાઇટવેઇટમાં પણ હોઈ શકે. જોકે, આપણને સૌને નિરાધાર અને દુઃખી માની વાર્તાઓની જ ટેવ પડી છે એટલે કદાચ આવી સદાય હસતી હસાવતી માતૃશક્તિઓની કથા કોઈએ લખી પણ નથી કે કદાચ આપણે સ્વીકારી પણ નથી.

ધોમ વરસાદમાં છોકરો પલળીને ઘરમાં આવે એટલે પપ્પા ખિજાય કે ભાન નોતી પડતી? બહેન કહે કે ભાઈ છત્રી લઈને જવાય, ભાઈ કહે કે છાપરાં હેઠે ઊભા રહી જવાય, પણ મા તો એના બાળકને ગોદીમાં લઈને એટલું જ કહે કે હદ્દ, નફ્ફટ વરસાદે મારા દીકરાને ભીંજવી નાખ્યો! આનું નામ મા! મારી મા મારા માટે માતા નથી નિર્માતા છે અને તમારા માટે? ને હા, આવતા ભવે જો આ મા ન મળવાની હોય તો આપણે અવતાર જ નથી જોતો બોસ!!! – સાંઈરામ

## ભગવાનમાં આસ્થા રાખનારને ભગવાન નિરાશ નથી કરતો

એક ડૉક્ટર એક વખત એમના ઘરથી ખૂબ દૂર આવેલા એક શહેરમાં જઈ રહ્યા હતા. એમનું નામ હતું ડૉક્ટર એહમદ. એ એક મેડિકલ કૉંફરંસમાં હાજરી આપવા માટે જઈ રહ્યા હતા. આ એક એવી કૉંફરંસહતી જેના માટે ડૉ. એહમદ ખૂબ જ ઉત્સુક હતા. એમણે રોગોની સારવાર અંગે કરેલી એક ખૂબ જ અગત્યની શોધ માટે એમને એમાં એવોર્ડ મળવાનો હતો.છેલ્લા ઘણાં વરસોથી એમણે દિવસરાત જોયા વગર સંશોધનનું કામ કર્યું હતું. એ બધી મહેનત આખરે ફળી હતી અને એના ફળસ્વરૂપે તેઓ એ એવોર્ડના હકદાર બન્યા હતા. ડોક્ટરને મનોમન ભારે રોમાંચ થઈ રહ્યો હતો. ક્યારે એ શહેરમાં પહોંચી જવાય એની તાલાવેલી એમના ચહેરા પર સ્પષ્ટ વાંચી શકાતી હતી. પ્લેનમાં બેસી ગયા પછી પણ એ વારંવાર પોતાની ઘડિયાળ સામે જોઈ લેતા હતા. થોડી થોડીવારે એમનું મન કૉંફરંસના વિચારોમાંજ લાગી જતું હતું. 'બસ ! હવે ફક્તબે જ કલાક ! અને પછી ત્યાં!' એવો વિચાર પણ એમના મનમાં ઝબકી જતો હતો.પરંતુ એ જ વખતે અચાનક જ વિમાનના પાઇલટે જાહેરાત કરી કે વિમાનના એંજિનમાં ગંભીર તકલીફ ઊભી થવાના કારણે એમણે નજીકના કોઈપણ એરપોર્ટ પર તાત્કાલિક ઉતરાણ કરવું પડશે ! ડૉક્ટરના મનમાં ફાળ પડી. સમયસરકૉંફરંસમાં નહીં પહોંચી શકાય એવી ચિંતા પણ એમને થઈ આવી. પરંતુ આવા આકસ્મિક સંજોગોમાં વિમાને ઉતરાણ કરવું જ પડે એમ હતું. ડૉ. એહમદ મનમાં ને મનમાં મૂંઝાવા લાગ્યા. જેવું વિમાને નજીકના એક નાના એરપોર્ટ પર ઉતરાણ કર્યું કે તરત જ ડૉક્ટર દોડતાં હેલ્પડેસ્ક પર પહોંચ્યા.ત્યાં મદદ માટે ઊભેલી સ્ત્રીને પોતાની પરિસ્થિતિ સમજાવી. જેટલું બને તેટલું ઝડપથી પોતાને કૉંફરંસમાં પહોંચવું પડે તેવું છે એ પણ કહ્યું. પોતાને ત્યાં પહોંચવા માટેની સૌથી પહેલી

http://suratundhiyu.wordpress.com/

ફ્લાઈટમાં બુકિંગ કરી આપવાની એમણે વિનંતી કરી. એકાદ બે કલાકમાં જ કોઈ ફ્લાઈટ હોય તો વધારે સારુંએવું ભાર દઈને જણાવ્યું. 'માફ કરજો સર !' પેલી સ્ત્રીએ કહ્યું,'તમારે જ્યાં પહોંચવાનું છે એ શહેર તરફ જવા માટે આવતા દસ કલાક સુધી અહીંથી બીજી કોઈ પણ ફ્લાઈટ નથી. પરંતુ તમને વાંધો ન હોય તો હું એક સૂચન કરું. એરપોર્ટની બહારથી જ કાર ભાડે મળે છે. જો તમારી પાસે ડ્રાઇવિંગ લાઇસંસ હોય તો આરામથી ચારેક કલાકમાં તમે ત્યાં પહોંચી શકો છો.
ટેક્સી કરતા એ ઘણું સસ્તું પણ પડશે અને મારા માનવા પ્રમાણે તમારા માટે એ એક ખૂબ સારો વિકલ્પ છે !'ડોક્ટર એહમદને એ સૂચન ખૂબ ઉપયોગી લાગ્યું.
એમના માટે આમેય હવે બહુ વિકલ્પ બચ્યા જ નહોતા. એમણે એક કાર ભાડે કરી લીધી. આમ તો લૉંગ ડ્રાઇવનો એમને ખૂબ કંટાળો આવતો પરંતુ એ દિવસે એમ કર્યા વિના છૂટકો પણ નહોતો. એમના મનમાં ફરીથી એક વખત કૉન્ફરંસના વિચારો શરૂ થઈ ગયા. થોડીક ક્ષણો માટે દબાઈ ગયેલો એ રોમાંચ ફરીથી જાગૃત થઈ ગયો. લાંબા અંતરના ડ્રાઇવિંગ માટેનો કંટાળો ખંખેરીને ડૉક્ટરે કાર મારી મૂકી. પરંતુ એ દિવસે કુદરત પણ જાણે કે ડૉક્ટરની વિરુદ્ધમાં બરાબરનો જંગ માંડીને બેઠી હોય એવું લાગતું હતું.ડૉક્ટરે હજુ તો માંડ સોએક કિલોમિટર જ કાપ્યા હશે ત્યાં જવાતાવરણમાં ભયંકર પલટો આવવાનું શરૂ થઈ ગયું. થોડીવારમાં જ અનરાધાર વરસાદ વરસ્વા માંડ્યો. એ વરસાદમાં વચ્ચે વચ્ચે બરફના કરા પણ પડતાહતા. ડૉક્ટરને કાર ચલાવવામાં મુશ્કેલી પડવા માંડી. આગળ રસ્તો જોવામાં પણ તકલીફ પડતી હતી. આગળના કાચમાં જામતું પોતાના જ ઉચ્છવાસની વરાળનું પડ એ મુશ્કેલીમાં ઓર વધારો કરતું હતું. વરસાદ ઓછો થવાને બદલે દરેક ક્ષણે વધારે ને વધારે રૌદ્ર સ્વરૂપ પકડતો જતો હતો. આટલો બધો ભયંકર વરસાદ, ધૂંધળો રસ્તો અને અજાણ્યો પ્રદેશ ! એ બધાને કારણે ડૉક્ટર એહમદ રસ્તો ભૂલી ગયા. એક જગ્યાએ જ્યાં વળવાનું હતું એ ટર્નનું સાઇન બોર્ડ એમને દેખાયું જ નહીં ! વળવાને બદલે એ આગળ નીકળી ગયા.બીજા ત્રણેક કલાક ડ્રાઇવ કર્યા પછી વરસાદ તો ઓછો થયો પરંતુ ડૉક્ટરને શંકા ગઈ કે પોતે રસ્તો ભૂલી ગયા છે. પરંતુ હવે એ રસ્તે પાછા ફરતાં પહેલા થોડા આરામની તેમજ પેટમાં કંઈક નાખવાની જરૂરિયાત પણ ઊભી થઈ ગઈહતી. એ રસ્તો એવો નિર્જન હતો કેરસ્તાની બાજુમાં કોઈ ધાબા કે રેસ્ટોરંટ પણ દેખાતાં નહોતા. કોઈ ગામ જો દેખાય જાય તો એના કોઈ રહેવાસીનું માર્ગદર્શન મેળવી શકાય એ આશાએ ડૉક્ટર કાર ચલાવ્યે જતા હતા. ઘણા વખત સુધી કોઈ ગામ દેખાયું નહીં.હવે એમને બરાબરનો થાક લાગ્યો હતો.
હવે તો કૉંફરંસના વિચારો પણ બંધ થઈ ગયા હતા અને ત્યાં પહોંચવાની એમની ઉત્સુકતા પણ મરી પરવારી હતી. બસ, હવે તો એકાદ ગામ દેખાઈ જાય તો ઊભા રહી જવું એ એક જ વિચાર એમને આવતો હતો. અચાનક રસ્તાની બાજુમાં આવેલા એક જર્જરિત મકાન પર એમનું ધ્યાન

http://suratiundhiyu.wordpress.com/

પડ્યું. દૂર ગામ પણ દેખાતું હતું. પરંતુ ડૉક્ટરએટલા થાક્યા હતા કે એ ઘર નજરે પડતાં જ એમનાથી બ્રેક લાગી ગઈ. કારમાંથી ઊતરીને એમણે એ ઘરનો દરવાજો ખખડાવ્યો. એક વૃદ્ધ સ્ત્રીએ દરવાજો ખોલ્યો. દરવાજો અધૂકડો રાખીને એણે આ માણસ કોણ છે, ક્યાંથી આવે છે, શું કામથી આવે છે, એવું બધું પૂછ્યું.ડૉક્ટર એહમદે પોતે રસ્તો ભૂલી ગયા છે એ કહ્યું. ઘણા કલાકના ડ્રાઇવિંગથી પોતે ખૂબ જ થાક્યા છે એ પણ જણાવ્યું. ઘરમાં જો ટેલીફોન હોય તો પોતે ઉપયોગ કરવા માંગે છે એવું પણ કહ્યું. પોતાના ઘરમાં ટેલીફોન નથી તેમજ છેલ્લા 24 કલાકથી લાઇટ પણ નથી એવું જણાવીને એ સ્ત્રીએ ઘરનો દરવાજો ખોલી નાખ્યો. પછી કહ્યું, ‘જો ભાઈ ! તમારે ઉતાવળ ન હોય તો તમે ઘડીક અંદર આવી શકો છો અને વાંધો ન હોય તો મારે ત્યાં થોડુંક ખાઈને પછી આગળ વધજો ! તમારો ચહેરો જોતાં તમે ખૂબ જ થાક્યા હો એવું લાગે છે !’ડૉક્ટર એહમદે બે ક્ષણ વિચાર કર્યો. થાક અને ભૂખ તો લાગ્યાં જ હતાં. ઉપરાંત એ અજાણ્યા પ્રદેશમાં રસ્તો શોધવામાં અને મૂળ રસ્તે ફરીથી ચડવામાં કેટલો સમય લાગે એ પણ નક્કી નહોતું. એમણે એ વૃદ્ધ સ્ત્રીનોપ્રસ્તાવ સ્વીકારી લીધો. હાથ-મોં ધોઈને ડૉક્ટર ડાઇનિંગ ટબલ પર નાસ્તાને ન્યાય આપવા બેઠા. આટલા થાક પછી ગરમ નાસ્તો અને ચા મળવાથી એમને ઘણું સારુંલાગતું હતું.‘ભાઈ ! તમને વાંધો ન હોય તો હું પ્રાર્થના કરી લઉં ? મારી પ્રાર્થનાનો સમય થઈ ગયો છે !’ પેલી સ્ત્રીએ કહ્યું. ડૉક્ટરે હકારમાં માથું હલાવ્યું. ચાની ચૂસકી લેતાં લેતાં મીણબત્તીનાઝાંખા અજવાળામાં ડૉક્ટરે જોયું કે પેલી સ્ત્રી એક ઘોડિયાની બાજુમાં બેસીને પ્રાર્થના કરી રહી હતી. નવાઈની વાત એ હતી કે એકવાર પ્રાર્થના પૂરી થાય પછી એ સ્ત્રી ઊભી થવાને બદલે ફરીથી પ્રાર્થના શરૂ કરી દેતી હતી. વચ્ચે વચ્ચે એ ઘોડિયા સામે જોઈ લેતી હતી અને ક્યારેક તો પોતાનાં આંસુ પણ લૂછી લેતી હતી.ડૉક્ટરને થયું કે નક્કી આ સ્ત્રી કાંઈક તકલીફમાં છે. એનાં આંસુ કહી રહ્યાં હતાં કે તકલીફ સાદી નહીં પણ ગંભીર છે. કદાચ એને કોઈ મદદની જરૂર હોય અને પોતે ક્યાંય મદદરૂપ થઈ શકેતેમ હોય તો પોતે એ માટે તૈયાર છે એવું જણાવવા એણે કહ્યું, ‘બહેન ! જો તમને વાંધો ન હોય અને મારા જેવા અજાણ્યાને કહી શકતા હો તો હું તમારા દુ:ખ વિશે સાંભળવા અને બને તો મદદરૂપ થવા તૈયાર છું. હું જોઈ રહ્યો છું કે તમે કાંઈક મોટી તકલીફમાં લાગો છો.’પેલી સ્ત્રીએ થોડીવાર ડૉક્ટર સામે જોયું. પછી કહ્યું, ‘ભાઈ ! ઉપરવાળો મારી ઘણી પ્રાર્થનાઓ સાંભળે છે, પરંતુ ખબર નહીં આ વખતે મારી પ્રાર્થનામાં એવી તે કઈ ખામી રહી ગઈ છે કે બસ, એક પ્રાર્થનાનો નથી તો એ જવાબ આપતો કે નથી કાંઈ રસ્તો બતાવતો. કદાચ મારી શ્રદ્ધામાં કાંઈક ખોટ હશે, નહીંતર સાવ આવુંતો ન જ બને !’ એટલું કહેતાં એની આંખોમાં આંસુ ભરાઈ આવ્યાં. ‘બહેન !’ ડૉ. એહમદે કહ્યું, ‘તમને જો વાંધો ન હોય તો મને કહેશો કે એવી કઈ વાત છે જે તમને વારંવાર રડાવી દે છે ? એવું તો શું છે જેતમને એક પ્રાર્થના પછી તરત જ બીજી પ્રાર્થના

http://suratiundhiyu.wordpress.com/

કરાવડાવે છે ? શું હું તમને કોઈ રીતે ઉપયોગી થઈ શકું ખરો ?' થોડી વાર એ સ્ત્રી ડૉ. એહમદ સામે જોઈ રહી.

ડૉક્ટરના અવાજમાં રહેલી સાચી સહાનુભૂતિ એને સ્પર્શી ગઈ હતી.એણે વાત શરૂ કરી, 'ભાઈ ! આ ઘોડિયામાં સૂતો છે એ મારો પૌત્ર છે. એનાં મા-બાપ થોડા સમયપહેલાં કાર અકસ્માતમાં મૃત્યુપામ્યાં છે. આ બાળકને એક એવા પ્રકારનું કેન્સર છે કે આજુબાજુનાં શહેરોના કોઈપણ ડૉક્ટર એની સારવાર કરી શકે તેમનથી.નજીકના એક મોટા શહેરના ડૉક્ટરે કહ્યું છે કે આ રોગની સારવાર અહીંયા શક્ય જ નથી, પરંતુ અહીંથી ખૂબ જ દૂર દેશના દક્ષિણ ભાગમાં એક ડૉક્ટર એવા છે જે આ કેંસરની સફળતાપૂર્વક સારવાર કરી શકે છે. પરંતુ ભાઈ ! હું એકલી, ઘરડી સ્ત્રી આટલા નાના માંદા બાળકને લઈને એમને શોધવા એટલે દૂર કઈ રીતે જાઉં ? એટલે હું રોજ ઉપરવાળાને પ્રાર્થના કરું છું કે મને કોઈક રસ્તો બતાવે. પરંતુ ખબર નહીં મારી પ્રાર્થનાનો એ ક્યારે જવાબ આપશે ?' ફરી એકવાર એ સ્ત્રીની આંખો છલકાઈ ગઈ.'તમને એ ડૉક્ટરનું નામ, સરનામુ કે બાળકના કેન્સરનો પ્રકાર એવું કાંઈ ખબર છે ?' ડૉક્ટરે પૂછ્યું. 'હા ભાઈ! દીકરાની ફાઈલમાં એ ડૉક્ટરનું નામ તેમજ બીજી બધી વિગત લખી છે. ઊભા રહો, હું તમને એ જોઈને કહું.' એ સ્ત્રીએ બાજુના ટેબલ પર પડેલી એના પૌત્રની ફાઇલ લઈને ખોલી. 'શું નામ છે એ ડૉક્ટરનું ?' ડૉક્ટરે પૂછ્યું. 'ડૉક્ટર એહમદ! એ ફલાણા શહેરમાં રહે છે !' પેલી સ્ત્રીએ જવાબ આપ્યો. ડૉક્ટરની બંને આંખોમાંથી આંસુની ધાર વહી નીકળી. એણે રડતાં રડતાં જ કહ્યું, 'બહેન ! ખરેખર ઉપરવાળો ખૂબ મહાન છે. એણે વિમાનમાં ખોટકો ઊભો કર્યો, વાવાઝોડું મોકલ્યું, અનરાધાર વરસાદ વરસાવ્યો, મને રસ્તો પણ ભુલાવી દીધો.આ બધું એણે એટલા માટે કર્યું કે એ તમારી પ્રાર્થનાનો જવાબ જરા જુદી રીતે આપવા માંગતો હતો. એ તમને ડૉક્ટર એહમદ સુધી પહોંચાડવા રાજી નહોતો, કારણ કે તમને કેટલી તકલીફ પડી શકે એ વાત એ બરાબર જાણતો હતો. એટલે જુઓ ! એ ડૉક્ટર એહમદને જ તમારી પાસે લઈ આવ્યો. બહેન ! હું જ છું એ ડોક્ટર એહમદ !' પેલી સ્ત્રી રડતાં રડતાં બોલી, 'હે ભગવાન ! તું ખરેખર મહાન અને ખૂબ જ દયાળુ છે ! પ્રાર્થનાનો જવાબ આપવાની તારી રીત ખરેખર નિરાળી છે ! ડૉક્ટર એહમદ પણ આંખમાં આંસુ સાથે એ જ શબ્દ મનમાં બોલતા હતા. લેખક: અજ્ઞાત

http://suratiundhiyu.wordpress.com/

## દોરી પર ચાલતાં સંતુલન જાળવવા મથતો પુરુષ!

ઝરૂખો - ક્ધિનર આચાર્ય

પુરુષની ભૂમિકા પેલા દોરડા પર ચાલતા, હાથમાં ડંગોરો લઈ સંતૂલન સાધતા બાળક જેવી હોય છે. ઘણાં આ ખેલ કરી શકે છે, અનેક તો ઊંધે કાંધ પટકાય છે. તેને માતાની અકોણાઈ વિશે જાણ હોય છે અને પત્નીની આડોડાઈ અંગે પણ ખબર હોય છે

બૈરીઘેલો. ઘરઘરમાં સાંભળવા મળતો શબ્દ. પતિ જ્યારે પત્નીને પ્રેમ કરે છે કે પત્નીનાં વિચારોને માન આપે છે, પતિનાં ઘરનાં બાકીનાં સભ્યો વારંવાર આ શબ્દનો ઈસ્તેમાલ કરે છે. દીકરાની મા કહે છે: 'નવ મહિના પેટમાં રાખ્યો. ગલૂડિયામાંથી સાંઢ જેવો, પચ્ચીસ-સત્તાવીસ વર્ષનો કર્યો અને છપ્પરપગી (વહુ!) છ મહિનામાં ખાઈ ગઈ!' મા-બાપ તરફ ઢળવું કે પત્નીને પ્રેમ કરવો? પુરુષ માટેનો આ પ્રાણપ્રશ્ન છે, ખાસ કરીને - ભારતમાં જ્યાં સંયુક્ત પરિવારવ્યવસ્થા હજુ આઉટડેટેડ નથી થઈ.

ચિંતકો કહે છે, 'યુવતી મહાન બલિદાન આપે છે... વીસ-બાવીસ વર્ષ સુધી જે ઘરને પોતાનું ગણ્યું હોય તેને અલવિદા કરીને એક નવા પરિવારને અપનાવવો, એક એવા યુગલને મમ્મી-પપ્પા માનવાના જેને ગઈ કાલ સુધી એ જાણતી પણ નહોતી...' સાચી વાત છે. આસાન નથી. સ્ત્રીનાં ગુણગાન ગવાવા જ જોઈએ, પરંતુ સવાલ એ છે કે, પત્ની અને માતા-પિતા વચ્ચે સોપારી બની જતા પુરુષની સ્થિતિ વિશે કોઈએ વિચાર્યું છે શું?

પુરુષ જો પત્ની તરફ ઢળે તો તેના પર 'બૈરીઘેલો'નું સ્ટિકર ચોંટાડી દેવામાં આવે છે અને મા તરફ ઝૂકે તો એ 'માવડિયો' ગણાય જાય છે. દુનિયાની નજરે એ ક્યારેય ન્યુટ્રલ હોતો નથી. અંતરથી કે અંદરથી કદાચ એ તટસ્થ હોય તો પણ લોકો તેની તટસ્થતા સ્વીકારવા જલદી તૈયાર થતા નથી.

પ્રેમ, લાગણી, હેત અને માયા... આ બધા બહુ સુંદર શિખર છે, પણ તેની ઊંચાઈ સમજણથી વધુ નથી. 'અન્ડરસ્ટેન્ડિંગ' એ સહજીવનનું સર્વોચ્ચ શિખર છે. સબસે ઊંચી સમજણસગાઈ. સમજણ એટલે માત્ર બે પાત્રો વચ્ચેની અન્ડરસ્ટેન્ડિંગ નહિ, બલકે આખા પરિવાર વચ્ચેની અન્ડરસ્ટેન્ડિંગ. એકમેકની સારી બાબતોને વધાવવાની તૈયારી અને એકમેકની મામૂલી મર્યાદાઓને કે ક્ષુલ્લક ઉધારપાસાને અવગણવાની ઉદારતા. જ્યાં પાત્રો વચ્ચે સમજનાં આવા સેતૂ રચાતા નથી, વાસણો ત્યાં નિત્ય ખખડતા રહે છે.

http://suratiundhiyu.wordpress.com/

પરિવારમાં પ્રેમભાવ જાળવવો હોય તો પુરુષે બેલેન્સ કરવું પડે છે. મા તો સૌની સોનાની હોય છે. પણ એ જ મા જ્યારે વહુની સાસુ બને છે ત્યારે બહુ ઝાઝા કિસ્સામાં એ જૂની ફિલ્મની લલિતા પવાર જેવી બની જતી હોય છે. દીકરી માટે એ સાક્ષાત દેવીસ્વરૂપ હોય છે પણ વહુ માટે ક્યારેક મંથરા બની જાય છે.

દરેક સાસુ કહે છે: 'હું તો મારી વહુને દીકરીની જેમ રાખું છું!' એકસોમાંથી નવ્વાણું સાસુનો આ તકિયાકલામ હોય છે: 'દીકરી અને વહુ... મારે મન બેઉ સરખી!' ખરેખર એવું હોતું નથી. વાસ્તવિક્તા અલગ હોય છે. દીકરી અને વહુ માટેના ત્રાજવા - કાટલા હંમેશાં અલગ હોય છે. બાવીસ વરસની દીકરી જો મોડી ઊઠે તો કહેવાય છે: 'બિચારી બહુ થાકી ગઈ હશે!' પણ બાવીસ વર્ષની વહુને ક્યારેક ઊઠવામાં મોડું થઈ જાય તો કહેવાય છે: 'અમારા બહેનબા તો વહુ બનીને નહિ, શેઠાણી થઈને સાસરે આવ્યા છે!'

તમામ ફુટપટ્ટી બદલાઈ જતા હોય છે: દીકરીને રસોઈમાં ઝાઝી ગતાગમ ન હોય તો કહેવાય છે કે, 'એણે હંમેશાં ભણવામાં જ ધ્યાન આપ્યું છે!' વહુની રસોઈ ક્યારેક નબળી કે ફિક્કી હોય તો કહેવામાં આવે છે કે, 'માએ કંઈ શીખવ્યા વગર જ વળાવી દીધી છે!' દીકરીને બહારનું ખાવાની ઈચ્છા થાય તો કહે છે, 'એને બહારનું ખાવાનો શોખ છે!' પણ વહુને આવી ઈચ્છા થાય ત્યારે કહેવાય છે કે, 'એની તો રગરગમાં આળસ છે... ઘરનાં રોટલા ભાવતા જ નથી!' દીકરી બહાર ફરવા જાય ત્યારે 'ફ્રેશ થવા' જતી હોય છે, વહુને ફરવા જવું હોય તો કહેવાય છે 'ઘરમાં પગ ટકતો જ નથી!' દીકરી ઘરમાં હોય અને કામવાળીનું કામ બંધાવ્યું હોય તો માયાળું માતા કહે છે: 'દીકરીએ સાસરે જઈને તો કામ જ કરવાનું છે, પોતાના ઘેર છે ત્યાં લગી તો જલ્સા કરવા દો!' પણ જ્યારે વહુ કોઈ કામવાળી રાખે તો ઉદ્ગાર નીકળે છે: 'અમારો દીકરો તો મહારાણી લાવ્યો છે' અથવા 'એ તો છે જ હરામ હાડકાની'.

'અમારા જમાનામાં તો અમે પરોઢિયે જાગી જતા... સવારે બધા ઊઠે એ પહેલા રોટલી સિવાયની બધી જ રસોઈ તૈયાર હોય!' આવા અગણિત શ્લોક સાસુજીનાં મુખેથી ઝરતા રહે છે. દીકરાએ આ બધું જોવાનું હોય છે. તેને ખ્યાલ હોય છે કે, મમ્મી જે કહે છે તેમાંથી અડધોઅડધ ગપ્પા છે. બાકીની ઉમદા બાબતોમાંથી મોટાભાગની વાતોનું અનૂસરણ આજનાં યુગમાં મુશ્કેલ છે. એ પણ તેને ખ્યાલ હોય છે. પુરુષની જ્યારે ઘેર હાજરી હોય ત્યારે માતાનું વર્તન અલગ હોય છે અને એ

http://suratiundhiyu.wordpress.com/

કામ પર જાય એ પછી માતા એકદમ ટિપિકલ સાસુ બની જતી હોય છે - એ પણ તેનાં ધ્યાન બહાર હોતું નથી.

પુરુષની ભૂમિકા પેલા દોરડા પર ચાલતા, હાથમાં ડંગોરો લઈ સંતૂલન સાધતા બાળક જેવી હોય છે. ઘણાં આ ખેલ કરી શકે છે, અનેક તો ઊંધે કાંધ પટકાય છે. તેને માતાની અકોણાઈ વિશે જાણ હોય છે અને પત્નીની આડોડાઈ અંગે પણ ખબર હોય છે. મહત્તમ કિસ્સાઓમાં પત્નીઓનાં પણ બેવડા ધોરણો હોય છે. અમૂક નારીઓ માત્ર ખોળિયું સાસરે લાવે છે. આત્મા પિયરમાં જ રહી ગયો હોય છે. પિયરીયાઓનો ફોન કોલ આવે ત્યારે બહેનબાની આંખોમાં છલકાતી ચમકની લગભગ દરેક પુરુષ નોંધ લેતો હોય છે. એ વિશે પુરુષ ક્યારેય ફોડ પાડીને વાત ન કરતો હોય એ અલગ વાત છે. પુરુષો એ ઘણું બધું ગળી જવાનું હોય છે. તેણે નીલકંઠ બનવું પડે છે.

રોજબરોજનું ઘરકામ એ પુરુષનો વિષય નથી, પરંતુ ઘરની સ્ત્રીઓ વચ્ચે એ ઘરકામ દરમિયાન સર્જાતી અંટસની અસર પુરુષ પર થતી રહે છે. વહુ પિયર ગઈ હોય ત્યારે પાછળથી માતા પોતાના પુત્ર પાસે વહુના સરવૈયા કાઢે છે. રાત્રે બેડરૂમનું બારણું બંધ થાય પછી પત્ની પોતાનાં પુરુષ પાસે દિવસભરની બેલેન્સશીટ રજૂ કરે છે. સૌના પોતપોતાનાં વર્ઝન હોય છે, દરેકનો દૃષ્ટિકોણ હોય છે. નીરક્ષિર કરવાનું આસાન હોતું નથી. એકસોમાંથી નેવું સ્ત્રી આડકતરી રીતે પોતાનાં પુરુષને અલગ ઘર વસાવવા કહેતી રહે છે અને નવ્વાણું ટકા માતાઓ ઈચ્છે છે કે, પુત્ર પોતાની સાથે રહે.

પુત્રને અળગો થવા દેવો નથી, વહુને અપનાવી શકાતી નથી. વહુને પતિ સામે વાંધો નથી પણ સાસુનાં મહેણા સહન થતા નથી. તેને પતિ સાથે રહેવું છે પણ સાસરિયાં જોડે ફાવતું નથી. પુરુષને પત્ની સાથે અણબનાવ નથી અને માતા-પિતા સામે પણ વાંધો નથી. નણંદ કુંવારી હોય તો એક અલગ જ ઉપાધિ છે અને પરણેલી હોય તો મુશ્કેલીઓ જરા અલગ પ્રકારની હોય છે. દિયર પરણ્યો ન હોય ત્યાં લગી વહાલો લાગે છે પણ એ નવી વહુ લાવે ત્યારે નવી મુસીબતો શરૂ થાય છે. અગાઉથી જ જો ઘરમાં જેઠાણી બિરાજમાન હોય તો નવી આવનાર દેરાણીની તકલીફો વળી નોખી હોય છે. એમાંય જો પરિવારમાં લગ્નવિચ્છેદ પછી પાછી આવેલી એકાદ નણંદ હોય તો? હે ઈશ્વર! સારું છે, તે પુરુષને વાતે વાતે રડવાની કુટેવ આપી નથી! નહીંતર દરેક ઘરમાંથી રાત્રે રડવાનો જ અવાજ આવતો હોત!

http://suratiundhiyu.wordpress.com/

# દીકરી – માનવ ઇતિહાસનો આજ સુધીનો સૌથી સર્વોતમ શબ્દ.

દીકરી – માનવ ઇતિહાસનો આજ સુધીનો સૌથી સર્વોતમ શબ્દ.લાગણી અને મમતાના પરીઘોની વિસ્તરીને બહાર નીકળી ગયેલી એક મમતાની સાશ્વત મુર્તિ એટલે દીકરી.ગમે તેવા કઠણ કાળજાને બાપને રડાવી શકનાર,સાહિત્યની ભાષામાં અમુલ્ય શબ્દ એટલે દીકરી.

આજ સુધી સાહિત્યમાં મોટા ભાગના લેખકો લખતા આવ્યા છે કે સ્ત્રીઓ પુરુષો કરતાં મહાન છે.આ વાકયની પાછળનું મર્મસ્થાન સ્ત્રી નથી,પણ દીકરી છે.

એક ધનવાન પિતા પાસે તેના યુવાન પુત્ર,તેની સંપતિની માંગણી કરજો ! શું જવાબ મળે છે..?!?..સાહિત્યના ઇતિહાસના ગાળશાસ્ત્રના શ્રેષ્ઠતમ શબ્દો તમને સાંભળવા મળશે.

હવે આ જ પિતા પાસે તમે હસતા મુખે તેની પુત્રીની માંગણી મુકી શકશો,અને તે પણ દીકરી માંગનારની શરતે.છતાં પણ એ પિતા ગાળો દેવાને બદલે હસતાં મુખે તમારું સ્વાગત કરશે.તમારા માટે મીઠાઇ અને પકવાન ધરસે.શોરૂમમાં જે રીતે નૂમાઇશ થાય તે રીતે દીકરીને તૈયાર કરીને આગતાસ્વાગતા કરવા મોકલશે. મારી જિંદગીમાં મને અકળાવનારા દસ પ્રશ્નોમાનો એક પ્રશ્ન એ છે કે- દીકરીને પરણીને સાસરે શા માટે જવું પડે છે..એક દીકરીના પિતા તરીકે આ પ્રશ્નની અસર કેટલી ધારદાર હોય છે એ હું સમજી શકું છું.દીકરી પરણીને સાસરે જાય છે ત્યારે તેને શું શું છોડવું પડે છે..?

મનને ગમતાં બધા કાર્યો,પિતાનો અને માતાનો પ્રેમ,ભાઇઓ અને બહેનો તથા અન્ય કુંટુંબીજનોનો પ્રેમ,પિતાની સંપતિ,પોતાનું ગમતું શહેર,મોહલ્લો,વગેરે વગેરે,પોતાના મિત્રો,પોતાની મનગમતી જગ્યાઓ જ્યાં તેની યાદો જોડાયેલી હોય છે...ટૂંકમાં દીકરીને ગમતી તમામ ચીજ છોડીને પારકે ઘરે સીધાવું પડે છે.આ બધું બાદ કરતાં પોતાને ગમતી બધી વ્યકિતઓને છોડીને જવું પડે છે.

જીવનની કઠોરમાં કઠોર પરિસ્થિતિનો સામનો દીકરીઓને કરવો પડે છે.પરણ્યા પછી જીવનમાં આવતી કઠોર પરિસ્થિતિનો સામનો કરવાની તૈયારી રાખવી પડે છે.લગ્ન પહેલા દીકરી હોય છે અને લગ્ન પછી એ સ્ત્રી બને છે.દીકરીમાંથી સ્ત્રી  નવું.પિતાની અટક છોડીને પતિની અટક અપનાવવી પડે છે.

ઘણા લેખકો પત્ની વિશે અનેક લેખો લખ્યા છે.જેમાં પત્ની કજીયાળી,ઝઘડાળુ.શંકાશીલ.માથા ભારે,કપટી અને લંપટ જેવા વિશેષણોથી નવાજી છે.હવે વિચાર કરો કે આ સ્ત્રી જ્યારે દીકરી હતી ત્યારે સામાન્યતઃ આવા વિશેષણો લાગું નહોતા પડતા ! શા માટે !? દીકરી થઇને પેદા થવું એ જ મર્દાનગી છે.નહીં કે અણિયાણી મુછો રાખવાથી કે બાવડા બનાવવાથી કે બળપ્રદર્શન કરવાંથી કોઇ એવો પુરુષ જે પિતા,માતા,બહેન-ભાઇ,સંપતિ આ બધું છોડીને ચાલ્યો જાય ? હા ! છે,પણ તેવા પુરુષોની ટકાવારી એકથી ત્રણ ટકાની અંદર હોઇ શકે છે.!..જેમાં ઘરજમાઇઓ,સંસાર

http://suratiundhiyu.wordpress.com/

ત્યાગીઓ,બાવાઓ,ધાર્મિક ઓથારતળે જીવતા પુરુષો,નપાવટ પુરુષો વગેરે આવા ભાઇડાઓની શ્રેણીમાં આવે છે.

દીકરી થઇને જન્મવુ એટલે 'સુખ આપી દુઃખ લેવુ'એ જન્મસિધ્ધ અધિકાર આપોઆપ લાગું પડી જાય છે અને એ પણ બાલ્યાવસ્થા લાગું પડી જાય છે. દીકરીને તેનો ભાઇ એનાથી બે પાંચ વર્ષ નાનો છે અથવા મોટો હોય.ભાઇઓ બહેન ઉપર દાદાગીરી હમેશા કરતા આવે છે.જોકે ઘણી જગ્યાએ ભાઇબહેનના પ્રેમમાં આવા પ્રશ્રન ગૌણ બની જાય છે.ભાઇ નાનો હોય એટલે બહેનને નાનપણથી માતા બનવાની તાલિમ મળવા લાગે છે.કારણકે એક બહેન હમેશા નાના ભાઇ માટે સવાઇ માતા પુરવાર થાય છે. મોટાભાગની માતાઓ દીકરીને કહે છે કે,'તું તો મોટી છે,તારે નાના ભાઇનું ધ્યાન રાખવું જોઇએ..તું તો સમજદાર છે,ભાઇ તો નાનો છે..!!' દીકરિ થઇને જન્મવું એટલે નાનપણથી સ્ત્રી ઉપર દાદાગીરી કરવાનો જન્મસિધ્ધ અધિકાર મળે છે.પુરુષની જિંદગીમાં દાદાગીરી કરવાં માટે સ્ત્રીપાત્રો બદલતા રહે છે.માતા,બહેન,દાદી.સહઅધ્યાયી છોકરીઓ...અને યુવાન બનતા છોકરીઓની પાછળ પડવું..પરણ્યાપછી પત્ની ઉપર દાદાગીરી શરૂમ થાય છે.

એક પુરુષને કારણે દીકરીને કેટલુ સહન કરવું પડે છે..?..પુરૂષો કોલેજોમાં કે જાહેર સ્થળ પર છોકરીઓની છેડતી કરી શકે છે..ચાર પાંચના સમુહમાં ઉભેલા પુરુષોની સામેથી દેહલાલિત્ય ધરાવતી કોઇ છોકરી પસાર થાય ત્યારે આ સમુહમાંથી ચોક્કસપણે એક કે બે વ્યકિત તેનાં અંગઉપાંગો ઉપર કોમેન્ટ કરશે જ..આજ સુધી એવું બન્યુ છે કે છોકરીઓએ કોલેજોમાં કે જાહેર સ્થળોએ છોકરાની છેડતી કરી હોય !? આ બાબતે આધુનિક યુરોપ અને અમેરિકાના દેશો પણ આપણા જેટલા જ પછાત છે ! ચાર પુરૂષો સાથે મળીને એક છોકરી ઉપર બળાત્કાર કરી શકે છે પણ આજ સુધી એવું બન્યુ છે કે ચારપાંચ છોકરીઓએ સાથે મળીને એક પુરુષ ઉપર જબરદસ્તી કરી હોય! પુરુષો જાહેરમાં બિન્દાસ્ત ગાળો બોલી શકે છે.આજ સુધી કદી કોઇ છોકરીને જાહેરમા બિન્દાસ્ત ગાળો બોલતા જોઇ છે ખરી....! દીકરી દેખાવમાં સામાન્ય હોય કે દેખાવડી હોય તેને ચેહરા અને શરીર માટે ખાસ પોષાકનો આગ્રહ રાખવો પડે છે..છોકરીઓ માટે અમુક આવરણો ખાસ સમાજ જોવા મળે છે.જ્યારે પુરુષ ગમેતેવો કદરૂપો,ગોબરો,ગંધારો હોય તો પણ પોતાનો ચહેરો ખુલ્લો રાખી શકે છે.મોટે ભાગે સમાજના વિચિત્ર નિયમો છોકરીઓ માટે જ બન્યા છે.

પુરુષ પોતાનું બોડી પ્રદર્શન કરી શકે છે.જ્યારે છોકરીઓ રેમ્પ પર ચાલે છે.અમુક શહેરોમાં ફેશન શો થાય છે ત્યારે સમાજના બની બેઠેલા રક્ષકો કોઇકની દીકરીને જાહેરમાં ફટકારે છે.ડાન્સબારમાં નોકરી કરી કુટુંબની ભરણપોષણ કરતી દીકરીઓને જાહેરમાં ફટકારવામાં આવે છે.હિંદુસ્તાનમાં હિંદુ પુરુષોની એક નમાલી,કાયર,નીર્વિય અને નપાવટ પ્રકારની શ્રેણી જન્મી છે.આ પ્રકારની માનસિકતા

http://suratiundhiyu.wordpress.com/

મર્દાનગી નથી.એક પ્રકારનું ધાર્મિક ઝનૂન છે.જે મધ્યયુગીન સંસ્કૃતિમાં અરબસ્તાની ધર્માંધ ખલિફાઓ,બાદશાઓ અને આજના તાલીબાની સમાજમાં ભરેલુ છે.

જે સમાજમાં કે સંસ્કૃતિમાં  દીકરીઓનું સ્થાન સામાજિક પ્રાણીથી વિશેષ નથી,એવાં સમાજમાં છાશવારે નાબાલિગ છોકરીઓ ઉપર બળાત્કાર,નાબાલિગ છોકરીઓના વેચાણ,દીકરીઓ ઉપર પિતાઓ દ્વારા બળાત્કાર જેવા જઘન્ય અપરાધો બનતા રહે છે.આની પાછળની એક જ વિચાર ધારા છે.આ વિચારધારા તાલીબાની છે.

આપણા હિંદુસ્તાનમાં બધા રાજકીય પક્ષો સ્ત્રી સ્વતંત્રતાની વાતો કરે છે.જે દેશમાં સ્ત્રીઓ માટે સમાન લો ના હોય ત્યાં સ્ત્રી સ્વતત્રતાની વાતો કરવી વાહિયાત છે..ચંદ્રમોહન અને ફીઝાની સ્ટોરીમાં બે સ્ત્રીઓની હાલત શું થઇ છે...?શારીરિક,માનસિક,આર્થિક અને કૌટુંબિક રીતે આ બંને સ્ત્રીઓને ઘણું સહન કરવું પડે છે...કારણકે હજું પણ અમુક સમાજોમાં પુરુષોને ચાર શાદી કરવાનો અધિકાર છે...અને સ્ત્રીઓમાં આ બધું સહન કરવાની શકિત ક્યારે આવે છે..?

કારણકે આ સ્ત્રીઓ દીકરી નામની પરિક્ષામાં પાસ થાય છે એટલે આ સમજદારી અને સહનશકિત આવે છે.

દીકરીઓને ઘણી બાબતોમાં સામાજિક અલગતા આપવામાં આવી છે.કદાચ એટલા માટે જ દીકરી માટે,'દીકરી સાપનો ભારો','દીકરીનો બાપ જીવતો મુવો'જેવી કહેવતો અસ્તિત્વમાં આવી હશે...?

અમારા જામનગરના જે વિસ્તારમાં હું રહું છું તે વિસ્તારની એક કિલોમિટરની ત્રિજ્યામાં મેડીકલ કોલેજ,આર્યુવેદ યુનિવર્સિટી,મહિલા કોલેજ,સાયન્સ કોલેજ જેવી શિક્ષણસંસ્થાઓ આવેલી છે.દરરોજ સવારે આજુબાજુના ગામડાઓમાંથી દીકરીઓનાં ટૉળેટૉળા ટેમ્પા અને બસોમાંથી ઉતરતા દેખાય છે.આ ગામડાની કાઠિયાવાડી દીકરીઓ જિન્સ અને ટૉપ જેવા આધુનિક પહેરવેશ પહેરે છે.આ જિન્સધારી દીકરીઓ વહેલી સવારે ઉઠીને ઘરકામ,છાણવાસીદુ,દુધ દોહવા જેવા કામો પતાવીને શહેરમાં અભ્યાસ અર્થે આવે છે.

 મેં તો અમારા શહેરના આજુબાજુના ઘણા ગામડાઓમાં જિન્સધારી દીકરીઓને ખેતર કે વાડીમાં કામ કરતી જોયેલી છે. દીકરીને કિંમત એક પિતાને ક્યારે સમજાય છે..?વાનપ્રસ્થ પુરુષો જેઓ વિધુર છે,જેઓની બાયડી માથાભારે હોય,શારીરિક રીતે ઉમરની અસર થયેલી હોય....ત્યારે આવા પિતાઓની પડખે દીકરી ઉભી રહે છે.આવા પુરુષોને ઢળતી ઉમરે માતાની મમતાનો અહેશાસ એક દીકરી થકી થાય છે. દીકરી જ્યારે રજસ્વલા બને ત્યારથી તેની સાથે દીકરી જેવો નહી પણ એક મિત્ર જેવો વ્યવાહર કરવો જોઇએ..એ દીકરી સાથે સમાજની સારીનરસી બધી બાબતોની ખુલ્લા મને ચર્ચા કરવી જોઇએ.મારા માનવા મુજબ રીવાબક્ષી અને ચંદ્રકાંતબક્ષી જેવા બાપદીકરીના સંબધો હોવ જોઇએ.

http://suratiundhiyu.wordpress.com/

એક દીકરીને દીકરાની જેમ ઉછેરો તો....પછી એ દીકરી સવાયો મર્દ બનીને દેખાડશે.
રીવાબક્ષી એના પિતા ચંદ્રકાંત બક્ષી વિશે શું કહે છે એનાં જ શબ્દોમાં – ગોવાની હોટલમાં પહેલીવાર એમની સાથે બિયર પીધો છે..એમની સાથે કોલકાત્તાની રેસમાં પહેલીવાર ગઇ હતી...એટલાન્ટિક સિટીમાં એમની સાથે કેશીનોમાં જુગાર રમી છું..જ્યાં હું જીતતી હતી અને ડેડી હારતા હતાં, દીકરીઓએ ધંધો કર્યો હોય તો કદી દેવાળૂ ના ફુંકે..દીકરી ઓફીસમાં સિગારેટ પીતી નથી..દીકરી પાન ખાઇને જ્યાં ત્યા પીચકારી મારીને દિવાલોને બગાડતી નથી..દીકરી ફુલસ્પિડે બાઇક ચલાવીને હાડકા તોડીને નથી આવતી..દીકરી કોઇના દીકરાને ભગાડી જતી નથી.
સૌવથી મહત્વની વાત...વૃધ્ધાશ્રમમાં સૌવથી વધું દીકરાઓના માબાપ જોવા મળે છે..અને આ સત્ય સ્વિકારવું જ પડે તેમ છે. સેવ ધ ગર્લ ચાઇલ્ડ...દીકરીના ભ્રુણને બચાવો. નરેશ કે. ડૉડીયા

## મરણ – રમેશ સવાણી

કેટલાય મહિનાઓ પછી વતનમાં જવાનું થયું. ઘરેથી પત્ર આવ્યો કે દાદાનો પગ ભાંગી ગયો છે એટલે.... મનમાં થયું : 'સારું થયું પગ ભાંગ્યો. હવે દાદા શાંતિથી બેસશે. માથું ફાડી નાખે તેવો તડકો હોય કે કડકડતી ઠંડી. દાદા કામ કરતા જ હોય, થાકે જ નહીં. આટલી ઉંમરે શી જરૂર હતી સખત કામ કરવાની ? મા દીકરાને નવડાવે તેમ દાદા રોજ ભેંસોને ધમારે. ભેંસને વાળવા ગયા અને પડી ગયા. પગ ભાંગી ગયો....' ઘરે પહોંચ્યો.
દાદાની સારવાર કરી રહેલ ડૉક્ટરને મેં પૂછ્યું : 'દાદાને સારું થઈ જશે ?'
ડૉક્ટર કંઈ બોલે તે પહેલાં પિતાજીએ કહ્યું : 'હવે સારું થશે ઉપર જશે ત્યારે !'
મને આંચકો લાગ્યો. પિતાજી ડૉક્ટરને લઈને બહાર ગયા ત્યારે દાદાએ કહ્યું, 'દીકરા શું કહું ? કોને કહું ? તારી બા ય પૂરો રોટલો ખાવા આપતી નથી. હું ઝટ મરું એની જ સૌ રાહ જોઈ રહ્યા છે.....'
થોડા દિવસ પછી, ઓફિસમાં હું એકલો બેઠો હતો ત્યારે એક સ્નેહીએ આવીને મારા મોંમાં મીઠાઈનો ટુકડો મૂકી દીધો. મેં પૂછ્યું : 'શું છે ? શેની ખુશી છે ?'
'આજે હું દાદા બન્યો છું.'
મીઠાઈ મારે ગળે જ અટકી ગઈ.

## ભૂતકાળના ઉપકારો ભૂલાઈ જાય છે – ભદ્રાયુ વછરાજાની

એક માણસે, કરુણાભાવે વાઘને પાંજરામાંથી છોડ્યો. જેવો તે છૂટો થયો, તેવો તે માણસને ખાવા દોડ્યો. માણસે કહ્યું : 'મેં તારા ઉપર કરેલ ઉપકારને તું કેમ ભૂલે છે ? ઉપકાર જેવી કોઈ ચીજ હોય છે.' વાઘે આ વાતનો પ્રત્યાઘાત આપતાં કહ્યું : 'ભૂતકાળના ઉપકારો જલદી ભૂલાઈ જાય છે.

http://suratiundhiyu.wordpress.com/

કોઈપણને પૂછી જુઓ.' બંનેએ આ પ્રસંગ ત્યાંથી પસાર થતા કૂતરા સમક્ષ રજૂ કર્યો. કૂતરાએ અભિપ્રાય આપતાં કહ્યું : 'વાઘ સાચો છે. મેં મારી યુવાનીમાં મારા માલિકની ઘણી સારી સેવા કરી, પરંતુ હું ઘરડો થયો, એટલે તેણે મને જંગલમાં ધકેલી દીધો.' માણસે બીજો અભિપ્રાય લેવાની માંગણી કરી, એટલે ત્યાંથી પસાર થતા ઘોડાને પૂછવામાં આવ્યું. એણે પણ લગભગ કૂતરા જેવો જ અભિપ્રાય આપ્યો. માણસે ત્રીજા અભિપ્રાયની માંગણી કરી. આ વખતે જોગાનુજોગ શિયાળ મળી આવ્યું. તેણે કહેલી વાતને માનવાની ના પાડી અને માણસ અને વાઘ વચ્ચે જે બન્યું હતું, તેનું નિદર્શન કરી બતાવવા જણાવ્યું. વાઘ શિયાળની મૂર્ખતા પર ગુસ્સે થતો થતો પાંજરામાં સરક્યો. શિયાળ કૂદ્યું અને પાંજરું બંધ કરી દીધું. તેણે માણસને કહ્યું : 'મેં તને મુસીબતમાંથી છોડાવ્યો છે, તું મને બદલામાં શું આપશે ?' માણસે વિચાર્યું : 'મારે શા માટે શિયાળના અહેસાનમાં આવવું જોઈએ ?' અને શિયાળનો પીછો પકડી તેને દૂર હાંકી કાઢ્યું. ('હૈયું-મસ્તક-હાથ' પુસ્તકમાંથી સાભાર.)

## કૃપા બસ એટલી ઈશ્વર થવા દે, હવે પરસેવાને અત્તર થવા દે!

**Dr. Sharad Thakar**

**'ડોક્ટરસાહેબ, બાબો કેટલા દિવસ કાઢશે?' 'વધુમાં વધુ દસ દિવસ અને આજે રાત સુધીમાં પણ મરી શકે છે.'**

**'સોરી, પ્રોફેસરસાહેબ તમારો દીકરો બચી શકે તેમ નથી. અમને એ વાતનો અફસોસ છે કે મોડર્ન એલોપથી મેડિસિન પાસે એવો એક પણ ઉપાય નથી જે તમારા બાળકનું જીવન પાછું લાવી શકે.' બાળકોના નિષ્ણાત ડોક્ટરે આવું બોલીને એક ઊંડો, પ્રમાણિક નિસાસો નાખી દીધો.**

**1976નું વર્ષ હતું. અમદાવાદની પ્રખ્યાત એમ. જી. સાયન્સ કોલેજના કેમિસ્ટ્રી વિષયના પ્રોફેસર એમ. જી. શાહ એમના એક વર્ષના દીકરાને લઈને સારવાર માટે પીડિયાટ્રિશિયનના શરણમાં આવ્યા હતા. દીકરાને ખાંસી આવતી હતી, તાવ આવતો હતો અને એની ભૂખ મરતી જતી હતી. ડોક્ટરે બાળકના બ્લડ ટેસ્ટ્સ કરાવ્યા. છાતીનો એક્સ-રે પડાવ્યો. નિદાન તરત ઊભરીને સામે આવી ગયું. લોહીના રિપોર્ટમાં શ્વેતકણોનું પ્રમાણ ચોંકાવી મૂકે એટલું વધારે હતું. એનો મતલબ સ્પષ્ટ હતો : બાળકના શરીરમાં ભારે ઇન્ફેક્શન હોવું જોઈએ. છાતીના ફોટાએ રોગનું સરનામું જાહેર કરી દીધું : ચેપ ફેફસાંની અંદર જ છે.**

**ડોક્ટરે બાળકના પિતાને બોલાવીને સમજ આપી, 'સર, તમારા દીકરાને ન્યૂમોનિયા થયો છે, પણ ચિંતા ન કરશો અમારા સાયન્સ પાસે એનું મારણ છે. હું એન્ટિબાયોટિક્સનાં ઇન્જેક્શન્સ શરૂ કરી દઉં છું. બે-ત્રણ દિવસમાં એની અસર વરતાવી જોઈએ.'**

http://suratiundhiyu.wordpress.com/

અસર ન વરતાઈ. ઊલટાનું બાળક વધુ બીમાર હોય તેવું લાગવા માંડયું. સ્પષ્ટ હતું કે ઇન્ફેક્શન માટે જે બેક્ટેરિયા જવાબદાર હતા તે બાળકને આપવામાં આવેલી એન્ટિબાયોટિક દવાથી મરતા ન હતા. ડોક્ટરે દવા બદલાવી જોઈ. પરિસ્થિતિ ન બદલાઈ. બાળક ક્રમશ: મરણ તરફ ખસતું જતું હતું. એની ભૂખ તો શરૂઆતથી જ ઓછી થવા માંડી હતી, પણ હવે તો તેણે પાણીનું ટીપું લેવાનું પણ છોડી દીધું હતું. દૂધ કે બીજો કોઈ નક્કર ખોરાક લેવાનો તો પ્રશ્ન જ પેદા થતો ન હતો.
સિત્તેરના દાયકામાં આજના જેવી અકસીર દવાઓ હજુ શોધાઈ ન હતી. બે-ચાર છાપેલાં કાટલાં જેવી એન્ટિબાયોટિક્સથી ચલાવી લેવું પડતું હતું. એના વારંવારના અને આડેધડ ઉપયોગના કારણે રોગનાં જંતુઓ પણ હવે ટેવાઈ ગયાં હતાં, બેક્ટેરિયાએ હવે મરવાનું બંધ કરી દીધું હતું.
એક ચોક્કસ દિવસે સારવાર કરનાર ડોક્ટરે આશા છોડી દીધી. ડોક્ટર ખુદ તત્કાલીન અમદાવાદના મેડિકલ જગતના એક અત્યંત આદરપાત્ર, હોશિયાર અને વરિષ્ઠ બાળરોગ નિષ્ણાત હતા. એમનો કન્સલ્ટિંગ રૂમ દોઢસો-બસો બાળકોથી પ્રતિદિન ઊભરાતો રહેતો હતો. શહેરની મોટી જનરલ હોસ્પિટલના ચાઇલ્ડ વિભાગ સાથે પણ તેઓ સંકળાયેલા હતા. તેમણે પોતાના સમકક્ષ સાથી ડોક્ટરોને પણ આ બાળક અંગે કન્સલ્ટ કરી લીધા હતા, પણ આ બધી દોડધામ ફોગટ સાબિત થઈ રહી હતી. બાળક હવે ગ્લુકોઝની ડ્રીપ અને ઓક્સિજનની નળીના આધારે ટકી રહ્યું હતું. આખરે ડોક્ટરે કહી દીધું, 'સોરી, પ્રોફેસરસાહેબ તમારો દીકરો બચી શકે તેમ નથી...'
આ વાત સાંભળીને પ્રો. એમ. જી. શાહને જબરદસ્ત આંચકો લાગ્યો. એમને સંતાનમાં પહેલા ખોળે દીકરી હતી, પછી આ દીકરો હતો. એકનો એક હતો એ જ કારણથી વહાલો હતો એવું ન હતું, પણ એમનો અને પત્નીનો અંશ હતો માટે પ્યારો હતો. માણસને બે હાથની આઠ આંગળીઓ હોય છે, એટલે એકાદ કપાઈ જાય તો દુ:ખ ન થાય તેવું થોડું હોય છે? અંગ એ અંગ હોય છે, તો આ દીકરો એમના અસ્તિત્વનો એક અંશ હતો. આઘાત કેમ ન લાગે? મન ઉપર ભયંકર સંયમ રાખીને પ્રો. શાહે પૂછી લીધું, 'ડોક્ટરસાહેબ, તમને શું લાગે છે? બાબો કેટલા દિવસ કાઢશે?'
'વધુમાં વધુ દસ દિવસ અને ઓછામાં ઓછું કહું તો એ આજે રાત સુધીમાં પણ મરી શકે છે. અમે સમયનો પનો જણાવી શકીએ, સમયનું ચોક્કસ બિંદુ ન કહી શકીએ.'
'તો પછી દીકરાને અહીં રાખવાથી કોઈ ફાયદો નથી. અમે એને ઘરે લઈ જઈ શકીએ?' પ્રોફેસરે વિચાર કરીને પૂછયું.
ડોક્ટર તો આ અઘરા કેસના અપજશથી બચવા જ માગતા હતા, તરત જ બોલી ઊઠયા, 'અફ કોર્સ, યસ. નર્સ તમને બિલ જણાવી દેશે. પેમેન્ટ કરીને પછી તમે ગમે ત્યારે જઈ શકો છો. આઇ ફીલ વેરી સોરી ફોર ધિસ પૂઅર ચાઇલ્ડ' (પૂઅર એટલે બાપડું-બિચારું એ અર્થમાં, ગરીબના અર્થમાં નહીં.)

http://suratiundhiyu.wordpress.com/

ડોક્ટરની તગડી ફી ચૂકવીને પિતા જીવતી લાશ જેવા પુત્રને લઈને ઘરે આવ્યા. ડોક્ટરે તો એને ડિસ્ચાર્જ કરી દીધો હતો, પણ પ્રોફેસરે હવે પુત્રનો ચાર્જ સંભાળી લીધો. એમણે વિચાર્યું, 'દીકરો હવે જવા જ બેઠો છે, તો શા માટે બીજી સારવારની પદ્ધતિઓ ન અજમાવી જોવી?' તેઓ આયુર્વેદના ગ્રંથો લઈ આવ્યા અને એના ઝીણવટભર્યા અભ્યાસમાં ડૂબી ગયા. એમની પાસે વધુમાં વધુ દસ દિવસ હતા. આટલા ઓછા સમયમાં તો આયુર્વેદની કોલેજમાં ભણેલો વિદ્યાર્થી પણ વાર્ષિક પરીક્ષાની સંપૂર્ણ તૈયારી ન કરી શકે, પણ આ ક્યાં પરીક્ષા હતી? અહીં તો પુત્ર હતો.
ચરકસંહિતાનાં પૃષ્ઠો વચ્ચેથી પ્રો. એમ. જી. શાહે ઉપચાર શોધી કાઢયો. બીમારીનું વર્ણન વાંચતા જાય અને દીકરાનાં ચિહ્નો સાથે સરખાવતા જાય. જ્યારે બધું બંધબેસતું જણાયું, ત્યારે નિદાન નક્કી કર્યું અને સારવાર શોધી કાઢી. જાતે ઓસડિયાં તૈયાર કર્યાં. ઉકાળા, ક્વાથ, કાઢા આ બધાંમાં શ્રદ્ધાનું અનુપાન ઉમેર્યું સંજીવની તૈયાર કરી દીધી. એક એક ટીપું દીકરાના મોઢામાં પાડતા રહ્યા.
ચમત્કાર શબ્દ વાપરવો તે મારા જેવા વિજ્ઞાનના માણસ માટે અપરાધ કહેવાય, પણ જે બન્યું તે ચમત્કારથી ઓછું ન હતું. જે જળત્યાગ કરી ચૂક્યો હતો તે દીકરો દૂધ પીવા માંડયો. શ્વાસ થંભાવીને હવે પછીની વાત સાંભળજો, ત્રીજા દિવસે બાબાએ એક લિટર દૂધ પીધું અમદાવાદના તે સમયના સૌથી વરિષ્ઠ પીડિયાટ્રિશિયન ખોટા પડયા હતા, કવિ અદમ ટંકારવી સાચો સાબિત થઈ રહ્યો હતો. બાળક જાણે કહી રહ્યું હતું : 'કેવળ દવાથી રોગ અમારો નહીં મટે, સંબંધ પણ ઉમેરો જરી સારવારમાં.'
આ દીકરો અત્યારે પણ જીવિત છે. આડત્રીસ વર્ષ પૂરાં કરીને ઓગણ ચાલીસમા વર્ષમાં મહાલી રહ્યો છે. ભણીગણી, પરણીને અત્યારે અમેરિકામાં હાકલા કરી રહ્યો છે. તમને લાગશે કે આ વાર્તા અહીં પૂરી થાય છે. ખાધું, પીધું ને રાજ કર્યું. ના, ખરી વાર્તા હવે જ શરૂ થાય છે. હવે એટલે એક વર્ષનો દીકરો જ્યારે યમરાજાના ઘરના કમાડ ઉપર ટકોરા મારીને પાછો ફર્યો ત્યાંથી વાર્તામાં ન માની શકાય તેવો અઘરો યુ-ટર્ન આવે છે.
કેમિસ્ટ્રીના પ્રોફેસર અમદાવાદની પ્રખ્યાત આયુર્વેદ કોલેજમાં વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવવા પહોંચી ગયા. પહેલાં તો સૌને લાગ્યું કે તેઓ મજાક કરે છે, પણ પછી એમણે ના પાડી દીધી. કારણમાં જણાવ્યું, 'તમારે એસ.એસ.સી.ની પરીક્ષામાં સંસ્કૃતનો વિષય ન હતો માટે તમને પ્રવેશ ન મળી શકે.'
પ્રોફેસરે જિદ્દ પકડી તો જવાબ મળ્યો, 'તમે ખાસ પરમિશન માટે પ્રયત્ન કરી જુઓ, જામનગરની ધન્વંતરિ આયુર્વેદિક યુનિવર્સિટીમાંથી મંજૂરી લઈ આવો.' પ્રોફેસર પહોંચ્યા જામનગર ત્યાં માનસરના હંસ જેવા રૂપાળા ધન્વંતરિ મંદિરની એકેક ઓફિસ ફરી વળ્યા. મંજૂરી ન મળી, પણ સલાહ અવશ્ય મળી, 'તમારે આયુર્વેદની કોલેજમાં પ્રવેશ લેવો જ છે? પાક્કું? તો એક કામ કરો,

http://suratiundhiyu.wordpress.com/

એસ.એસ.સી. બોર્ડની પરીક્ષામાં બેસો. એકલા સંસ્કૃત વિષયની એક્ઝામ આપો. એમાં જો પાસ થઈ શકો તો પાછા આવજો અમારી પાસે.' સલાહ આપનારના મનમાં ન સાંભળી શકાય તેવાં વાક્યો પણ ગૂંજ્યાં જ હશે. તે આ હશે, 'હાશ લપ ટળી આવા ને આવા હાલ્યા આવે છે. ત્રીસ-બત્રીસ વર્ષના ઢાંઢા એસ.એસ.સી.ની પરીક્ષામાં બેસવા નીકળી પડયા છે. એમ પાસ થવાતું હશે? પાક્કા ઘડે તે કાંઠા ચડતા હશે?'

આવું માનનારને ખબર ન હતી કે માણસ એ માણસ છે, માટલું નથી. મંગળદાસ જી.શાહ નામના એકત્રીસ વર્ષના 'માણસે' હાઈ સ્કૂલમાં જઈને એક્સ્ટર્નલ સ્ટુડન્ટ તરીકે પ્રવેશ મેળવી લીધો. સાયન્સ કોલેજમાં ભણાવતાં ભણાવતાં હાઈ સ્કૂલના વિષયનું ભણતા રહ્યા. વર્ષાન્તે બોર્ડની પરીક્ષામાં બેઠા અને પાસ પણ થયા.

રિઝલ્ટ બહાર પડયા પછી કોલેજોનાં એડ્મિશન્સ ચાલુ થયાં. હવે બત્રીસનો થઈ ચૂકેલો 'બાબો' અખંડાનંદ કોલેજમાં પ્રવેશ માટે જઈ પહોંચ્યો. બે માર્કશીટ્સ ટેબલ ઉપર ધરી દીધી. ક્લાર્ક ચોંકી ઊઠયો. એક જ બોર્ડની એક જ એક્ઝામની બે પરીક્ષા વચ્ચે સોળ વર્ષનું અંતર પથરાયેલું પડયું હતું.

આ સોળ વર્ષના પટલ ઉપર ઘણું બધું વાંચી શકાતું હતું : એક દીકરાની જીવલેણ બીમારી, એક પિતાની હાર ન માનવાની જિદ્દ, જ્ઞાનપ્રાપ્તિ માટે ગમે તે કરી છૂટવાની તૈયારી અને પંદર-સોળ વર્ષના વિદ્યાર્થીઓ વચ્ચે બેસીને બત્રીસમા વરસે પણ પરીક્ષા આપવાની 'દુનિયા જખ મારે છે'ની ભાવના. પ્રો. શાહે આયુર્વેદના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવ્યો. ચાર વર્ષ પૂરાં કર્યાં. વૈદ્યરાજની બા-કાયદા ઉપાધિ પ્રાપ્ત કરી. સમાંતરે કોલેજની નોકરી ચાલુ જ હતી. એમાંથી નિવૃત્ત થયા અને અત્યારે આયુર્વેદની પ્રેક્ટિસમાં પ્રવૃત્ત છે.

હાલમાં અડસઠ વર્ષના થયેલા આ પ્રોફેસર-કમ-આયુર્વેદાચાર્ય મને એક ઉપાશ્રયમાં ભેટી ગયા. હું રવિવારીય બપોરે મુનિશ્રી નિર્મોહસુંદર વિજયજી મહારાજ સાથે બેઠો હતો ત્યાં તેઓ આવી પહોંચ્યા. મુનિશ્રીએ મારી ઓળખાણ કરાવી. પ્રોફેસર કહે, 'તમને મળવા જ ખાસ આવ્યો છું. તમને વાંચું છું. તમને મળીને મને આનંદ થયો.' એમની પૂરી ઘટના સાંભળી લીધા પછી મારે કહેવું પડયું, 'વાહ... પ્રો. શાહ... વાહ...''

(શીર્ષક પંક્તિ: ખલીલ ધનતેજવી)

## દીકરી એટલે તુલસીક્યારો....

http://suratiundhiyu.wordpress.com/

એટલે કે દીકરી વહાલનો દરિયો ખરી, પણ એને એક મર્યાદામાં જ રાખવાની. એ ભલે દીવડીની જેમ જ્યોત ફેલાવી મા-બાપનું નામ રોશન કરે, પણ એને રહેવાનું તો તુલસીક્યારાની જેમ જ. ઘરની બહાર, એક અંતરે...

આ વાત સાથે સહમત ન થનારા અપવાદરૂપ વીરલાઓ મળી પણ આવે. છતાં ગામ, શહેર કે મહાનગર હોય, થોડો વેરોવંચો તો જોવા મળે જ છે. કદાચ ઉછેરમાં નહીં તો મિલકતના ભાગલામાં તો ખરો જ.

એવા તો કેટલાય કિસ્સા નજરે જોયા છે, પણ યાદગાર કિસ્સો તો હર્ષા ને સુબોધભાઈનો છે. યાદગાર એટલા માટે કે પૈસેટકે ખાતાંપીતાં, સુખી, સુશિક્ષિત આદર્શ દંપતી વારે તહેવારે એક વાક્ય તો દોહરાવ્યાં જ કરે કે, અમારે મન તો દીકરો ને દીકરી બંને સરખાં. દંપતીને સંતતિમાં એક પુત્ર અમીત ને દીકરી ઝંખના.

બધી રીતે આદર્શ લાગતાં આ દંપતીની નેગેટિવ બાજુ જ એ કે

દીકરા-દીકરીને માત્ર સમાન લેખવાનાં, બાકી બે વચ્ચેની ભેદરેખા તો એવી જડબેસલાક કે અમીતનું એડમિશન શહેરની સર્વશ્રેષ્ઠ અંગ્રેજી માધ્યમની પ્રાઇવેટ સ્કૂલમાં લીધેલું. અમીતથી માત્ર સવા વર્ષ નાની ઝંખનાને મૂકેલી સરકારી ગ્રાન્ટ પર નભતી એક ગર્લ્સ સ્કૂલમાં.

અમીતને ભણવામાં જો હોશિયાર કહેવો હોય તો ઝંખના માટે તો બ્રિલિયન્ટ શબ્દ વાપરવો પડે. અમીત કરતાં ઝંખના દરેકેદરેક વાતમાં એક ડગલું ચઢી જાય અને આ જ સરખામણી કદાચ અમીતને કઠતી હશે. એ જે હોય તે, પણ એણે મોંઘીદાટ બૉર્ડિંગ સ્કૂલમાં જવાની રઢ પકડેલી. સુબોધભાઈ સંપન્ન ખરા, પણ એવા એક્સ્ટ્રા ઓર્ડિનરી પૈસા નહીં કે મહાબળેશ્વર જેવા હિલ સ્ટેશનની ફાઇવસ્ટાર સ્કૂલ પોસાઈ શકે. છતાં ગમે તેમ કરીને અમીતને એ સ્કૂલમાં મૂકવો જ એવો નિર્ણય થઈ ગયો.

અમીત જેટલાં વર્ષ ત્યાં ભણ્યો એ જ મહાબળેશ્વર એમનું વેકેશન ડેસ્ટિનેશન. દર વર્ષે મહાબળેશ્વર સિવાય ક્યાંય જવાય જ નહીં. વેકેશન પડે એટલે અમીતને લેવા જવાનું ત્યારે બે-ત્રણ દિવસ રહી લેવાનું ને પછી ઊઘડતી સ્કૂલે મૂકવા જતી વખતે બે દિવસનું રોકાણ. ઝંખનાની ન કોઈ મરજી પુછાય ન સમજવાનો પ્રયત્ન કરાય.

વેકેશન પછી સ્કૂલ ખૂલે ત્યારે દરેક બાળક હોંશથી પોતે ક્યાં ફરી આવ્યા તેની વાત કરે ત્યારે ઝંખનાનું મોઢું પડી જાય.

હર્ષાબહેન વ્યવહારકુશળ ને ભારે સૂઝબૂઝવાળાં. એમને દીકરીના સંતાપનો ખ્યાલ આવે, પણ પુત્રમોહ સામે બધું જોયું ન જોયું કરી દે.

http://suratiundhiyu.wordpress.com/

બંને સંતાનો ભણી રહ્યાં અને હાયર એજ્યુકેશનની વાત આવી ત્યારે ફરી એ જ વાત દોહરાવાઈ. અમીત એમબીએ કરવા વિદેશ ગયો ને ઝંખનાએ પોતાના જ શહેરની નામાંકિત કોલેજમાંથી ગ્રેજ્યુએશન કરવું તેમ નક્કી થયું. અમીતના વિદેશ ખર્ચા કોલેજ ફી અને રહેવા માટે એપાર્ટમેન્ટ એટલા હદ બહારના હતા કે ઝંખનાએ એમબીએ ન કરતાં પાર્ટટાઇમ નોકરી સાથે કોઈક ડિપ્લોમા કોર્સ થાય તો બહેતર એમ મનાયું.

ઝંખનાએ ત્યાં મનને મારી બેસી રહેવું ઉચિત સમજ્યું, પણ એક કડવાશ જરૂર ઘોળાઈ ગઈ. હર્ષાબહેન દીકરીના સંતાપને સમજી શકતાં હોવાથી હંમેશાં પોતાના આ વર્તનને વાજબી ઠેરવવાનો કોઈ પ્રયાસ બાકી રાખતાં નહીં.

આ તમામ વાતની હું વર્ષોથી સાક્ષી છું, પરંતુ કોઈની કૌટુંબિક વાતમાં ડબકું કેમ મૂકવું એવું વણલખ્યા ઔચિત્યને જાળવી ચૂપ જ રહેતી.

હર્ષાબહેન મારી પાસે ઘણી વાર પોતાના આ વર્તનને જાયજ ઠેરવતાં કહેતાં કે, "ઝંખના તો પરણીને સાસરવાસી થઈ જશે, પણ અમીત પાછળ ખર્ચેલો પૈસેપૈસો ઊગી નીકળવાનો છે. હવે બોલો, આ વાત કોઈને કહેવાય છે?"

મારી પાસે એનો જવાબ તો હતો, પણ આપવો નહોતો.

પરંતુ સમયે સુબોધભાઈ અને હર્ષાબહેનને બહુ સરસ જવાબ આપ્યો.

વિદેશ ભણવા ગયેલો અમીત પાછો તો આવ્યો, પણ ક્યાંય નોકરીનું ગોઠવાય જ નહીં. ક્યાંક પગાર ઓછો હોય, ક્યાંક વર્ક એન્વાયર્નમેન્ટમાં 'મજા' ન હોય, ક્યાંક કામના કલાકો ખૂબ વધારે લાગે, તો ક્યાંક 'ફ્યૂચર' જ ન દેખાતું હોય!

આ દરમિયાન ઝંખનાએ ફેશન ડિઝાઇનિંગમાં કરેલા ડિપ્લોમાને કેશ કરવાનું શરૂ કરી દીધેલું. શરૂઆત કરી હતી ડિઝાઇન કરી માસ્ટર પાસે કપડાં સિવડાવી આપવાથી. એ પછી ચાલ્યો દોર એક્ઝિબિશન સેલનો.

એમબીએ થયેલો ભાઈ ઘરે નેટ પર સર્ફ કરતો રહેતો ને બહેન અઢાર કલાક કામ કરતી રહેતી. ઝંખનાએ આ તમામ સમય દરમિયાન એક વાત બહુ બારીકાઈથી નિહાળી લીધી હતી, તે હતી તકને રોકડી કરવાની કળા. હવે લાગતું હતું કે ઝંખના સોનાનાં ઈંડાં મૂકતી મરઘી બની રહી હતી, એટલે સુબોધભાઈ અને હર્ષાબહેન પોતાના એમબીએ પણ બેકાર બેઠેલા દીકરા માટે છોકરી જોતાં, પણ ઝંખના તો હજી નાની છે તેમ કહી વાત જ નહોતાં કરતાં. આ વાત ઝંખનાની નજર બહાર નહોતી.

http://suratiundhiyu.wordpress.com/

ઝંખનાએ પોતે જ પોતાના સર્કલમાંથી છોકરો શોધી લીધો. ઝંખનાની તલાશ જ એવા સાથી માટે હતી જે તેની સાથે ખભેખભા મિલાવી કામ કરી શકે. ઝંખનાએ શોધેલો યોગેન હતો ભારે ખટપટિયો. સ્ટોર્સમાં, બુટિકોમાં ફરી ઓર્ડર લાવવાથી લઈ અકાઉન્ટિંગ ને ટેક્સેશન બધું સંભાળી લેવા સક્ષમ. ઝંખના-યોગેનનાં લગ્ન પછી જાણે એક નવી જ દિશા ખૂલી. અલબત્ત, ઝંખના ક્યારેક જ દિલ ખોલતી. એને ઊંડે ઊંડે રંજ હતો પોતાની સાથે સતત થતાં રહેલા અન્યાયનો, પણ યોગેનને મળ્યા પછી સફળતાનાં પગથિયાં એટલાં ઝડપથી ચડવાની શરૂઆત થઈ કે તેમાં બધી કડવાશ વિસરાઈ ગઈ.

આજે પરિસ્થિતિ એવી છે કે ઝંખના યોગેને ભેગાં મળીને કરેલી મહેનત એક જાણીતી બ્રાન્ડ છે. સુબોધભાઈ હવે થાક્યા છે. તેમના નાનકડા બિઝનેસમાં વિદેશની નામાંકિત યુનિર્વિસટીમાંથી એમબીએ થયેલા અમીતને કામ કરતાં નાનમ લાગે છે. અમીત પાસે આજની તારીખે પણ હાથમાં કોઈ કામ નથી. છતાં, દેશ-વિદેશના આર્િથક અખબારો વાંચી વાંચીને એ દેશના અર્થતંત્રથી લઈ ઝંખનાના બિઝનેસમાં એ ક્યાં શું ચૂકે છે ને શું વધુ સારું કરી શકે તેની ટિપ્પણી કરવા સિવાય તેની પાસે બીજું કોઈ કામ પણ નથી.

અમીત બેશક ટેલેન્ટેડ છે. ઝંખનાને યોગેનનો સાથ જેમ ચાર ડગલાં આગળ લઈ ગયો તેમ ભાઈ અમીતનો સાથ મળ્યો હોત તો નિશંકપણે વધુ હરણફાળ ભરી શકી હોત, પણ એવું થયું નહીં અને કોઈ કાળે થવાનું પણ નથી.

એ પાછળનું એકમાત્ર કારણ છે ઝંખનાના સુષુપ્ત મગજમાં અંકિત થઈ ગયેલી જુદાઈની ભાવના. જેમાં ન તો વાંક ઝંખનાનો છે ન અમીતનો. વાંક છે હર્ષાબહેન ને સુબોધભાઈનો, જેમણે પુત્રમોહના અંધાપામાં હોનહાર દીકરીનું હીર જ ન પારખ્યું.

દીકરીને ખરેખર પારકું ધન બનાવનાર છે કોણ? સમાજ કે પછી માતા-પિતા પોતે? દીકરીનાં મા-બાપ કદી પોતાને આ પ્રશ્ન પૂછે છે ખરાં?

છેલ્લે છેલ્લે

દીકરો મા-બાપને સ્વર્ગમાં લઈ જતો હશે, પણ સ્વર્ગને ઘરમાં લઈ આવે તે દીકરી!

**pinkidalal@gmail.com**

## બીજાને ખુશ કરવા એ સૌથી મોટુ સુખ છે

બે પુરુષો ગંભીરપણે બીમાર હતા,અને બેઉને એક જ રુમમાં રાખ્યા હતાં. એક માણસને તેના ફેફસામાંના પ્રવાહી કચરાના નિકાસ માટે દર બપોરે એક કલાક માટે તેમના પલંગ માં બેઠા થવાની પરવાનગી આપવામાં આવી હતી. રૂમમાં ફક્ત એકજ બારી હતી અને તેની પાસે આ

http://suratiundhiyu.wordpress.com/

ભાઇનો પલંગ હતો. જ્યારે બીજા માણસને હંમેશા લાંબા થઇને સૂતાં જ રહેવું પડતું. આ બન્ને કલાકો સુધી વાતો કર્યા કરતા.તેઓ તેમના પત્ની, પરિવાર, ઘર, નોકરી, તેઓ વેકેશનમાં ક્યાં ક્યાં ફરવા જતા વગેરે વિશે વાતો કરતાં. દરરોજ બપોરે, જ્યારે પહેલો માણસ બેઠો થતો ત્યારે બેઠા બેઠા બીજાં દર્દી ને બારીની બહારની દુનિયાં નું વર્ણન કરતાં સમય પસાર કરતો. બપોરનો આ એક કલાક બીજા માણસ માટે જાણે જીવંત બની જતો અને તેની દુનિયા હોસ્પિટલનાં રૂમ સુધી સિમિત ન રહેતા બહારનાં વિશ્વ સુધી પહોંચતી. "બારીની બહાર એક સુંદર બગીચો અને તળાવ છે. તળાવમાં બતક અને હંસ રમે છે. બીજી તરફ બાળકો કાગળની હોડી બનાવીને રમે છે. વિવિધ રંગના ફુલો વચ્ચે પ્રેમી યુગલો હાથમાં હાથ નાખીને ચાલી રહ્યા છે અને દૂર ક્ષિતિજ સુધી વિશાળ આકાશનું નયનરમ્ય દૃશ્ય નજરે ચડે છે", પહેલો માણસ જ્યારે આવું વર્ણન કરતો ત્યારે બીજો માણસ પોતાની આંખો બંધ કરીને કલ્પનામાં આ બધુ નિહાળતો. એક ઉષ્માભરી બપોરે પહેલા માણસે નજીકથી પસાર થતી પરેડનું વર્ણન કર્યુ જોકે બીજા માણસને પરેડ બેન્ડનો અવાજ સંભળાતો નહોતો પરંતુ તે પોતાની કલ્પનામાં આ દૃશ્ય જોઇ શકતો હતો. આ રીતે દિવસો અને મહિનાઓ પસાર થવા લાગ્યા. એક દિવસ સવારે,નર્સ તેમના સ્નાન માટે પાણી લાવ્યા અને જોયું તો પહેલી વ્યક્તિ ચિર નિદ્રામાં પોઢી ગઇ હતી પલંગ પર ફક્ત તેનું ફક્ત નિર્જીવ શરીર પડ્યું હતું. નર્સને અત્યંત દુખ થયું અને હોસ્પિટલ એટેન્ડન્ટ્સને બોલાવી શરીર લઇ જવા માટે કહેવામાં આવ્યુ. બારી પાસેનો પલંગ ખાલી પડયો! થોડા દિવસો પછી, બીજા વ્યક્તિએ પોતાને બારી પાસેનાં પલંગ પર ખસેડવાની ઇચ્છા વ્યક્ત કરી. નર્સે પણ ખુશી ખુશી તેમને ત્યાં ખસેડવાની વ્યવસ્થા કરી અને જતાં રહ્યા. હવે આ વ્યક્તિ એ ધીમે ધીમે, થોડું કષ્ટ કરીને, બારી પાસે બેઠાં થવાની કોશિશ કરી. એક હાથની કોણી કોણી ટેકવી તેમણે બહારની વાસ્તવિક દુનિયાનો પ્રથમ દેખાવ લેવા માટે પોતાની નજર ફેરવી અને જોયું તો શું?

બારીની સામે ફક્ત એક દિવાલ હતી. તેને કઇ સમજાયું નહીં. તેણે નર્સને પુછ્યું પહેલો વ્યક્તિ શા માટે બારીની બહાર અદ્ભુત વસ્તુઓનું વર્ણન્ કરતો? – જ્યારે અહીં તો ખાલી દિવાલ જ છે! નર્સે કહ્યું "પેલો માણસ અંધ હતો અને આ દિવાલ પણ જોઈ ન શકતો, તે તો ફક્ત તમને પ્રોત્સાહિત કરવા માગતો હતો!"

ઉપદેશ : બીજાને ખુશ કરવા એ સૌથી મોટુ સુખ છે, પછી આપણી પરિસ્થિતિ ગમે તે હોય! દુઃખ વહેંચવાથી અડધુ થાય છે, અને સુખ વહેંચવાથી બમણું થાય છે. તમને સમૃદ્ધિનો અનુભવ કરવો હોય તો તે વસ્તુઓની ગણતરી કરો જે તમારી પાસે છે અને પૈસાથી ખરીદી નથી શકાતી!" આજ તો સૌગાદ છે તેથી જ તો તેને "**Present**" કહેવાય છે.

http://suratiundhiyu.wordpress.com/

## ઓડકાર અમૃતનો

ડૉ. આઈ. કે. વીજળીવાળા

1987ની 31મી ડિસેમ્બરે વડોદરાની મેડિકલ કૉલેજને રામરામ કર્યા. M.D. પછી સિનિયર રજિસ્ટ્રાર તરીકેની એક વરસની કારકિર્દી પણ પૂર્ણ થઈ. ટૂંકમાં ભણતર પૂરું થયું હતું. હવે ઠોસ જિંદગીની કઠણ કેડીઓ પર કદમ માંડવાનાં હતાં. ભાવનગરની એક ટ્રસ્ટ હૉસ્પિટલમાં બાળરોગ નિષ્ણાત તરીકેની નિમણૂક મને મળી ગઈ હતી.. હું ભાવનગર ત્રીજી જાન્યુઆરી, 1988ના રોજ પહોંચ્યો. ટ્રસ્ટ હૉસ્પિટલમાં પૂર્ણ સમયના બાળરોગ નિષ્ણાત તરીકે જોડાયો. પગાર અંગે મુખ્ય ટ્રસ્ટી સાથે બે-ચાર દિવસ પછી વાતચીત કરવાનું નક્કી થયું હતું.

સાત દિવસ પછી મુખ્ય ટ્રસ્ટી સાથે મિટિંગ થઈ. મને રૂપિયા 2,500 અને ઈન્ડોર ફીસમાંથી અમુક ટકા ઈન્સેન્ટિવ આપવાનું નક્કી કરાયું. મારો આગ્રહ મને પાંચ હજાર રૂપિયા વત્તા ઈન્સેન્ટિવ મળે તેવો હતો. મેં ટ્રસ્ટીશ્રીને મારો પગાર વધારવા માટે આગ્રહ કરી જોયો. પણ ટ્રસ્ટનો જ લાભ વિચારતા ટ્રસ્ટીશ્રી ટ્રસ્ટને જેનાથી લાભ થઈ શકે તેવા ડૉક્ટર્સને વધારે પૈસા આપવા તૈયાર ન લાગ્યા. અને એ વખતે મારા હાથમાં કલાસ વન ઑફિસરની બીજી 3-4 નોકરીના નિમણૂક પત્રો હતા. એટલે મને પણ આ નોકરી છોડવી પડે તો જરાય ચિંતા નહોતી. એ જ સમયગાળામાં મને મહુવાની એક હૉસ્પિટલમાં નોકરીનો પત્ર પણ મળ્યો હતો. એટલે હું છેલ્લા કેટલાક દિવસથી મહુવા જવાનો વિચાર કરતો હતો.

મન વારંવાર આ હૉસ્પિટલની નોકરી છોડી વધારે પૈસા મેળવવા માટે મહુવા જતા રહેવાની યોજના કરતું હતું. પણ નોકરી બદલવાની જફાઓનો વિચાર આવતાં જ પાછું પડતું હતું. અને નોકરી બદલવી એટલે ? – બધા લબાચા ફેરવવા, ઘરની ઘણી સામગ્રી નવેસરથી વસાવવી, નવા વાતાવરણમાં ગોઠવાવું, નવા પડોશીઓ સાથે સંબંધો બાંધવા, નવા સંબંધો વિકસાવવા, નવેસરથી તમારા કામનું પ્રમાણપત્ર આપવાનું વગેરે વગેરે અનેક માથાકૂટો ઊભી થઈ જાય. આ બધી ઉપાધિઓ મને અકળાવતી હતી. પરંતુ સામે ડબલ પગાર પણ દેખાતો હતો. આટલું ભણ્યા પછી વધારે પૈસા મળતા હોય તો એ શા માટે છોડવા જોઈએ ? આ બધા વિચારોના જાળામાં ગૂંચવાતો હું લોઢાવાળા હૉસ્પિટલની અગાસીની રૅલિંગ પકડીને ઊભો હતો. સાંજના પાંચ વાગી ગયા હતા.

'અરે વીજળીવાળાસાહેબ ! ચાલો બહાર આંટો મારતા આવીએ.' હૉસ્પિટલમાં મારી બાજુના કવાર્ટરમાં રહેતા ડૉ. મહાવીરસિંહ જાડેજાના અવાજે મને ચમકાવી દીધો, 'કહું છું, કંઈ કામ તો બાકી નથી ને ? જો કોઈ દર્દી વેઈટિંગમાં ન હોય તો ચાલો ગામમાં આંટો મારતા આવીએ. અને શું ઊંડા વિચારમાં ખોવાયા છો ? કંઈ સિરિયસ મેટર તો નથી ને ?' કાન, નાક, ગળાના નિષ્ણાત સર્જન ડૉ. મહાવીરસિંહ દિલના પણ એક ઉમદા વ્યક્તિ છે. મળતાવડા પણ ખૂબ જ. એમની સાથે વાત કરતા

http://suratiundhiyu.wordpress.com/

હોઈએ તો એવું જ લાગે કે જાણે દાયકાઓની આપણી કોઈ અતિપરિચિત વ્યક્તિને મળી રહ્યા છીએ. એમણે અમદાવાદથી એમ.એસ. કર્યું હતું. અને મેં વડોદરાથી એમ.ડી. બાકી અમારી બેચ એક જ. આ હૉસ્પિટલમાં પણ લગભગ એકસાથે જ અમે જોડાયા હતા. અમને હૉસ્પિટલમાં ઉપરના માળે રૂમ્સ ફાળવવામાં આવી હતી. ડૉ. જાડેજાસાહેબના અવાજથી હું તંદ્રામાંથી બહાર આવી ગયો.

'ના ! ના ! કંઈ કામ બાકી નથી. આ તો વધારે પગારની નોકરી કરવા મહુવા જતા રહેવું કે પછી અહીંયા રહીને આ જ શહેરમાં કામ કરવું એ બે વિચારોની વચ્ચે અટવાતો હતો. ચાલો, હું પણ કંટાળ્યો છું. ક્યાં જવું છે ?' મેં બહાર નીકળવાની તૈયારી બતાવતાં કહ્યું.

'રૂપમ ટૉકીઝ (જે હાલ નથી) સુધી જતા આવીએ. મારે થોડીક ખરીદી પણ કરવી છે. બાકી તો નવું શહેર છે તે જોવાઈ પણ જશે.'

'ચાલો ત્યારે ! હું તો તૈયાર જ ઊભો છું. મારે મારા બૂટને પૉલિશ કરાવવા છે.' મેં એમની સાથે દાદરો ઊતરવાનું શરૂ કર્યું.

ભાવનગર શહેરમાં રાજાશાહી વખતનું ગંગાદેરી નામનું આરસનું એક સુંદર નાનકડું સ્થાપત્ય રૂપમ ટૉકીઝની પાછળના ભાગે આવેલું છે. અત્યારે તો રૂપમ ટૉકીઝની જગ્યાએ એક મોટું બહુમાળી મકાન બની રહ્યું છે. આ ગંગાદેરી સ્થાપત્યની આજુબાજુનો વિસ્તાર ગંગાજળિયા મહાદેવના નામ પરથી ગંગાજળિયા તળાવ તરીકે ઓળખાય છે. તળાવની બરાબર વચ્ચેથી મુખ્ય રસ્તો પસાર થાય છે. એ રસ્તાની બંને તરફ સરસ મજાની લાદીજડિત ફૂટપાથ છે. આ ફૂટપાથ પર મેં એક મોચીદાદાને બેઠેલા જોયા. હું બૂટપૉલિશ કરાવવા માટે જ નીકળ્યો હતો. આ દાદાને જોતાં જ હું તેમના તરફ વળ્યો. ડૉ. જાડેજાસાહેબ એમની થોડીક ખરીદી પતાવવા મુખ્ય માર્ગ તરફ ગયા. મોચીદાદાની પાસે પહોંચીને હું બે મિનિટ એમની તરફ જોઈને ઊભો રહ્યો. એમને જોતાં જ એમનામાં રસ પડે તેવું અદ્દભુત વ્યક્તિત્વ લાગે. ખખડધજ શરીર, ક્યારે ઓળ્યા હશે તેનો અંદાજ ન લગાવી શકાય તેવા એકબીજા સાથે ચોંટી ગયેલા સફેદ વાળ, સેંકડો કરચલીઓથી લીંપાયેલો ચહેરો, ફૂટપાથની પાળીનો ટેકો લઈને બેઠેલું સાતેક દાયકા જૂનું એ શરીર વીતેલા સમયને હોકલી દ્વારા વારંવાર ધુમાડો બનાવીને બહાર ફેંકી રહ્યું હતું.

'દાદા ! બૂટને પૉલિશ કરવાનું શું લેશો ?' મેં પૂછ્યું.

એમણે મારી સામે જોયું. હોકલીનો એક ઊંડો કસ લઈને આંખો ઝીણી કરી. મોઢેથી ખેંચેલા ઊંડા શ્વાસની સાથે જાણે કે મને પણ આખેઆખો જ આંખો દ્વારા અંદર ઉતારી દીધો ! પછી કહ્યું, 'આઠ આના ! આમ તો રૂપિયો લઉં છું. પણ આજે આઠ આના ! નવા લાગો છો આ શે'રમાં ?'

http://suratiundhiyu.wordpress.com/

‘હા દાદા ! આ શહેરમાં નવો જ છું.’ એમની માણસ પારખી જવાની શક્તિને મનોમન દાદા દેતાં મેં જવાબ વાળ્યો, પણ જો રોજનો ભાવ એક રૂપિયો હોય તો આ અચાનક આઠ આનાનો મતલબ શો ? અહીંના ન હોય એ બધા પાસેથી ઓછા લો છો ?’
‘અરે ના સાહેબ ! એવું કાંઈ નથી. મોટા ભાગનું કમાવાનું તો બહારના લોકો પાસેથી જ હોય છે. પણ આ તો આજે મોજમાં છું ને એટલે !’
ઓત્તારી ! મોજમાં હોય એટલે ભાવઘટાડો ! એવી તો કેવી મોજ હશે આ દાદાની ? અરે ! કરોડપતિ વેપારીઓ પણ ભાવ પહેલાં ડબલ કરીને પછી ખોટો ભાવઘટાડો કરવાનું નાટક કરતા હોય છે. જ્યારે અહીંયાં તો તળિયાના ભાવમાં પણ અડધોઅડધ ઘટાડો કરવાની વાત હતી. મને આ દાદામાં ખૂબ જ રસ પડ્યો. વધારે તો એમની મોજ અંગે જાણવાની તાલાવેલી જાગી.
‘પણ દાદા ! એવી તો કેવી મોજમાં છો કે આ અડધોઅડધ ભાવઘટાડો કરી નાખ્યો છે ?’ મેં બૂટ કાઢી એમને આપ્યા અને બાજુની પાળી પર બેસતાં પૂછ્યું.
‘અરે બાપા ! એની તો વાત નો કરો !’ એમની આંખોમાં મોજ અને સુખની વાદળીઓ જાણે દોડાદોડી કરી રહી હતી ! જાણે કોઈ અદ્દભુત તાનમાં હોય તેમ એણે આગળ કહ્યું : ‘આજે તો સવારથી 25 રૂપિયાનો ધંધો થઈ ગયો છે. રોજ માંડ દસ રૂપિયા જ મળે છે. આજ તો બસ મારા નાથે રેલમછેલ કરી દીધી છે. આ તો તમે આવ્યા, નકર હું તો ઘરે જાવા ઊભો જ થતો હતો !’
લ્યો કરો વાત ! 25 રૂપિયા એટલે રેલમછેલ કહેવાય ?! ક્યાં હજારો રૂપિયા મળતા હોવા છતાં ઓછા પડતા હોવાનો અહેસાસ કરતો હું અને ક્યાં 25 રૂપિયાને રેલમછેલ ગણતા મોચીદાદા ! જિંદગીનું ગણિત કંઈ જુદી રીતથી પણ ગણી શકાય એવું મને હવે સમજાઈ રહ્યું હતું.
‘દાદા ! તમે ભાવનગર જ રહો છો ? મારો પૂછવાનો મતલબ છે કે ભાવનગરના જ રહેવાસી છો ?’ મેં પૂછ્યું.
‘ના બાપુ ! રહું છું તો બાજુના ગામડે. હું અને મારો દીકરો સવારે ઘરેથી બાપુગાડીમાં આવીએ (ત્યારે ભાવનગર અને મહુવા વચ્ચે નૅરોગેજ રેલવે ચાલતી. લોકો એને ‘બાપુગાડી’ તરીકે ઓળખતાં). ઈવડો ઈ દરબારગઢ બૅંક પાસે બેસીને ધંધો કરે અને રેલવેસ્ટેશનથી હું અહીંયાં સુધી સાઈકલ લઈને આવું અને આહીં ફૂટપાથ પર બેસું. ભાતું લાવીએ એટલે પોતપોતાની મેળે નવરાશે ખાઈ લઈએ. સાંજે સાતની ગાડીમાં બાપ-દીકરો પાછા જાઈં.’ આટલું બોલીને એણે ચલમમાંથી ઊંડો દમ ખેંચવાની કોશિશ કરી. હોકલી ઠરી ગઈ હતી. દાદાએ જમીન પર ઠપકારીને હોકલી ખાલી કરી. નખથી બળેલી તમાકુ ખોતરીને કાઢી ફરીથી ભરવાનું શરૂ કર્યું.
‘દાદા ! તમે સ્ટેશન સુધી રોજ ચાલતા જાવ ?’ મેં પૂછ્યું.

http://suratiundhiyu.wordpress.com/

'ના બાપા ! હું આ સાઈકલ પર દરબારગઢ સુધી જાંવ. પછી દરબારગઢ બેંકના દરવાજા પાંહે આ સાઈકલ મૂકી દઉં. ન્યાંથી અમે બાપદીકરો હાલતા ટેશન વયા જાઈં.' મારી નજર દાદાની સાઈકલ પર પડી. ભરચક ચોકમાં તાળું માર્યા વગર મહિનાઓ રાખી મૂકીએ તોપણ કોઈ ન લઈ જાય તેવી ! સાવ ખખડધજ ! દાદાના પર્યાય જેવી. બંને પૈડાના પંખા તેમજ ચેનકવર ગાયબ હતાં. બ્રેક એક પણ નહોતી. સીટની જગ્યાએ સીટના આકારનું લાકડાનું પાટિયું લગાડેલું. અને કાટ તો એના અંગેઅંગનો જાણે શણગાર હતો.

'તમારો દીકરો કેટલા રૂપિયા કમાય ?' અટકી પડેલ વાતનો દોર મેં ફરીથી સાંધ્યો.

'રોજ મારો દીકરોય દસ રૂપિયા કમાય. દસ હું કમાવ !' એટલું કહી એમણે હોકલી ફરીથી પેટાવી. એક ઊંડો દમ ખેંચીને એણે મારી સામે ઝીણી આંખે જોઈને પૂછ્યું : 'તમે તો આ શેરમાં નવા છો. તમે શું કરો છો ?'

'નોકરી બદલવાનો વિચાર !' એવા શબ્દો મારા હોઠ સુધી આવી ગયા છતાં કહ્યું કે બાળકોનો ડૉક્ટર છું.

'હું...ઉં....ઉં....!' એવો અવાજ મોઢેથી કાઢીને એમણે મારી સામે જોયું. મારી વાત કહ્યા વિના જ જાણી ગયા હોય તેમ ધીમે ધીમે ધુમાડો છોડીને એમણે મારા બૂટને પૉલિશ કરવાનું શરૂ રાખ્યું. પણ મારે તેમની સાથે વાતચીત શરૂ જ રાખવી હતી. એટલે મેં જ પૂછ્યું :

'તો દાદા ! તમે દસ કમાવ, તમારો દીકરો દસ રૂપિયા કમાય. આ જમાનામાં વીસ રૂપિયામાં પૂરું થાય ખરું ?'

'અરે વધી પડે !' બૂટ પર બ્રશ ફેરવતાં એમણે કહ્યું. મને ખરેખર નવાઈ લાગતી હતી. મારાથી પુછાઈ ગયું, 'શું વાત કરો છો દાદા ? તાણ ન પડે ? વીસ રૂપિયામાં તે કંઈ પૂરું થતું હશે ? પછી તકલીફ ન પડે ? કંઈક નવી ચીજવસ્તુ વસાવવી હોય તો ?'

'કઈ ?' દાદાનો આ જવાબી પ્રશ્ન ખૂબ વેધક લાગ્યો. 'અરે મારા સાહેબ ! આ મારો દીકરો છે ને ? એના ઘરે પણ એક દીકરો છે. અમે ડોહો-ડોહી બે અને ઈ ત્રણ્ય એમ પાંચ જણાનું કુટુંબ છે. પરભુની દયાથી આવી સરસ લીલીવાડી છે અને ખાધેપીધે સુખી છું. પછી કઈ ચીજની જરૂર પડે ? અને માણહને બીજું જોયેય શું ?' પોતાના હર્યા-ભર્યા કુટુંબના અતિસુખના સાગરને મનની આંખથી એ માણસ માણી રહ્યો હોય તેવું લાગતું હતું. દાદાના 'માણહને બીજું જોયેય શું ?' એ શબ્દો મને બૂટમાં ભરાયેલી કાંકરીની માફક ખૂંચતા લાગ્યા. મારે શું જોઈતું હતું એ પ્રશ્ન મારું મન મને પૂછવા લાગ્યું હતું. વાત કરતી વખતે એની ખોવાઈ જવાની આદત મને કોઈ યોગીની યાદ અપાવતી હતી.

http://suratiundhiyu.wordpress.com/

'લ્યો સાહેબ ! આજે તમારી હાર્યે વાતું કરવાની બઉ મજા આવી. મેં નો'તું કીધું કે આજ તો મોજ પડી ગઈ છે ? સાચે જ મારા નાથે આજે મોજ કરાવી દીધી.' બૂટ અરીસાની માફક ચકચકિત કરી દીધા પછી એણે મારા હાથમાં મૂક્યા.

'દાદા ! અત્યારે જઈને પછી શું કરશો ?' મારાથી પુછાઈ ગયું.

'એયને અટાણે ઘરે જઈને બાપદીકરો ચા-પાણી પીશું. એની બાએ ચા તૈયાર જ રાખી હશે. પછી હું ખાટલે બેઠો બેઠો હોકલી પીશ અને મારા દીકરાના દીકરાને રમાડીશ. અમે એક ગા (ગાય) રાખી છે. મારી ઘરવાળી એને દોઈ રેશે ન્યાં મારો દીકરો ગા સાટુ ચારો લઈ આવશે. દીકરાની વહુ રોટલા ઘડી નાખશે. પછી બધાં વાળુ-પાણી કરીને ઘડીક બેહશું. વાતું કરશું. અને એય મજાના સૂઈ જાહું ! હું તો ભગવાનને રોજ બે હાથ જોડીને કહું છું કે બહુ સુખ આપ્યું મારા નાથ. હવે મારે કાંઈ નથી જોતું. બસ આવી લીલી વાડી સાથે જ લઈ લેજે પરભુ !' અમીનો ઓડકાર ખાઈ રહ્યો હોય તેમ આકાશ સામે જોઈ એણે છેલ્લું વાક્ય કહ્યું. પછી ઊભા થતાં કહ્યું કે, 'લ્યો હાલો ! મારો દીકરો વાટ જોતો હશે.' આટલું કહી એમણે પોતાનો સામાન ભરવા માંડ્યો.

હું અવાક થઈ ગયો હતો. બેચાર મિનિટ શું બોલવું એની સમજણ નહોતી પડતી. હમણાં થોડા વખત પહેલાં જ વાંચેલ એક જૈન મહારાજસાહેબની ચોપડી, જેનું શીર્ષક હતું – ફિનિશ લાઈન – યાદ આવી ગઈ. એમાં અમીરોને એમણે ખૂબ સુંદર સલાહ આપેલી છે કે ધંધામાં, પૈસાપ્રાપ્તિમાં કે ઈચ્છાઓમાં એક ફિનિશ લાઈન – અંતિમ રેખા જરૂરથી રાખવી. નહીંતર જિંદગી પૂરી થઈ જશે પણ એ માટેની દોડ પૂરી નહીં થાય. આવી ઊંચી વાત સમજવા માટે પણ ખૂબ તૈયારી કરવી પડતી હોય છે. જ્યારે અહીં તો મોચીદાદા જેવો આ અભણ, અંગૂઠાછાપ માણસ એ ચોપડીને વગર વાંચ્યે જ જાણે આખેઆખી પચાવી ગયો હતો !

મોચીદાદાએ સામાન સાઈકલ પર ખડકેલો જોઈ હું તરત વિચારોમાંથી બહાર આવી ગયો. મેં ખિસ્સામાંથી રૂપિયો કાઢીને એમના હાથમાં મૂકી દીધો.

'દાદા ! આજે મને પણ તમારી સાથે વાતો કરવાની ખૂબ જ મજા આવી છે. તમે એક કામ કરો. આખો રૂપિયો રાખી જ લો !' ફટ દઈને આઠ આના કાઢી મારા હાથમાં મૂકતાં એણે કહ્યું : 'ના મારાસાહેબ ! ના ! વધારે લઉં તો અણહકનું કહેવાય. આઠ આના કીધા એટલે આઠ આના જ લેવાના. હવે રૂપિયો લઈ લઉં તો મારો રામ દુભાય !' મને રામરામ કરી સાઈકલ દોરીને એમણે ચાલવા માંડ્યું. અમારા છેલ્લા સંવાદો ચાલતા હતા. તે વખતે ડૉ. જાડેજાસાહેબ પણ આવી ગયા હતા.

http://suratiundhiyu.wordpress.com/

મોચીદાદા જતા રહ્યા. એમનું નામ પૂછવાનું પણ રહી ગયું. મારા મગજમાં તો એનું નામ હંમેશાં એક સુખી મોચી તરીકે કંડારાઈ ગયું હતું. એ તો ગયા પણ મારા મનમાં વિચારોનું એક વાવાઝોડું ઊભું કરતા ગયા હતા. રોજના ફક્ત 20 રૂપિયા કમાતો એ માણસ આખો દિવસ કાળા તડકામાં બેસીને કામ કરતો એ માણસ એમ કહેતો હતો કે.... બસ ભગવાન ! ખૂબ સુખ આપ્યું તેં, હવે બીજું કંઈ નથી જોતું મારા નાથ ! આનાથી વધારે એક માણહને જોઈએ પણ શું ?...... અને એની સામે એક હું હતો જે ઉનાળાનો તડકો જરાય ન સ્પર્શે એવી ઠંડી ચેમ્બરમાં બેસીને હજારો રૂપિયા કમાવા છતાં થોડાક વધારે રૂપિયાની લાલચમાં ભાવનગર શહેર છોડીને મહુવા જવાની ભાંજગડમાં પડ્યો હતો. મારું મન મને પૂછતું હતું કે કદાચ થોડાક વધારે હજારો એ પછી લાખો પણ મળશે તોય આવી, આ મોચીદાદા જેવી ખુમારીથી હું કહી શકીશ ખરો કે.... બસ ભગવાન ! બહુ આપ્યું તેં ! હવે નહીં ખમાય મારા નાથ !.... મને એ અંગે મારા માટે પૂરી શંકા હતી. મારે તો હજુ બંગલો બનાવવો હતો, મોટર લેવી હતી, દુનિયા જોવી હતી, ટીવી, ફ્રીઝ, વૉશિંગમશીન વગેરે વિધવિધ સુવિધાઓના માલિક બનવું હતું. અરે ! એમ જ કહોને દુનિયાએ જેને સુખસાહ્યબી નામ આપ્યું છે તેવી દરેક વસ્તુ જોઈતી હતી. પણ આજે મારી જ અંદરથી ઊંડેથી કોઈ સવાલ કરતું હતું કે ....ધારો કે કાલે આ બધું જ મળી જાય તોપણ તું આવો, આ દાદા જેવો સુખનો અને અમૃતનો ઓડકાર ખાઈ શકીશ ખરો.....?

હું અને ડૉ. જાડેજાસાહેબ ચૂપચાપ સાંજની ભીડને વીંધતા અમારી હૉસ્પિટલ તરફ પાછા જઈ રહ્યા હતા. મારું મન રૅગિંગ કરતા કૉલેજના છોકરાઓની માફક વારંવાર મને સવાલ કરતું હતું કે બોલ ! આવો અમૃતનો ઓડકાર તું ખાઈ શકીશ ખરો ? અને વારંવાર અંદરથી કોઈ જવાબ આપતું હતું કે, 'નહીં ! કદાચ ક્યારેય નહીં.'

## દીકરી ............

૧..લગ્ન સમયે બધાનું બધામાં ધ્યાન હોય છે પણ દીકરીની મનઃસ્થિતિની ખબર કોઈને પડતી નથી.

૨.. કંકોત્રીમાં પોતાના નામ પછીના કૌંસમાં લખેલું નામ કદાચ છેલ્લી જ વાર પોતાની આઈડેન્ટીટી બતાવી રહ્યું છે...

હવે નામની પાછળ બદલાતું નામ અને બદલાતી અટક સાથે વાતાવરણ પણ બદલાવવાનું છે

૩. ગઈકાલ સુધી જે દરેક ઈચ્છાઓ પૂરી કરાવીને જ જંપતી હતી આજે એ ઈચ્છાઓ પર કાબૂ મેળવતા શિખી ગઈ હોય છે કારણ કે દીકરી કોઈને કશું જ કહેવા માંગતી નથી!

http://suratiundhiyu.wordpress.com/

૪. દીકરી કોઈને કશું જ કહેવા માંગતી નથી. એટલે જ એ સાસરેથી પિયરમાં આવે છે ત્યારે પહેલાંઘરના પાણીયારામાંથી જાતે ઊભી થઈને સ્ટીલના જૂના ગ્લાસમાં પાણી પીવે છે, હજુ પણ એને ઘરના કોક ખૂણેથી બાળપણ મળી આવે છે, હજુપણ એને પપ્પાની આંગળી ઝાલીને ફરવાનું મન થતું હોય છે, સીડી પ્લેયરના મોટા અવાજમાં હીંચકા ખાવાનું મન એને આજે પણ થાય છે. પણ, હવે એ દીકરીની સાથે સાથે પત્નિ બની છે.

ગઈકાલ સુધી જે દરેક ઈચ્છાઓ પૂરી કરાવીને જ જંપતી હતી આજે એ ઈચ્છાઓ પર કાબૂ મેળવતા શિખી ગઈ હોય છે કારણ કે દીકરી કોઈને કશું જ કહેવા માંગતી નથી!

૫. સુકાઈ ગયેલા આંસુનું માપ લિટરમાં નથી નીકળતું......!!!

પિતા પાસેથી નાની નાની હથેળીઓ પર હાથ મૂકીને નસીબ અજમાવવાના દિવસો 'છૂ' થઈ જાય છે! પોતાના જ ઘરમાં મહેમાન બનીને આવવાનું જેટલું દીકરી માટે અઘરું છે એટલું જ મહેમાન બનીને આવતી દીકરીને પોતાની સઝ્ઝી આંખોએ જોવાનું પણ અઘરું છે...

૬. દીકરો ખૂબ થાકીને ઘરે આવ્યો હશે અને ગમ્મે તેટલો મોટો હશે પણ એનો બાપ એને અડધી રાત્રે ઊઠાડીને કામે મોકલશે... એ જ આશયથી કે દીકરો તો કાલે ફરીથી નિરાંતે ઊંઘી જશે પણ, દીકરી ઊંઘતી હશે તો પિતા એને ઉઠાડવાની હિંમત નહીં કરે...! કદાચ આ ઊંઘ ફરી ક્યારેય ન આવે તો?

દીકરો પરણાવતી વખતે બાપ હોય એના કરતાં વધારે જુવાન બની જાય છે... પણ, દીકરી પરણાવતી વખતે એ અચાનક જ ઘરડો લાગવા માંડે છે... !!

દીકરીનું લગન એટલે નદીને પાનેતર પહેરાવવાની ક્ષણો..

## જીવનના અલગ અલગ મુકામ- (પી. કે. દાવડા)

ભારત સરકાર તરફથી નિમાયલા **Immovable Property** ના વેલ્યુઅર તરીકે મેં **Obsolescence** શબ્દ અનેક વાર વાપર્યો હશે. કોઈ પણ મકાનની ઓછી કીમત આંકવા આ શબ્દ દલીલ તરીકે વાપર્યો છે. ઉમરને લીધે કાં તો મકાનની **strength** ઘટી ગઈ હોય, અગર જૂના જમાનાના **planning** વાળું ઘર ખરીદવા કોઈ આગળ ન આવતું હોય ત્યારે હું આ શબ્દ વાપરતો.

આજે મને આ શબ્દ વયોવૃધ્ધ માણસો માટે બંધબેસતો લાગે છે. જ્યારે તમે યુવાન હો, સ્ફૂર્તિલા હો, ખુબ પૈસા કમાતા હો, ત્યારે કુટુંબમા, મિત્રોમા અને સમાજમા તમારૂં એક મોભાભર્યું સ્થાન હોય છે. તમારા નાના બાળકોને તમારામા **role model** દેખાય છે. તેમને લાગે છે કે દુનિયાના કોઈ પણ પ્રશ્નનો તમારી પાસે જવાબ છે. કુટુંબના બધા જ નિર્ણયો તમારી સંમતિથી લેવાય છે.

http://suratiundhiyu.wordpress.com/

જ્યારે તમે ૩૦-૩૫ વર્ષના થાવ છો, ત્યારે તમારા ૧૨-૧૪ વર્ષના બાળકો મનોમન તમારી સરખામણી પોતાના મિત્રોના પિતા સાથે કરવા લાગે છે. આનું કારણ એમની અપરીપક્વ વિચાર શક્તિ અને મિત્રોના કુટુંબોની વધારે સારી આર્થિક પરિસ્થિતિ સમજવાની અક્ષમતા હોઈ શકે. કોઈક્વાર માતા પાસે આ વિષય કાઢે છે. સમજદાર માતાનું એ વખતે કર્તવ્ય થઈ જાય છે બાળકને સમજ પાડે કે આપણા કરતાં એ વધારે પૈસાવાળા હોવાથી એ બાળકોને આવી મોંઘી વસ્તુઓ પોષાય પણ આપણને ન પોષાય. બાળક્ને ઉત્સાહ આપવા માતાએ એ પણ કહેવું જોઈએ કે સારી રીતે અભ્યાસ કરી, મોટો થઈ ખૂબ પૈસા કમાજે તો આનાથી પણ સારી વસ્તુઓ ખરીદી શકીશ. આ તબકે માતા જો પોતાની ફરજ સારી રીતે ન બજાવે તો બાળક નાનપણથી જ પૂર્વાગ્રહથી ગ્રસ્ત થઈ જાય છે.
જ્યારે તમે ૫૦ વર્ષના થાવ છો અને તમારા બાળકો યુવાનીમા પ્રવેશ કરે છે ત્યારે કોઈ કોઈ વાર બાળકો સાથે ચર્ચા કે વિવાદ થાય છે. આ સમયે પણ માતાની ફરજ વધી જાય છે. બાળકો પિતા કરતાં માતાની વધારે નજીક હોય છે અને સામાન્ય રીતે માતા સાથે ખુલા દિલે વાત કરી શકે છે. માતા માટે આ કામ સહેલું નથી. પતિને અને બાળકોને એકી સાથે રાજી રાખવાનું કામ ખરેખર અઘરૂં છે. બાળકોનો પક્ષ લે તો પતિને માઠું લાગે છે.
બાળકો કમાતા થાય અને એમને આર્થિક સ્વતંત્રતા મળે ત્યાર બાદ પરિસ્થિતિમા મોટો બદલાવ આવે છે.
ઘરની બાબતમા નિર્ણય લેવાની તમારી સત્તામા ભારે ઘટાડો થાય છે. કેટલાક ફેરફારો તો તમને તમારી પત્ની દ્વારા જાણવા મળે છે, અને એ તમને સમજાવે છે કે જે થયું એ જરૂરી હતું. કોને ખબર છે માતાઓ ભવિષ્યમા પોતાના બાળકોને આસરે રહેવાની અજાણતા તૈયારી કરતી હોય.
કેટલીકવાર તમને પૂછ્યા વગર કંઈ કરી, પછી તમને જણાવે એ બાબતમા તમે દુભાવ છો, પણ ધીરે ધીરે આદત પાડો છો.
લગ્ન પછી બાળકોના વર્તનમા થોડો ઘણો બદલાવ આવે એ સ્વભાવિક છે. જ્યાં સુધી એ બદલાવ હદમા હોય ત્યાં સુધી તમે બદલાતા સંજોગોને અનુકુળ થવાની કોશિશ કરો છો. મુશ્કેલી ત્યારે ઊભી થાય છે જ્યારે સામાજીક રીતરિવાજો પ્રમાણે તમારૂં માન સન્માન જળવાતું નથી.
યુવાનોએ પોતાના વર્તુળમા પોતાની એક છાપ ઊભી કરી હોય છે અને તેને ધક્કો ન લાગે તે માટે તેઓ પૂરા સજાગ હોય છે. આ વર્તુળની હાજરીમા તમે અજાણતા કરેલી નાની ભૂલનો જ્યારે ઘરે જઈ તમારી પાસેથી જવાબ માંગવામા આવે ત્યારે તમને લાગે છે કે જે કુટુંબ માટે તમે વર્ષોસુધી રાતદિવસ એક કર્યા એ કુટુંબમા હવે તમારૂં કોઈ વજૂદ નથી.
http://suratiundhiyu.wordpress.com/

સારા નશીબે આપણો સમાજ હજી પણ સંવેદનશીલ છે. તમારા કુટુંબની બહારના સભ્યો હજી પણ તમારા ડહાપણ, કુટુંબ માટે તમે કરેલી મહેનત અને તમારા સામાજીક મોભાની કદર કરે છે. આ એક ચીજ તમને જીંદગી જીવવાની નવી તાકાત આપે છે અને તમને **Obsolescence** થી થોડા દૂર રાખે છે. કદાચ તેઓ તમને **Obsolescence** નહિ પણ **heritage** નો અહેસાસ અપાવે છે.

આ પરિસ્થિતિમા બદલાવ લાવવો હોય તો જીવનના પ્રત્યેક તબક્કે તમને પોતાને બદલવા પડશે. બાળકો જેમ જેમ મોટા થાય તેમ તેમ તમારે હાથે જ એમને ઘરની સત્તા સોંપવી જોઈએ. જ્યાં જરૂરી હોય અથવા તમારી પાસેથી માગવામા આવે ત્યારે જ સલાહ આપવી. બાળકો પોતાની કમાઈ કેવી રીતે ખર્ચ કરે છે તેનો હીસાબ માગવો નહિં, તમને જો પૈસાની જરૂરત હોય તો તેમને જણાવવું, તેઓ જરૂર સમજદારી દાખવશે. તેમના પતિ-પત્નીના સંબંધોની બાબતમા હસ્તક્ષેપ કરવો નહિં, અને તેમના સાસરિયા સાથેની લેતિદેતિ અને સંબંધોમા રસ લેવો નહિં. બાળકોની ઈચ્છા ન હોય તો તેમના વર્તુળમા **direct** સંબંધ સ્થાપિત કરવાનો પ્રયત્ન કરવો નહિં. આટલું કરવાથી તમને માનસિક શાંતિ મળસે અને બાળકો તમને માન આપસે.

મારા આ વિચારો કોઈ પણ સાયન્ટીકફીક સ્ટડી પર આધારીત નથી, તેમ મારા પોતાના અનુભવ પર પણ આધારિત નથી. મારી ઉમરના લોકો સાથે ઘણીવાર થયેલી વાતચીત પર, અડોસ પડોસમા જોયેલા પ્રસંગો પર થોડે ઘણે અંશે અધારીત છે. થોડું મારૂ **Logic** છે - પી. કે. દાવડા

## એક નિવૃત્ત શિક્ષક શું કરી શકે?

એક ભારતીય શિક્ષક અને ડચ વૈજ્ઞાનિકે હિમાલયના બાળકોની જિંદગી બદલી નાખી

હિમાલયમાં પાંચ હજાર ફૂટની ઊંચાઈએ કેટલાંક નાનાં નાનાં ગામડાંનું જૂથ હતું. વિનાયક તરીકે ઓળખાતા એ વિસ્તારનાં દરેક ગામડામાં ખોબા જેવડાં નાનાં નાનાં ઝૂંપડાં હતાં. એ ઝૂંપડામાં રહેતા માણસો ભૂખમરો ભોગવતા હતા. એમના ઝૂંપડામાં રાતે દીવો સળગાવવા માટે કેરોસીન પણ નહોતું. હિમાલયની ઠંડીમાં એ ઝૂંપડાવાસીઓમાંથી ઘણા અકાળે ઠુંઠવાઈને મરી જાય એવી ઘટનાઓની કોઈ નવાઈ નહોતી.

આવી સ્થિતિમાં હિમાલયના એ વિસ્તારના લોકો પોતાના બાળકોને ભણાવવાની તો કલ્પના પણ કરી શકે એમ નહોતા. બાળકોને ક્યાંક ભણાવવા મોકલવા હોય તો પણ નજીકમાં નજીક સ્કૂલ એટલી દૂર પડતી કે પાંચ હજાર ફૂટની ઊંચાઈએથી ઊતરીને ચાલતા ચાલતા સ્કૂલ સુધી પહોંચવામાં જ બે દિવસ લાગી જાય! એટલે બાળકોને ભણાવવાની તો એ પહાડી લોકો કલ્પના પણ કરી શકે એમ નહોતા. એ પહાડી લોકોમાંથી ભાગ્યે જ કોઈએ સ્કૂલ જોઈ હતી.

http://suratiundhiyu.wordpress.com/

૧૯૫૦માં ગુરુ ગોપાલદત્ત નામના એક શિક્ષક હિમાલયના એ વિસ્તારમાં પહોંચ્યા. ગુરુ ગોપાલદત્તે શિક્ષક તરીકે આખી જિંદગી ફરજ બજાવીને નિવૃત્તિ લીધા પછી પણ કંઈક પ્રવૃત્તિ કરવાનું વિચાર્યું હતું. એમાં એમને ખબર પડી કે હિમાલયમાં ૫૦૦૦ ફૂટની ઊંચાઈએ નાનાં નાનાં ગામડાં છે અને ત્યાં રહેતા અત્યંત ગરીબ માણસોને જિંદગીભર સ્કૂલમાં ભણવાની તક મળતી નથી અને એમાંથી ઘણા ખરા તો સ્કૂલ જોઈ પણ શક્તા નથી. ગુરુ ગોપાલદત્તને કોઈએ એ વાત કરી એટલે તેઓ હિમાલયના એ વિસ્તારમાં જઈ પહોંચ્યા.

નિવૃત્ત શિક્ષક ગુરુ ગોપાલદત્તે હિમાલયના એ ગામડાંમાં ઝૂંપડે ઝૂંપડે ફરીને ત્યાંના પહાડી રહેવાસીઓને સમજાવ્યા કે આ વિસ્તારમાં શાળા શરૂ કરવી જોઈએ. પહેલા તો એ પહાડી માણસોએ તેમની વાત હસી કાઢી. હિમાલયમાં એટલી ઊંચાઈ પર સ્કૂલ શરૂ કરવાની વાત લઈ આવનારો માણસ એમને ગાંડો લાગ્યો. પણ ગુરુ ગોપાલદત્ત એથી નિરાશ ન થયા. તેમણે એમને સમજાવવાની કોશિશ ચાલુ રાખી. છેવટે એમાંના કેટલાક માણસો ગુરુ ગોપાલદત્તને મદદ કરવા તૈયાર થયા.

એ માણસોની મદદથી એક દિવસ ગુરુ ગોપાલદત્તે પહાડી માણસોની એક બેઠક બોલાવી. એ બેઠકમાં સો જેટલા પહાડી રહેવાસીઓ આવ્યા. ગુરુ ગોપાલદત્તે એક ઊંચા પથ્થર ઉપર ચડીને મોટા અવાજે એમને સંબોધન કર્યું કે, ભાઈઓ, દુનિયામાંથી ગરીબી અને અજ્ઞાન દૂર થઈ રહ્યા છે, પણ આપણે હજી ગરીબી અને અજ્ઞાનમાં સબડી રહ્યા છીએ. આપણે આપણા બાળકોને ભણવાની તક આપવી જોઈએ અને એ માટે એક શાળા બનાવવી જોઈએ. આપણા બાળકો ભણશે તો તેઓ આગળ વધશે અને આપણી ગરીબી દૂર થશે.

જોકે એ ગરીબ માણસોને એ વાત સમજાતી નહોતી કે અમારા છોકરાં ભણશે તો એમાં અમારી ગરીબી કઈ રીતે દૂર થશે, પણ ગુરુ ગોપાલદત્તે એમને સરળ રીતે સમજાવ્યા કે, આપણાં બાળકો ભણશે તો તેઓને ખેતીમાં વધુ પાક મેળવવાનું જ્ઞાન પણ મળશે અને એથી આપણી જમીનોમાંથી દર વર્ષે વધુ સારો પાક ઊતરશે. પહાડી માણસો બીજું કંઈ તો ન સમજ્યા, પણ બાળકોના ભણવાથી જમીનમાંથી વધુ પાક ઊતરી શકે એ વાત તેમને આકર્ષી ગઈ. એ માણસોએ ગુરુ ગોપાલદત્તને મદદ કરવાની તૈયારી બતાવી. જોકે વાસ્તવમાં ગુરુ ગોપાલદત્ત તેમને મદદ કરી રહ્યા હતા!

પહાડી વિસ્તારમાં એટલી ઊંચાઈએ સપાટ જમીન હોય નહીં એટલે સૌપ્રથમ પહાડી માણસોની મદદથી ગુરુ ગોપાલદત્તે એટલી ઊંચાઈએ સ્કૂલ માટે જમીન સપાટ કરવા માંડી. એમણે પાંચ વરસની સતત અને તનતોડ મહેનત પછી એક ચોગાન તૈયાર કર્યું. બીજા બે વર્ષ દરમિયાન પથ્થરો અને લાકડાની મદદથી ત્યાં અઢીસો જેટલા વિદ્યાર્થીઓ હવા-પાણીથી બચી શકે એવી શાળા

http://suratiundhiyu.wordpress.com/

તૈયાર થઈ. પથ્થરની દીવાલો બનાવાઈ અને જંગલ ખાતાના અધિકારીઓને સમજાવીને પાંચ માઈલ દૂરથી લાકડાં કાપીને લાવવામાં આવ્યાં અને એનો ઉપયોગ બારી-બારણાં માટે કરવામાં આવ્યો.

આ દરમિયાન વિનાયક વિસ્તારના પહાડી રહેવાસીઓને ગુરુ ગોપાલદત્તમાં શ્રદ્ધા બેઠી હતી એટલે તેમણે હિમાલયની તળેટીમાં થોડી થોડી કરીને દસ એકર જમીન શાળાનો ખર્ચ કાઢવા માટે આપી. ગુરુ ગોપાલદત્તે એ જમીનમાં આધુનિક રીતે ખેતી શરૂ કરાવી અને એ ખેડૂતોને તેમની બીજી બધી જમીનમાં પણ આધુનિક રીતે ખેતી કરવા માટે સમજાવ્યા. ગરીબ પહાડીઓએ કાઢી આપેલી દસ એકર જમીનમાં પણ એ પહાડી માણસોની મદદથી જ પાક લેવાતો અને એના વેચાણમાંથી મળતી રકમ શાળાના બાંધકામ અને બીજા ખર્ચ માટે વપરાતી હતી.

આ રીતે આઠ વર્ષની તનતોડ મહેનત અને દિલકશ લગન પછી હિમાલયના એ અંતરિયાળ વિસ્તારમાં શાળા તૈયાર થઈ. એ શાળામાં વિનાયક વિસ્તારનાં ગામડાંનાં બાળકો તો જવા લાગ્યાં, પણ આઠ આઠ માઈલ દૂરથી પણ બાળકો એટલી ઊંચાઈએ ચડીને ભણવા જવા લાગ્યાં. એ શાળામાં બાળકોને ભણાવવા માટે કેટલાક પરોપકારી શિક્ષકો તૈયાર થયા, પણ એ શાળામાં સાધનોનો અભાવ હતો. ૧૯૫૮માં ડચ વૈજ્ઞાનિક ફ્રેડરિક કેરબેસિયસ વેબર ભારત આવ્યા હતા. તેમને કોઈએ હિમાલયના વિનાયક વિસ્તારની આ અનોખી શાળા વિશે વાત કરી એટલે તેમને આ શાળા જોવાનું મન થયું. તેઓ યુનાઈટેડ નેશન્સના અન્ન અને ખેતી વિભાગના સભ્ય હતા એટલે તેઓ વિશ્વના ઘણા દેશોમાં ફરતા રહેતા હતા. તેમણે આ અનોખી શાળા જોઈ અને તેઓ પ્રભાવિત થઈ ગયા.

ડચ વૈજ્ઞાનિક ફ્રેડરિક વેબર જુદા જુદા દેશોની મુલાકાત દરમિયાન ત્યાંની શાળાઓમાં જતા હતા. તેમણે યુરોપના ઘણા દેશોની શાળાઓમાં પ્રવચન આપતી વખતે વિનાયક વિસ્તારની શાળાનું રસપ્રદ વર્ણન કર્યું અને ત્યાંના બાળકો કેવી વિષમ સ્થિતિમાં સાધનોના અભાવ વચ્ચે ભણી રહ્યાં છે એ વિશે વાત કરી. યુરોપની શાળાઓના બાળકોને નવાઈ લાગી કે કોઈ સ્કૂલમાં પ્રયોગશાળા પણ ન હોય તો કઈ રીતે ભણી શકાય? યુરોપની શાળાઓના બાળકોએ તેમને ઉત્સવો વખતે ઉજવણી માટે મળતી રકમમાંથી પૈસા બચાવીને નાનીનાની રકમની મદદ વિનાયકની શાળાને કરવા માંડી. યુરોપની કેટલીક શાળાનાં બાળકોએ તો 'વિનાયક પ્રદર્શનો' ગોઠવ્યાં અને એમાં પોતાની હાથ બનાવટની ચીજો વેચવા મૂકી. એ શાળાનાં બાળકોનાં માતાપિતાઓએ પોતાના સંતાનોના પ્રદર્શનમાંથી એ ચીજો સારા દામે ખરીદી અને એ રીતે જમા થયેલા પાઉન્ડ બાળકોએ સ્કૂલના પ્રિન્સિપાલ્સ દ્વારા વિનાયક શાળાને મોકલ્યા.

http://suratiundhiyu.wordpress.com/

યુરોપની શાળાનાં બાળકો હિમાલયના વિનાયક વિસ્તારની શાળા માટે આર્થિક મદદ કરી રહ્યાં છે એ વાતની ખબર પડી એટલે ભારતમાંથી ઘણા માણસો પણ મદદ કરવા આગળ આવ્યા. મુંબઈના સર દોરાબજી તાતા ટ્રસ્ટે વિનાયકની એ શાળાને ૩૭૫ પાઉન્ડનું દાન આપ્યું. આજથી પંચાવન વર્ષ પહેલા હિમાલયના અંતરિયાળ વિસ્તારના પહાડી બાળકોની શાળા માટે એ ઘણી મોટી મદદ હતી.

હિમાલયના એ અંતરિયાળ વિસ્તારમાં શરૂ થયેલી એ શાળાએ પહાડી બાળકોની જિંદગી બદલી નાખી. નિવૃત્ત શિક્ષક ગુરુ ગોપાલદત્તે એ શાળાનું બીજ રોપ્યું અને ડચ વૈજ્ઞાનિક ફ્રેડરિક વેબરે એ શાળાને મદદ કરવા માટે જુદા જુદા દેશોની શાળાઓના વિદ્યાર્થીઓને પ્રેરણા આપી. કોઈ માણસ ધારે તો કલ્પનાતીત રીતે લોકોને મદદરૂપ બની શકતો હોય છે.

## 'લગ્ન બે આત્માઓનું જ નહીં, બે પરિવારનું પણ બંધન છે'

**Vimla**

- એ જ્યારે જવા નીકળી, ત્યારે ભાઇ-ભાભીનાં વર્તન માટે મનમાં અનેક શંકા હતી. આથી એ આખો દિવસ-સવારથી લઇને સાંજ સુધી ભાભીના વર્તનનું નિરીક્ષણ કરતી હતી.
- રૂમમાંથી ધીમેથી હસવાનો અવાજ સંભળાતો હતો. એ પણ સપનાંની દુનિયામાં ખોવાઇ ગઇ. સવારે ભાભી ઊઠાડતી હતી, 'દીદી, ઊઠો... ચા-નાસ્તો તૈયાર છે...' ડાઇનિંગ ટેબલ પાસે પહોંચી તો મમ્મી-પપ્પા અને ભાઇ એની રાહ જોતાં હતાં.

ભાઇનાં લગ્ન પછી આજે પહેલી વાર એ એમને મળવા જઇ રહી છે. મમ્મી-પપ્પા પણ બે મહિનાથી ત્યાં જ છે. મનમાં અનેક આશંકા ઘુમરાય છે. કોણ જાણે એમની ત્યાં કેવી હાલત થતી હશે? પોતાના મિત્રો, સગાંવહાલાંથી દૂર ત્યાં તેમનું મન લાગતું હશે કે નહીં... પપ્પા તો બહાર ક્યાંક આંટો પણ મારી આવતાં હશે, પણ મમ્મી આખો દિવસ ત્યાં શું કરતી હશે? લગ્નને હજી થોડો જ સમય થયો હોવાથી ભાઇ-ભાભી તો એકબીજામાં જ લીન હશે. આ વિચાર આવતાં અનાયાસ જ હોઠ પર સ્મિત તરી આવ્યું. એ દિવસો પણ કેવા મધુર હતા. આસપાસ મસ્તીભર્યું વાતાવરણ, રાતે મોડે સુધી જાગવાનું અને સવારે મોડા ઊઠવાનું. એ સ્મૃતિ એની નજર સામે તરવરવા લાગી.

સોમેશ મોડે સુધી સૂઇ રહેતો અને પોતે પથારીમાં પડી પડી એને જોયા કરતી. એની પાસે તો ઊંઘવા માટે આખો દિવસ પડ્યો હતો. સોમેશ નહાઇને નીકળે એટલે ડાઇનિંગ ટેબલ પાસે પહોંચી જતી. નાસ્તો કરીને સોમેશ ઓફિસે જતો અને પોતે પાછી રૂમમાં ભરાઇ જતી. દિવસમાં પાંચ-છ વાર સોમેશ સાથે ફોન પર વાત કરતી. એની પળેપળની ખબર રાખતી. લંચ માટે સોમેશનો ફોન આવતાંની સાથે જ એ ઝડપથી તૈયાર થઇ જતી. સોમેશ લંચ લઇને થોડી વાર આરામ કર્યા પછી

http://suratiundhiyu.wordpress.com/

પાછો જતો અને એ દીનદુનિયાથી અજાણ બની કોણ જાણે શાના વિચારોમાં ખોવાઇ જતી. એ દિવસો દરમિયાન જ અંશુ એના ઉદરમાં આકાર લેવા લાગ્યો, ત્યારે તો એની ખુશીનો પાર નહોતો. એને થતું, સોમેશ આખો દિવસ, પ્રત્યેક પળ એની પાસે રહે. માથું સહેજ ભારે લાગે તો એ જ પાસે બેસીને માથે હાથ ફેરવે. તન-મનમાં થતાં પરિવર્તનને સમજે, અનુભવે.

અચાનક એના વિચારોની શ્રૃંખલા આગળ વધતી અટકી ગઇ. એ સમયે સોમેશના મમ્મી-પપ્પા પણ અમારી સાથે જ તો રહેતાં હતાં. એમની એકલતાનો તો પોતાને ક્યારેય ખ્યાલ નહોતો આવ્યો. મમ્મી આખો દિવસ ઘરમાં અહીંતહી કંઇ ને કંઇ કામ કર્યાં કરતાં અને સાંજ થતાં જ બંને સોમેશ ઓફિસેથી આવે તેની આતુરતાથી રાહ જોતાં. એ આવે કે એની સાથે વાત કરવા ઉતાવળા બની જતાં. સાયુજ્ય સાધ્યા વિના અમે બંને એકબીજાની પરેશાની અનુભવવાની તો દૂર રહી, સમજી પણ નહોતાં શકતાં. એટલે જ તો એ એકલી હોય ત્યારે રૂમનું બારણું બંધ કરીને આખો દિવસ અંદર ભરાઇ રહેતી. પોતાનાં મમ્મી-પપ્પા, બહેનપણીઓ સાથે ફોન પર વાતો કર્યાં કરતી.

મમ્મીજી દિવસમાં કેટલીય વાર આવીને બારણું ખખડાવતાં અને ખાવાપીવાનું પૂછતાં. એને યાદ આવ્યું, એ અને સોમેશ ઘણી વાર એકબીજાને ખવડાવતાં. ઘણી વાર મમ્મી-પપ્પાને આવી ગયેલાં જોઇ સોમેશ અચકાઇ જતો. ત્યારે એને ખૂબ વિચિત્ર લાગતું, 'આપણે બંને પતિ-પત્ની છીએ. એકબીજાની કમર કે ગળામાં હાથ ભરાવીને ફરવામાં શરમ કે સંકોચ શાનાં?' પણ જો ભાઇ-ભાભી એનાં મમ્મી-પપ્પા સામે આ રીતે 'બિહેવ' કરતાં હશે, તો એનાં મમ્મી-પપ્પાને કેવું લાગશે? આ વિચાર આવતાં જ એ શરમ અનુભવતી. લાજ, શરમ, સંકોચ દરેકનાં વ્યક્તિગત હોય છે.આમ વિચારો કરતાં કરતાં જ ક્યારે ઘર આવી ગયું તેની ખબર જ ન પડી. રાતે જમી લીધા પછી બધાં સૂવાની તૈયારી કરવા લાગ્યાં. ભાઇ-ભાભીના રૂમમાંથી ધીમા સ્વરે હસવાનો અવાજ આવતો હતો. એ પણ પોતાના સપનાંની દુનિયામાં ખોવાઇ ગઇ અને ક્યારે એને ઊંઘ આવી ગઇ તેની ખબર જ ન રહી.

સવારે ભાભી એને જગાડતી હતી, 'દીદી, ઊઠો... ચા-નાસ્તો તૈયાર છે...' ડાઇનિંગ ટેબલ પાસે પહોંચી તો મમ્મી-પપ્પા અને ભાઇ બધાં એની રાહ જોઇ રહ્યાં હતાં. બધાંને એકસાથે જોઇને એને ખૂબ સારું લાગ્યું. નાસ્તો કર્યા પછી મમ્મીએ ભાભીને એના રૂમમાં આરામ કરવા માટે મોકલી દીધી અને મા-દીકરી વાતો કરવા બેઠાં. લગભગ બે વાગ્યે ભાભીએ આવીને કહ્યું, 'મમ્મીજી, જમવાનું તૈયાર છે.' 'રાજુ ક્યારે આવે છે?' મમ્મીએ પૂછ્યું. 'એમનો ફોન આવ્યો હતો કે એમને આવતાં મોડું થશે. તમે બધાં જમી લો.' ભાભીએ આગ્રહ કર્યો. એ વિચાર કરતી રહી.

આખો દિવસ એ ચૂપચાપ ભાભીની દિનચર્યાનું નિરીક્ષણ કરતી રહી. ઘરને વ્યવસ્થિત રાખવાના ગુણ જેમ કે, કપડાં સંકેલવા, ધોબીનો હિસાબ રાખવો, કરિયાણું અને શાકભાજી મગાવવા, નોકરના

http://suratiundhiyu.wordpress.com/

કામકાજનો ખ્યાલ રાખવો વગેરે મમ્મી પાસેથી સમજવાનો પ્રયત્ન કરતી રહી. એમના કહેવા પ્રમાણે કરતી રહી અને વચ્ચે વચ્ચે પોતાના ફંડા જેમ કે, ફ્રાઇડ સાથે રોસ્ટેડ કે સ્પ્રાઉટેડ વાનગી બનાવવી, સ્ટફ્ડ પરોઠા સાથે બ્રેડ-બટર, સમોસા, કચોરી, ગુલાબજાંબુ સાથે ક્યારેક પેસ્ટ્રી પણ આપતી. મમ્મી-પપ્પા પણ આ નાનાં-મોટા પરિવર્તનનો સાનંદ સ્વીકાર કરતાં હતાં. રાતે ભાભીએ પોતાનાં રૂમમાં જતાં પહેલાં નોકરને પૂછી લીધું. બધી પથારી બરાબર ઝાપટીને ફરીથી ચાદર પાથરી છે કે નહીં? રૂમમાં પાણી મૂકી દીધું? આવી નાની નાની વાતોનું પણ ધ્યાન રાખતી ભાભીએ કેટલી ઝડપથી બધું સંભાળી લીધું હતું. એ તો જોતી જ રહી.

એક દિવસ એણે ભાભીને કહ્યું, 'તમે તો ખૂબ સારી રીતે ઘર સંભાળી લીધું છે...' 'અરે દીદી, મને ક્યાં કંઇ આવડતું હતું? હું તો મમ્મી પાસેથી શીખવાની કોશિશ કરી રહી છું.' ભાભી સહેજ સંકોચ અનુભવતાં બોલી. 'ડિલિવરી માટે તો તમે પિયર જશો ને?' એણે આગળ પૂછ્યું. 'ના, રાજુ કહે છે કે એમને ત્યાં કમ્ફર્ટેબલ નહીં લાગે. વળી, મમ્મીની પણ એવી જ ઇચ્છા છે. એમણે તો અત્યારથી તૈયારીઓ શરૂ કરી દીધી છે.' ભાભી શરમાતાં શરમાતાં કહેતી હતી. એ વિચારવા લાગી. 'રાજુ કહે છે...', 'મમ્મીની એવી જ ઇચ્છા છે...' શું છે આ બધું? બધી વાત બીજાની મરજી અનુસાર. કેટલી મૂર્ખ છે. શું એનું પોતાનું કોઇ સ્થાન નથી? જોકે મનમાં ક્યાંક કંઇક ખટક્યું ખરું.

પાછી ફરવાની હતી એ દિવસે વહેલી સવારે ભાઇ-ભાભીને ઊઠેલાં જોઇ એને નવાઇ લાગી, 'ભાઇ, તમે આટલા વહેલાં...' 'આ તારી ભાભી મને સૂવા દે ત્યારે ને. દીદી જાય છે કહીને જબરદસ્તી જગાડી દીધો.' ભાઇએ ભાભી તરફ પ્રેમાળ નજર નાખતાં કહ્યું. ધીરગંભીર ભાઇના ચહેરા અનોખી ચમક હતી. 'પછી તમે જ મને ટોકતાં કે મને કેમ ઊઠાડ્યો નહીં?' ભાભીનો આ જવાબ એના હૈયાસોંસરવો ઊતરી ગયો. એને યાદ આવ્યું, જ્યારે એની પોતાની નણંદ જવાની હતી... સોમેશ ગાઢ ઊંઘમાં હતો. એણે રૂમના બારણાં પાસે કોઇનો પગરવ સાંભળ્યો અને ચૂપચાપ પડી રહી. સોમેશ જાગ્યા ત્યારે એમણે કંઇક આવું જ કહ્યું હતું. આખો દિવસ એનો મૂડ ખરાબ રહ્યો. આજે એને પણ જો પોતાની નણંદની માફક જવું પડ્યું હોત તો... આ મૂર્ખ જેવી લાગતી યુવતી આગળ નીકળી ગઇ, જેટલી બાઘી જેવી લાગે છે એટલી નથી... એ વિચારતી હતી. 'વહુને સારા દિવસો જાય છે. સમયસર આવી જજે, થોડી મદદ થશે. મને તો અત્યારથી ગભરામણ થાય છે.' મમ્મીએ આગ્રહ કર્યો. એમનો ચહેરો ઉત્સાહભર્યો હતો.

ઘરે પાછાં જતી વખતે એનું મન ભારે થઇ ગયું હતું. કોણ જાણે કેમ? એણે તો ખુશ થવું જોઇએ. એની તમામ આશંકા નિરાધાર નીવડી. બધું બરાબર છે. મમ્મી-પપ્પા, ભાઇ-ભાભી બધાં કેટલાં ખુશ છે તો પછી આ અસમંજસ શાની? કદાચ દરેક વાતમાં મમ્મી દ્વારા ભાભીને વધારે મહત્ત્વ આપવાનું કે પછી પોતાનું પિયર જ એને પારકું લાગવા માંડ્યું હતું કે પછી ભાઇ-ભાભી વચ્ચેનો પ્રેમ... જોકે

http://suratiundhiyu.wordpress.com/

એમ તો સોમેશ પણ એને અનહદ પ્રેમ કરે છે. તો પછી એવું શું છે, જે એને ખટકે છે? એ સમજી ગઇ કે એની પોતાની ગૃહસ્થી માત્ર સોમેશ સુધી જ મર્યાદિત રહી છે. એનાથી આગળ એ વિચારી જ નથી શકી. એટલે સુધી કે એનાં પોતાનાં મમ્મી-પપ્પા આવ્યાં ત્યારે એણે એમને પણ ચોખ્ખું કહી દીધું હતું, 'મમ્મી, સવારે છ વાગ્યે જ જવા માટે તૈયાર ન થઇ જતાં. કાલે સોમેશને રજા છે. અમે મોડે સુધી સૂતાં હોઇએ છીએ.' આ સાંભળીને સૌ એકબીજા સામે તાકી રહ્યાં હતાં.

લગ્ન બે આત્માઓનું જ નહીં, બે પરિવારનું પણ બંધન છે... એ વાત ભાભીએ સાબિત કરી દીધી. કહે છે કે આ વિશાળ આકાશમાં સૌનો પોતપોતાનો હિસ્સો હોય છે. એને તો મુઠ્ઠીભર આકાશ જ મળી શક્યું. જ્યારે આ નાદાન જેવી દેખાતી ભાભી હાથ ખુલ્લા રાખીને આકાશનો એક વિશાળ ભાગ લઇ ગઇ.

## મદદ કરવાની દાનત ક્યારેક માણસને પોતાને મદદરૂપ થતી હોય છે

અમેરિકાના ધનાઢ્ય બિઝનેસમેને એક માણસને દરિયામાં કૂદીને મરતા બચાવ્યો અને...

સુખનો પાસવર્ડ - આશુ પટેલ

અમેરિકાના ટોચના બિઝનેસમેન ચેસ્ટરફિલ્ડને એક વાર કોઈ ઘટનાથી આઘાત લાગ્યો. ચેસ્ટર ફિલ્ડનું એ સમયમાં બહુ મોટું નામ હતું. નાસીપાસ થઈ ગયેલા ચેસ્ટરફિલ્ડે આત્મહત્યા કરવાનો નિર્ણય લઈ લીધો. ચેસ્ટરફિલ્ડ દરિયામાં કૂદીને જીવન ટૂંકાવવા માટે દરિયા કિનારે પહોંચ્યા. દરિયા કિનારે બીજા એક વેપારી ટહેલી રહ્યા હતા. એનું નામ હેલબર્ટન હતું. હેલબર્ટન ચહેરાથી ચેસ્ટરફિલ્ડને નહોતા ઓળખતા પણ તેમને લાગ્યું કે આ માણસ જીવનથી નિરાશ થયેલો છે એટલે તેને થોડી મદદ કરું તો એ જીવી જશે.

હેલબર્ટને ચેસ્ટરફિલ્ડને આપઘાત કરતા અટકાવ્યા અને એમની સાથે પ્રેમથી વાત કરી. છેવટે તેમણે પોતાનું વિઝિટિંગ કાર્ડ ચેસ્ટરફિલ્ડને આપ્યું અને કહ્યું કે, આ કાર્ડ લઈને કાલે મારી ઓફિસે આવજે હું તને તરત જ મળીશ અને તને જે પણ મદદ જોઈએ એ હું આપીશ.

ચેસ્ટરફિલ્ડને બહું સારું લાગ્યું. તેમણે આપઘાત કરવાનો વિચાર માંડી વાળ્યો. પાછળથી એમને ખબર પડી કે તેમને બચાવનારો માણસ પણ બહુ મોટો બિઝનેસમેન હતો. ચેસ્ટરફિલ્ડ જોકે ક્યારેય હેલબર્ટન પાસે મદદ માગવા ગયા નહીં. તેઓ આઘાતમાંથી બહાર આવી ગયા અને પાછો તેમણે પોતાનો વ્યવસાય જમાવી દીધો. ઘણો સમય વીતી ગયો.

એ પછી એક દિવસ ચેસ્ટરફિલ્ડે હેલબર્ટન વિશે અખબારોના પહેલા પાને સમાચાર વાંચ્યા. એમાં લખ્યું હતું કે ધંધામાં નુકસાનને કારણે હેલબર્ટનની કંપની દેવાળું ફૂંકવાને આરે આવી ગઈ છે.

http://sulaiundriyu.wordpress.com/

લેણદારો હેલબર્ટનની પાછળ પડી ગયા છે. હજારો લોકોને છૂટા હાથે મદદ કરનારા હેલબર્ટનને આજે પોતાને મદદની જરૂર છે પણ કોઈ એની પડખે નથી.
ચેસ્ટરફિલ્ડે પેલું વિઝિટિંગ કાર્ડ શોધ્યું જે દરિયાકિનારે તેમને હેલબર્ટને આપ્યું હતું. ચેસ્ટર ફિલ્ડ એ કાર્ડ લઈને હેલબર્ટનને મળવા પહોંચી ગયા. તેમણે હેલબર્ટનને દરિયાકિનારાની મુલાકાતની યાદ આપી. હેલબર્ટને ચેસ્ટર ફિલ્ડને ખિન્ન હાસ્ય સાથે કહ્યું કે, તમે મદદ માગવા મોડા આવ્યા! અત્યારે તો હું જ કડકો બની ગયો છું. સોરી. ચેસ્ટરફિલ્ડે કહ્યું, "હું કંઈ લેવા નહીં આપવા આવ્યો છું. અને તેમણે બ્લેન્ક ચેક સાઈન કરીને હેલબર્ટનને આપ્યો! ચેસ્ટરફિલ્ડે કહ્યું, "તમારે જેટલી રકમની જરૂર હોય એ ભરી લો. ભીની આંખે હેલબર્ટને ૪૦ લાખ ડોલરની રકમ લખી અને ચેસસ્ટરફિલ્ડે એ ચેક પર સહી કરીને ચેક હેલબર્ટનને આપ્યો.
ક્યારેક અજાણતા પણ કોઈને મદદ કરીએ તો ભવિષ્યમાં એનું પુનરાવર્તન પોતાની સાથે થવાની શક્યતા રહેતી હોય છે.

## તમામ સારવાર તદ્દન વિનામૂલ્યે આપતી અનેરી હોસ્પિટલ

દેશમાં મોંઘવારી ફાટીને ધુમાડે ગઈ છે. વધતા ભાવો અને ઘટતી આવકના કારણે આમઆદમી સૌથી વધારે મેડિકલ ક્ષેત્રે પીસાય છે. કારણ કે, આ એક જરૂરિયાત એવી છે જેને આર્થિક સ્થિતિ ગમ્મે તેટલી નબળી હોય છતાં કોઈ પણ સંજોગોમાં અવોઈડ કરી શકાતી નથી. ગમ્મે ત્યાંથી પૈસાનો મેળ કરીને મેડિકલ પાછળ જરૂરી ખર્ચ કરવો જ પડે છે. મોંઘી સારવાર ગરીબ માણસની કમ્મર તોડી નાખે છે. ક્યારેક તો અત્યાધુનિક સારવારના અભાવે ગરીબ માનવી અકાળે કાળનો કોળીયો પણ બની જાય છે. ગંભીર બીમારીના સંજોગોમાં બાળકો અને સ્ત્રીઓની હાલત કફોડી બનતી હોય છે. અને એમાં પણ જો કોઈ બીમારી ગરીબ પરિવારના મોભીને ભરખી જાય તો તે પરિવારના બાળકનું ભવિષ્ય અંધકારમય બની જાય છે. તમે પણ આ તમામ હકીકતોથી વાકેફ તો હશો જ. પરંતુ તમને કદાચ એ વાતની ખબર નહીં હોય કે ગરીબ પરિવારોને આવી નર્કાગાર સમાન પરિસ્થિતિથી બચાવવા માટે ગુજરાતમાં એક પરબ સમાન હોસ્પિટલ ધમધમે છે જ્યાં આવનારા તમામ દર્દીને તમામ પ્રકારની સારવાર તદ્દન વિનામૂલ્યે આપવામાં આવે છે. નાની-મોટી નહીં પણ ગંભીર બીમારીના મોટા મોટા ઓપરેશન પણ કોઈપણ પ્રકારની ફી લીધા વિના કરવામાં આવે છે.

http://suratiundhiyu.wordpress.com/

અમે વાત કરી રહ્યા છીએ સ્વામી નિર્દોષાનંદજી માનવસેવા ટ્રસ્ટ સંચાલિત નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલની. આ હોસ્પિટલ ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના ટીંબા ગામે અમદાવાદ-અમરેલી હાઈવેને અડીને આવેલી છે.

સસ્તી સારવારના અભાવી રિબાતા ગરીબ પરિવારોને ધ્યાનમાં રાખીને પરમહંસ પરિવ્રાજકાચાર્ય સ્વામી નિર્દોષાનંદ  સરસ્વતીએ એક એવી હોસ્પિટલ ઉભી કરવાની પ્રેરણા આપી જ્યાં કોઈપણ જાતના ભેદભાવ વિના તમામ પ્રકારની સારવાર તદ્દન વિનામૂલ્યે આપવામાં આવે. લોકોએ આ વાતને સહર્ષ વધાવી લીધી. આ હોસ્પિટલના બાંધકામ માટે મનુબેન લવજીભાઈ ભીંગરાડીયાએ હાઈવેને અડીને આવેલી એક લાખ ચોરસ ફૂટ જમીન દાનમાં આપી. 2006માં ખાતમૂહુર્ત બાદ જાન્યુઆરી 2011માં 60000 સ્કે.ફુટનું બાંધકામ પૂર્ણ થતા આ સંકૂલ લોકસેવા માટે ખુલ્લુ મુકવામાં આવ્યું. અને ગુરુદેવે હોસ્પિટલમાં આવનાર તમામ દર્દીઓને તમામ સારવાર વિનામૂલ્યે આપવાના નિર્ધારનો પૂનરોચ્ચાર કર્યો. ત્યારથી નિ:શુલ્ક સારવારની પરંપરાનો પ્રારંભ થયો અને આજે રોજ 400-500 દર્દીઓને રોજ સારવાર અપાય છે.

નિર્દોષાનંદ હોસ્પિટલમાં દર્દીઓને માત્ર તપાસ, સોનોગ્રાફી, એક્સ-રે, લેબોરેટરી અને તમામ પ્રકારની દવાઓ કોઈપણ ચાર્જ વિના અપાય છે. આ ઉપરાંત દર્દીઓ તેમજ તેમના સગાંઓને ઉત્તમ પ્રકારનું ભોજન તથા રહેવાની સગવડ પણ આપવામાં આવે છે. આ તમામ સુવિધાઓ પણ સંપૂર્ણ નિ:શૂલ્ક અપાય છે. ભારતભરમાં આ રીતે સંપૂર્ણ વિનામૂલ્યે સેવા આપતા ચિકિત્સાલયો ભાગ્યે જ જોવા મળે છે.

નિર્દોષાનંદજી માનવસેવા હોસ્પિટલમાં સારણગાંઠ, એપેન્ડિક્સ, થાઈરોઈડ, ગર્ભાશયના ઓપરેશનો, સ્તન કેન્સર, આંતરડાના ઓપરેશનો તથા સરકમસિઝન સર્ઝરી વિનામૂલ્યે થાય છે. પ્રોફેશનલ હોસ્પિટલોમાં જે ઓપરેશનો એક લાખ રૂપિયા આપતા પણ ન થાય તેવા ઓપરેશનો અહીં એક પણ રૂપિયો લીધા વિના કરી આપવામાં આવે છે.

અહીં દર મહિને સરેરાશ 75થી 80 જેટલી પ્રસુતી થાય છે. પ્રસુતી બાદ પ્રસુતાને એક કિટ અપાય છે. જેમાં ચોખ્ખુ ઘી-ગોળ અને લોટ તેમજ શરો કે રાબ બનાવવા માટે ગેસ અને વાસણ હોય છે. આ ઉપરાંત પ્રસુતાને રજા આપતી વેળા શુદ્ધ ઘીની ઔષધિયુક્ત દોઢ કીલો સુખડીનું બોક્સ આપવામાં આવે છે.

નિર્દોષાનંદ માનવસેવા હોસ્પિટલના પ્રસુતિ વિભાગમાં નોર્મલ ડિલીવરી, સિઝેરીયનનું ઓપરેશન, ગર્ભાશયની કોથળીનું ઓપરેશન, માટી ખસી ગઈ હોય તેનું ઓપરેશન (**Pro-Asse Uterus**), સ્ત્રી નસબંધીનું ઓપરેશન(**T.L**), ગર્ભાશયની ગાંઠ અને અંડપીંડની ગાંઠ સહિતના ઓપરેશનની સુવિધા અને સેવા આપવામાં આવે છે.

http://suratiundhiyu.wordpress.com/

જાન્યુઆરી-2011થી ફેબ્રુઆરી-2013 સુધીમાં એટલે કે 26 માસમાં અહીં 1,87,260 દર્દીઓને ઓ.પી.ડી. સારવાર વિનામૂલ્યે આપવામાં આવી છે. કુલ મળીને 3345 ઓપરેશનો કરવામાં આવ્યા છે. તેમજ અન્ય વિભાગોમાં પણ 40998 દર્દીઓને સારવાર આપવામાં આવી છે.
આ તમામ સારવાર-સુવિધાઓ ઉપરાંત દર્દીઓને લાવવા-લઈ જવા માટે તદ્દન રાહતદરે એમ્બુલન્સ સેવા પૂરી પાડવામાં આવે છે. તેમજ ઉનાળાના સમયમાં હોસ્પિટલની આસપાસના વિસ્તારના લોકોના આરોગ્યના રક્ષણ માટે છાશકેન્દ્ર ચલાવવામાં આવે છે. તો શિયાળામાં ઉકાળાકેન્દ્ર ચલાવાય છે.

આ હોસ્પિટલમાં ઈ.એન.ટી., યુરોલોજીસ્ટ, ફિઝિશિયન, રેડોયોલોજીસ્ટ, ચેસ્ટ ફિઝિશિયન, પેથોલોજીસ્ટ, ઓર્થોપેડિક, પીડીયાટ્રીક, એનેસ્થેટિક, ઓપ્થાલ્મો, આયુર્વેદીક, ઓડિયોમેટ્રી જેવા વિષયના ખ્યાતનામ અને સ્પેશિયાલિસ્ટ ડોક્ટર્સ સેવા આપે છે.
નિર્દોષાનંદ માનવસેવા ટ્રસ્ટ ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના ટીંબા ગામે હાઈવેપર આવેલુ છે. તેનો સંપર્ક ઈ-મેઈલ આઈડી nirdosh@yahoo.com પર સાધી શકાશે.

## આપણા કરેલા કર્મોનો હિસાબ

થોડાક વખત પહેલાં, એક માનતા પુરી થયા પછીથી, તે માન્યા પ્રમાણે હું અમુક ગરીબ ભૂખ્યા લોકોને કશુંક ખાવાનું આપવા માટે ફરસાણ-મિઠાઇવાળાની દુકાનેથી બુંદીના ૧-૧ લાડુ અને ગાંઠીયાના ૫૧ પડીકા બંધાવીને સવારના પહોરમાં સ્કુટર ઉપર નીકળી પડ્યો. થોડાક પડીકા રસ્તામાં આવતા-જતાં ભિખારીઓને આપતો આપતો રેલ્વે સ્ટેશને પહોંચ્યો, કારણ કે ત્યાં અથવા મંદિરે જ વધારે ભિખારીઓ મળી રહે...
ભજીયાં,સીંગ ચણા વગેરેની લારીઓથી થોડેક દુર, એક ઝાડ નીચે, એક ભિખારણ બે નાના છોકરાઓને લઇને બેઠી હતી. મેં તેની નજીક જઇને તેને વ્યક્તિદીઠ ૧-૧ એમ ત્રણ પડીકા આપ્યા, અને હજી તો સ્કુટરની કીક મારવા જઉં તે પહેલાં પેલી ભિખારણે "ઓ...સાયેબ...અરે..ઓ..શેઠ" બુમો પાડીને મને રોક્યો. પાસે આવીને મને કહે કે "સાયેબ, તમુયે તૈણ જણના તૈણ પડીકા આપીયા, પન આ નાલ્લો તો હજી હાત મ્હૈનાનો જ થ્યો છે.. ઇ કેમનો ખૈ હખવાનો? લો આ એક પડીકું પાછું લૈ જાવ. કોક બચારા મારાથી વધારે ભુખ્યાને કામ લાગશે."

મારી આંખોમાં આંસુ આવી ગયા. (કેટલી ઇમાનદારી?) છતાં એની પરિક્ષા કરવા માટે મેં પુછ્યું કે "જો આ પડીકું તેં તારી પાસે રહેવા દીધું હોત, તો તને સાંજે ખાવા કામ લાગેત. શું તારી પાસે સાંજના ખાવા માટેની કોઇ વ્યવસ્થા છે? કે તું શું ખઇશ? છોકરાને શું ખવડાવીશ?"...તેણે હાથ જોડીને જે જવાબ આપ્યો તે સાંભળીને મને તેના ચરણસ્પર્શ કરવાનું મન થઇ ગયું, તેણે કીધું કે," શેઠ...સાંજની કે કાલની ચિંતા કરવાનું કામ મારૂ નથી, ઉપરવાળાનું છે અને તે જે આપે છે તેટ્લું જ મારૂં છે, (ભગવાન ઉપર કેટ્લી શ્રધ્ધા છે).. જો મારા નસીબમાં હશે તો અહીં જ ઝાડ નીચે બેઠાં- બેઠાં પણ તમારા જેવા કોઇક ગાડીવાળાને નિમીત્ત બનાવીને પણ અમારૂં પેટ ભરશે, પણ તે માટે હું બેઇમાની તો નહીં જ કરૂં. મારા નસીબનું હશે, તેટ્લું જ મને મળશે, નહિતર તમે આપેલુ આ પડીકુ પણ કોઇ કુતરૂં કે કાગડો આવીને ખેંચી જશે.(કેટલો સંતોષ)
જો ભગવાને મને મારા કર્મોના હિસાબે આ ભિખારણનો દેહ આપ્યો છે તો તેમાં જ મારૂં ભલુ હશે અથવા તે જ મારૂં નસીબ હશે, નહિતર હું અત્યારે ગાડીવાળાના ઘરમાં હોત....!!!"
કેવો સરસ માર્મિક જવાબ છે, પોતાની પાસે કશું જ નથી તો ય કાલની કે સાંજની ચિંતા નથી, અને આપણને ભગવાને એટલું બધું આપી દીધું છે કે આપણને તે સાચવવાની ચિંતા છે...શેમાં પૈસા રોકું તો જલ્દીથી વધે?
૨૫ વર્ષ પછી પાકીને કેટલાં થશે, તેવી ગણતરી કરીને રોકાણ કરીએ છીએ...
૨૫-૩૦ વર્ષનું મોરગેજ, ૨૫ વર્ષ પછી **RRSP/CPP/Insurance** માંથી કેટલા પાછા આવશે, તે ગણીને
આજે ભીડ ભોગવીને ય કાલ માટે બચાવીએ છીએ, અને ભગવાન ઉપર શ્રધ્ધાની મોટી મોટી વાતો કરીએ છીએ...!!! ધન્યવાદ
खबर नहीं है पलकी....
और बात करत है कलकी...

## મા તે મા, બીજા વગડાના વા(કેલિડોસ્કોપ)

**કેલિડોસ્કોપ – મોહમ્મદ માંકડ**

http://suratiundhiyu.wordpress.com/

નવા વર્ષની શરૂઆત, જેના પ્રેમની કોઈ સીમા નથી એવી માતાને યાદ કરીને કરીએ, કારણ કે માતા-પિતા બંને માનવસમાજમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે, પરંતુ માતા તો પશુ, પક્ષી, જલચર, સ્થલચર, બધા જીવોમાં પોતાના બાળક માટે ઉત્કટ લાગણી ધરાવતી હોય છે. આ નાનકડો લેખ, યુવાનીના તોરમાં માતા-પિતાના ઉપકારોને ભૂલી જનારાઓને, પત્ની અને બાળકોના મોહમાં રત બનીને માતા-પિતાની અને ખાસ તો માતાની અવગણના કરનારાઓને અને સત્તા કે પૈસા પાછળ દોડવામાં પોતાની ફરજ ચૂકી જનારાઓને સૌને તેમની ફરજનું ભાન કરાવશે તો આ લેખ લખવાની મહેનત સાર્થક થશે.

માતા અને માતાનો પ્રેમ અગાધ, અતાગ હોય છે. માતાના પ્રેમ વિશે તમે જાણી શકો તો 'પ્રેમ' કેવો હોય તે કદાચ જાણી શકો.

એક શિકારીએ પોતાના અનુભવો લખતી વખતે એક સસલીનો દાખલો લખ્યો છે. એક સાંજે બહાર ફરતી વખતે એક સસલાને એક જ જગ્યાએ બે-ત્રણ વાર દોડી જતું એણે જોયું. તેને લાગ્યું કે ચોક્કસ ત્યાં તેનાં બચ્ચાં હોવાં જોઈએ. બચ્ચાં શોધવા માટે તે બધી જગ્યા ફેંદી વળ્યો પણ ક્યાંય એને બચ્ચાં દેખાયાં નહીં, પરંતુ સસલાની હિલચાલ પરથી એને લાગતું હતું કે તે માદા હતી. અને નિઃશંક પોતાનાં બચ્ચાં પાસે જતી હતી. આખરે તેની માન્યતા સાચી પડી. ઉપરથી ઘાસિયા જમીનના ટુકડા જેવો લાગતો ભાગ ખરેખર તો એક નાનો સુંવાળો ધાબળો હતો. અને એની નીચે સસલીનું માતૃત્વ વણાયેલું હતું. બચ્ચાંને ઠંડી સામે રક્ષણ અને પૂરતી હૂંફ મળી રહે એટલા માટે સસલાએ એ ધાબળો પોતાના વાળ અને કુમળા ઘાસના મિશ્રણમાંથી બનાવ્યો હતો.

મા બધાં સમાજમાં અને બધાં જીવોમાં સરખી જ હોય છે. તે માણસ હોય, પશુ હોય, પંખી હોય કે નાનકડું જીવજંતુ હોય. બચ્ચું થયા પછી તેનું સંપૂર્ણ લક્ષ્ય, બલકે સંપૂર્ણ જીવન, તેના ઉપર કેન્દ્રિત થઈ જાય છે. બચ્ચાના ઉછેર માટે, સુખાકારી માટે, રક્ષણ માટે જ તે જાણે જીવતી હોય એમ લાગે છે.

કાંગારૂની વાત આપણે જાણીએ છીએ. પુખ્ત વયના કાંગારૂનું વજન લગભગ બસો રતલ અને ઊંચાઈ લાંબા માણસની ઊંચાઈ જેટલાં હોય છે. પણ તેને જે બચ્ચું જન્મે છે તે એકાદ ઈંચનું જ હોય છે. માન્યામાં ન આવે એવી આ વાત છે. આવડું નાનકડું બચ્ચું સ્વાભાવિક રીતે જ પૂરેપૂરું વિકસિત હોતું નથી. તેના પૂરા વિકાસ માટે કુદરતે જુદી જ રચના કરી છે. માદા તેને લઈને પોતાના શરીર સાથે જોડાયેલી કોથળીમાં મૂકે છે. બચ્ચું ત્યાં માદાના આંચળને વળગી રહે છે. ધીમે ધીમે તે વિકસે છે અને વિકસ્યા પછી અવારનવાર તે કોથળી છોડીને બહાર નીકળે છે, પરંતુ જરા અવાજ થતાં જ તે દોડીને પાછું માતાની કોથળીમાં સંતાઈ જાય છે. માતા કાંગારૂને જો ભયની ગંધ આવે તો કૂદકા મારતી તરત જ તે ભાગી છૂટે છે. એ વખતે બચ્ચું કોથળીમાંથી પડી ન જાય એ

http://suratiundhiyu.wordpress.com/

માટે પોતાના ખાસ પ્રકારના સ્નાયુઓ દ્વારા તે કોથળીને સંકોચી રાખે છે.જો તેને લાગે કે પોતે સપડાઈ જશે તો પોતાનો નહીં પણ માત્ર પોતાના બચ્ચાનો વિચાર કરે છે. બચ્ચાને બચાવવા માટે નાસતી નાસતી તે ચાલાકીપૂર્વક તે કોઈક ઝાંખરાં કે ખડક પાછળ સંતાઈ જાય છે અને તરત જ ત્યાં બચ્ચાને છુપાવી દે છે. અને બીજી જ પળે પાછળ પડેલા દુશ્મનની નજરે પડે એ રીતે કૂદકા મારતી નાસવા માંડે છે. તેની પાછળ પડેલ પ્રાણી કે માણસને તેની ચાલાકીનો કોઈ ખ્યાલ આવતો નથી અને તે કાંગારૂની પાછળ જ દોડયા કરે છે. માદા તેને પોતાના બચ્ચાથી દૂર દૂર ખેંચી જાય છે. કોઈ વાર એમ કરતાં શિકારીના હાથે મૃત્યુ પણ પામે છે, તો કોઈ વાર બચી જાય છે. બચી ગયા પછી તેને જ્યારે પૂરેપૂરી સલામતી લાગે છે ત્યારે તે પોતાના છુપાવેલા બચ્ચા પાસે પાછી ફરે છે.

મા પોતાનાં બચ્ચાંને જે જતનથી ઉછેરે છે તેની જોડ ક્યાંય જોવા મળતી નથી. કેટલીક વ્યક્તિઓ સ્વભાવે જ આળસુ, ઊંઘરેટી અને સ્વાર્થી હોય છે. પણ જો કોઈ છોકરી એવા સ્વભાવની હોય તો માતા બનતાં જ તેના સમગ્ર અસ્તિત્વમાં પરિવર્તન આવી જાય છે. બાળકની એક નાનકડી હિલચાલ પણ તેને જગાડી દે છે અને તેની આળસ અને સ્વાર્થ તદ્દન અદ્દશ્ય થઈ જાય છે.નાનકડી સફેદ માદા-ઉંદર જે જતનથી પોતાનાં બચ્ચાંને ઉછેરે છે એ જોઈને આપણે હેરત પામી જઈએ છીએ. જોકે, દરેક પશુપંખીની પોતાના બચ્ચાને ઉછેરવાની પોતાની એક ખાસ રીત હોય છે અને એ દરેક રીત આપણા માટે હેરતભરી હોય છે.

મનુષ્ય માતાઓ બાળકને એક સ્થળેથી બીજે સ્થળે ફેરવવું હોય ત્યારે હાથથી કે કાંખમાં તેને ફેરવે છે, પરંતુ પ્રાણીઓને એવી સગવડ નથી. બિલાડી પોતાના બચ્ચાને મોઢાથી પકડે છે, પણ બચ્ચાને એથી જરા પણ ઈજા થતી નથી. રીંછડી તો પોતાના બચ્ચાને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જતી વખતે તેનું આખું માથું પોતાના મોઢામાં લઈ લે છે. જોનારને તો એ દેખાવ ઘણો ઘાતકી લાગે છે, પણ બચ્ચાને એથી સહેજ પણ તકલીફ પહોંચતી નથી.

માતાનું સમગ્ર અસ્તિત્વ જ જાણે કે તેનાં બચ્ચાંઓ માટે હોય છે. તેનું વર્ણન કે પ્રશસ્તિ અશક્ય છે. માતા જેવું આ જગતમાં બીજું કશું જ નથી. એ એક અને અદ્વિતીય છે.

આવી માતાના સર્જનની બાબતમાં ઈર્મા બોમ્બેકે એક કાલ્પનિક કથા લખી છે. પુરાણોમાં અને ધર્મશાસ્ત્રોમાં પુરુષ અને સ્ત્રી સર્જન વિશે, ચંદ્ર, સૂર્ય, તારાઓ, દેવો, દાનવો, વિષ અને અમૃત અનેક વસ્તુઓના સર્જન વિશેની કથાઓ છે. એવી જ આ એક કથા બાઈબલની કથાઓના ઢગ ઉપર રચાયેલી છે. બાઈબલમાં છે કે, ઈશ્વરે સૃષ્ટિનું સર્જન છ દિવસમાં કર્યું (અને સાતમા દિવસે આરામ કર્યો, એટલે યહૂદીઓ અને ખ્રિસ્તીઓ અઠવાડિયામાં એક દિવસ રજાનો રાખે છે.) ઈર્મા બોમ્બેકે એ

http://suratiundhiyu.wordpress.com/

વાતનો આધાર લઈને માતાના સર્જન વિશે નાનકડી કથા રચી છે તેનો ભાવાનુવાદ સાભાર અહીં રજૂ કરું છું.

"ઈશ્વર જ્યારે માતાનું સર્જન કરતો હતો ત્યારે તે તેના છઠ્ઠા દિવસના ઓવરટાઈમનો દિવસ હતો. એ વખતે એક ફિરસ્તાએ નજીક આવીને કહ્યું, ભગવાન આના ઉપર તમે વધારેપડતી મહેનત કરો છો!"

"આના સર્જન માટે ઘણી બધી વિશિષ્ટ જરૂરિયાતો ઊભી થઈ છે. તેં આ કામના સ્પેસિફિકેશન્સ જોયા છે?" ભગવાને ફિરસ્તાને પૂછયું. "આ વસ્તુ લાંબા સમય સુધી ઉપયોગમાં લઈ શકાય તેવી ટકાઉ હોવી જોઈએ. તેને હલનચલન કરી શકે તેવા અને રિપ્લેસ થઈ શકે તેવા એકસો એંશી પાર્ટસ હોવા જોઈએ. પાછળ વધેલ એંઠું જૂઠું ખાઈને પાણી પીને અડીખમ રહી શકે એવી તે શક્તિશાળી હોવી જોઈએ. તેને ખોળો હોવો જોઈએ. જે ઊભા થતાં જ અદૃશ્ય થઈ જવો જોઈએ. તેની એક જ ચૂમીમાં ભાંગેલા પગથી માંડીને હતાશ પ્રેમ સુધીની કોઈ પણ વસ્તુને સાંધવાની અજબ તાકાત હોવી જોઈએ. અને તેને છ જોડી હાથ હોવા જોઈએ."

"છ જોડી હાથ?" ફિરસ્તાએ ધીમેથી પોતાનું માથું હલાવ્યું, "મુશ્કેલ કહેવાય!

"એમાં કોઈ ખાસ મુશ્કેલી નથી." ઈશ્વરે કહ્યું, "પણ દરેક માતાને પાછી ત્રણ જોડી આંખો પણ હોવી જોઈએ!"

"શું કહો છો?"

"હા, એક જોડી એવી આંખો જે બંધ દરવાજાની આરપાર જોઈ શકે, જ્યારે તે પોતાનાં બાળકોને પોતાને ખબર પડી ગઈ હોવા છતાં પૂછે કે, અલ્યા, તમે બધાં અંદર શું કરો છો? બીજી જોડી તેના મસ્તકના પાછળના ભાગમાં હોય, જે તેને જોવાની જરૂર ન હોય તેવું અને છતાં જાણવાની જરૂર ન હોય તેવું જોઈ શકે, અને ત્રીજી જોડી, અલબત્ત, આગળના ભાગમાં, જે પોતાના બાળક ઉપર કશુંય બોલ્યા વિના, નજરમાત્રથી અપાર પ્રેમ વરસાવી શકે!"

"ભગવાન" ફરિસ્તાએ કહ્યું, "હવે તમે આરામ કરો... કાલથી પાછા..."

"આરામ હું ન કરી શકું" ભગવાને કહ્યું, "હવે હું લગભગ કામ પૂરું કરવા આવ્યો છું. આ મોડલ જે મેં બનાવ્યું છે તે એવું છે કે બીમાર પડે ત્યારે પોતાની મેળે જ ફરીથી તંદુરસ્તી મેળવી શકે. છ-સાત માણસના કુટુંબને લગભગ એકાદ રતલ ખોરાકથી પેટ ભરીને જમાડી શકે. આજ્ઞા અને પ્રેમ એક સાથે જ કરી શકે..."

ફિરસ્તાએ માતાના મોડલની આસપાસ એક ચક્કર માર્યું, "વધારેપડતી નરમ છે!"

"છતાં મજબૂત છે." ઈશ્વરે ઉત્તેજિત થઈ કહ્યું, "આ માતા કેવું કેવું અને કેટલું સહન કરી શકે તેમ છે તેની તને કલ્પના પણ નહીં આવી શકે!"

http://suratiundhiyu.wordpress.com/

"તે વિચારી શકશે?"
"એટલું જ નહીં, વિચારવા ઉપરાંત તે તર્ક પણ કરશે. સમાધાન પણ સાધી શકશે." સર્જનહારે કહ્યું.
છેલ્લે ફિરસ્તાએ સહેજ નમીને તેની આંગળી માતાના ગાલ ઉપર ફેરવી, "અહીં લીકેજ છે, ચૂવો થાય છે!" તેણે કહ્યું.
"ના, તે આંસુ છે." ભગવાને કહ્યું.
"આંસુ?"
"હા, અશ્રુબિંદુ"
"શા માટે?"
"હર્ષ, શોક, નિરાશા, વેદના, એકલતા, સ્વમાન, કેટકેટલું એકમાત્ર આંસુથી તે વ્યક્ત કરી શકશે."
"ભગવાન", ફિરસ્તાએ હાથ જોડયા, "તમે અદ્ભુત છો! તમે જિનિયસ છો!"
ભગવાને ગંભીર થઈને કહ્યું,
"પણ મેં એ અશ્રુબિંદુ ત્યાં નહોતું મૂક્યું!"

## આ મારી દીકરી બસમાં એકલી જ છે

(એક સત્ય ઘટનાને આધારિત)

...ભાઇ...કન્ડકટર... ભાઇ સા'બ, આ મારી દીકરી બસમાં એકલી જ છે. એનાં મામાને ઘરે જઇ રહી છે. તમે જરા એનું ધ્યાન રાખજો...ને... વાસણા આવે એટલે ઉતારી દેજો! જો ઊંઘી ગઇ હોય તો જગાડજો!' પંદર વર્ષ પહેલાંની ઘટના. ઓગસ્ટનો મહિનો હતો. વરસાદના દિવસો હતા. ચરોતરના એક જાણીતા ગામનો સુખી અને સમૃદ્ધ પટેલ પિતા એની તેર-ચૌદ વર્ષની દીકરી જયશ્રીને અમદાવાદ આવતી એસ.ટી.ની બસમાં બેસાડતી વખતે કન્ડકટરને ભલામણ કરી રહ્યો હતો. છોકરીને જે સીટ ઉપર જગ્યા મળી, એ જ બેઠક ઉપર અમદાવાદના મુકેશભાઇ પણ બેઠા હતા અને ચુપચાપ આ દૃશ્ય જોઇ-સાંભળી રહ્યા હતા.

જયશ્રીના પિતા રમણ પટેલ બસ ઉપડવાની થઇ ત્યાં સુધી ઊભા રહ્યા. બારીમાંથી શિખામણ પીરસતાં રહ્યા, 'બેટા, ખેતરનું કામ ન હોત, તો હું તારી સાથે જ આવ્યો હોત. આમ તને સાવ એકલી તો મોકલું જ નહીં ને! તું પણ ભારે જિદ્દી નીકળી. 'મામાના ઘરે જવું છે... ભાઇને રાખડી

http://suratiundhiyu.wordpress.com/

બાંધવી જ છે! એક મહિનાથી આ બે જ વાકયો સાંભળીને આખા ઘરનાં કાન પાકી ગયા. નહીંતર આજ દિન સુધી તને કયાંય એકલી જવા દીધી નથી.'

બાપની ચિંતા તો હજુયે ચાલુ જ હતી, 'જયશ્રી! બેટા, જાતનું ધ્યાન રાખજે. બારીમાંથી હાથ બહાર કાઢીશ નહીં. અને આ કળિયુગ છે. કોઇનોય વિશ્વાસ કરતી નહીં. પુરુષથી તો ખાસ ચેતતી રે'જે. ચાલુ બસમાં કોઇ કંઇ ખાવા-પીવાનું આપે, તો ના પાડી દેજે. વાસણા આવે એટલે કન્ડકટરને પૂછીને ખાતરી કરીને ઉતરી જજે. ત્યાં તો તારા મામા તને લેવા માટે આવી જ ગયેલા હશે. ઘરે પહોંચ્યા પછી મને ફોન કરી દેજે કે તું સહીસલામત પહોંચી ગઇ છે.'

બસ ચાલુ થઇ. એના એન્જિનની ઘરઘરાટીમાં બાપના શબ્દો ડૂબી ગયા. જયશ્રીની બાજુમાં બેઠેલા ચાલીસ વર્ષના મુકેશભાઇ મનોમન વિચારી રહ્યા, 'બિચારો બાપ! શો જમાનો આવ્યો છે! દીકરી ભલે નાની હોય, તોયે એનાં બાપને એની કેટલી બધી ફિકર હોય છે! આ બાપડી માંડ તેર-ચૌદ વર્ષની હશે, અંગ ઉપર હજુ તો જુવાની  બેસવાને ચાર-પાંચ વર્ષની વાર લાગે છે. તોયે એનાં બાપને દીકરી કયાંક ચૂંથાઇ ન જાય એની ચિંતા સતાવે છે. બાપની ફિકર વાજબી પણ છે. શિકારીઓને તો શિકાર સાથે નિસબત છે, શિકારની ઉંમર સાથે એમને શી લેવા-દેવા?'

'ટિકિટ..! ટિકિટ..!' કરતો કન્ડકટર આખી બસમાં ફરી વળ્યો. જયશ્રીએ વાસણાની ટિકિટ માગી. કન્ડકટરે પૈસા લીધા. ટિકિટ ફાડી આપી. સાથે હૈયાધારણ પણ આપી, 'ગભરાતી નહીં, હોં બેટા! વાસણા આવે એટલે હું તને...' અને તેમ છતાં જયશ્રી ગભરાતી રહી. બાજુમાં બેઠેલા મુકેશભાઇને યાદ કરાવતી રહી. દર અડધા કલાકે પૂછતી રહી, 'વાસણા જતું તો નથી રહ્યું ને, કાકા? મને તો ઘ આવે છે, પણ તમે ધ્યાન રાખજો, હોં ને! મને જગાડવાનું ભૂલી ન જતા.'

આમ જુઓ તો આખીય ઘટના સુખાંત સાથે પૂરી થઇ ગઇ હોત. પણ જીવનની સફર એટલી સરળ નથી હોતી. પાયામાં ધરબાયેલી સૌથી મોટી ગરબડ 'વાસણા' નામના કારણે સર્જાઇ ગઇ. ચરોતરમાં વાસણા નામનું એક સાવ નાનું ગામ છે એ વાતની ખબર કન્ડકટરને તો હતી જ, પણ અમદાવાદમાં રહેતા મુકેશભાઇને ન હતી. કન્ડકટર છેક છેવાડાના ભાગે બારણાની બાજુમાં આવેલી એની બેઠકમાં બેઠો-બેઠો ટિકિટનો વકરો ગણી રહ્યો હતો, ત્યાં વાસણા લખેલું પાટિયું કયારે પાછળ છૂટી ગયું એ વાતની કોઇને ખબર ન રહી. મુકેશભાઇનું પોતાનું રહેવાનું અમદાવાદના જીવરાજ પાર્ક વિસ્તારમાં. એટલે એ તો એક જ વાસણાને ઓળખે. અને જયારે બસ અમદાવાદના વાસણા આગળ આવી પહોંચી, ત્યારે મુકેશભાઇએ જયશ્રીને જગાડી, 'બેટા, વાસણા આવી ગયું.'

http://suratiundhiyu.wordpress.com/

જયશ્રી તો ડઘાઇ જ ગઇ. આવડું મોટું શહેર, આટલી બધી ઝાકમઝોળ, આટલાં બધાં વાહનો અને માણસોની ભીડ!! બાપડી રડવા માંડી, 'મારે અહીં નથી તરવું. મામાનું વાસણા તો સાવ નાનકડું છે.' બસના મુસાફરો ભેગા થઇને એને છાની રાખવા માંડયા. કન્ડકટરે રસ્તો ચીંધાડયો, 'બસ પોલીસ સ્ટેશને લઇ લઉં? છોકરીને પોલીસના હાથમાં સોંપી દઇએ. એ લોકો એને સહીસલામત રીતે એનાં મામાના ઘરે પહોંચાડી દેશે.' પેસેન્જરોમાંથી એક પણને આ 'સહીસલામત' વાળી વાતમાં ભરોસો ન પડયો. જયશ્રીએ પણ છાપામાં પોલીસ સ્ટેશનમાં બનતી દુઘટર્નાઓ વિશે વાંચેલું હતું. એટલે એનો ભેંકડો વધારે મોટો થઇ ગયો. છેવટે મુકેશભાઇએ પૂછ્યું, 'બેટા, મારામાં વિશ્વાસ પડે છે? તો મારી સાથે ચાલ.'

જયશ્રીને મુકેશભાઇની આંખોમાં સજ્જનતા દેખાણી. એણે રડતાં-રડતાં હા પાડી દીધી. રિક્ષામાં મહેમાનએ લઇને મુકેશભાઇ ઘરે આવ્યા, ત્યારે સાંજનો સૂરજ એના આખરી કિરણો ફેંકીને અમદાવાદને 'આવજો!' કરી રહ્યો હતો. ફલેટમાં પહોંચીને મુકેશભાઇએ પત્નીનાં હાથમાં જયશ્રી સોંપી, 'પારકી થાપણ છે. આજની રાત આપણે સાચવવાની છે. '

પત્નીએ જયશ્રીને સોડમાં લીધી. બે નાના દીકરાઓ જયશ્રીને વીંટળાઇ વળ્યા. જયશ્રી માટે ગરમ-ગરમ ભોજન પીરસાઇ ગયું. પણ જયશ્રીની હાલત કફોડી હતી. એક તરફ એનાં કાનમાં પિતાની શિખામણ ગુંજતી હતી, 'પારકા માણસોનો ભરોસો કરવો નહીં. કોઇ કશું ખાવા-પીવાનું આપે તો લેવું નહીં.' એણે ભોજન કરવાની ના પાડી દીધી.

'બેટા તારી પાસે તારા ઘરનો કે મામાના ઘરનો ફોન નંબર છે? તો હું વાત કરી લઉં.' મુકેશભાઇએ રસ્તો કાઢયો. પણ જયશ્રી એટલી હદે ગભરાઇ ગઇ હતી કે એને કશું યાદ જ આવતું ન હતું. એણે તો એક જ વાતની રટ લીધી, 'મને ગમે તેમ કરીને મારા મામાને ઘરે લઇ જાવ. અત્યારેને અત્યારે જ.'

ખૂબ સમજાવી ત્યારે જયશ્રીએ બે કોળિયા ખાધાં. રાત્રે સાડા નવ વાગ્યે મુકેશભાઇ એને લઇને પાછા એસ.ટી. સ્ટેશને પહોંરયા. વાસણા જવા માટે બસ ઉપડી. રાત્રે અગિયાર વાગે જયશ્રીનાં મામાના ઘરે પહોંરયા. મામાના હાથમાં ભાણી સોંપી. બધી વાત કરી. ત્યાં સુધીમાં જયશ્રીનાં પિતાના ઘરે અને મામાના ઘરે રડારોળ જામી ચૂકેલી હતી. જયશ્રી ગુમ થવાની વાતથી ધરતીકંપ મચી ગયો હતો. જયશ્રીને જીવતી-જાગતી અને અખંડ હાલતમાં જોઇને બંને પરિવારોમાં હાશ વળી. રાત્રે

http://suratiundhiyu.wordpress.com/

વાસણાથી મુકેશભાઇ જયારે પોતાના ઘરે પાછા ફર્યા, ત્યારે ઘડિયાળમાં સાડા ત્રણ વાગ્યા હતા. પત્ની જાગતી સૂતી હતી, 'એ લોકોને શાંતિ થઇ હશે નહીં? તમારો આભાર માન્યો કે નહીં?'

'આપણે જે કર્યું એ માનવતા ખાતર કર્યું ને? કોઇ આભાર માને કે ન માને એનાથી આપણને શો ફરક પડવાનો?' મુકેશભાઇના વાકયોમાં રહેલી હતાશા સૂચક હતી. પણ એમને ખબર નહોતી કે એમણે જે દીકરી માટે સદ્‌કાર્ય કર્યું એ એક પટેલની દીકરી હતી અને ચરોતરના પટેલો આભાર વ્યકત કરવાની વાતે ભલે 'જાડા' હોય છે, પણ હોય છે જબરા. આ વાતની સાબિતી બીજા દિવસે મળી ગઇ. ગાડીઓમાં ભરાઇને જયશ્રીનાં મા-બાપ અને મામા-મામી સપરિવાર આવી ચડયાં. ભેટ-સોગાદો મુકેશભાઇના દીકરાઓ માટે હતી અને આભાર મુકેશભાઇ માટે હતો. જયશ્રીના પિતા રમણભાઇની આંખો ભીની હતી, 'જો તમે ન હોત તો મારા દીકરીનું શું થાત?' પછી એમણે દીકરીની દિશામાં ફરીને આદેશ આપ્યો, 'બેટા, તારા આ બે ભાઇઓના હાથ પર રાખડી બાંધ! આજથી આપણો નવો સંબંધ શરૂ થાય છે.' રાખડી, રૂપિયાની આપ-લે, ભોજન અને પછી ભાવભીની વિદાય. સંબંધના દાણાં  આયખાના ખેતરમાં વવાઇ ચૂકયા હતા, હવે પ્રતીક્ષા હતી ફસલ ઊગવાની. ફસલ ઊગી અને મબલખ ઊગી. વર્ષમાં બે વાર જયારે વેકેશન પડે ત્યારે રમણ પટેલ મુકેશભાઇને સહકુટુંબ એમના ઘરે રજાઓ ગાળવા તેડાવે. બદલામાં રમણભાઇને તો વર્ષ દરમિયાન સો વાર અમદાવાદનો ફેરો ખાવાનો થાય. દર વખતે ઉતરવાનું તો મુકેશભાઇના ઘરે જ હોય. અને દર રક્ષાબંધનના દિવસે જયશ્રી એકને બદલે બે 'વાસણા'ની મુલાકાત લેવાનું ચૂકે નહીં.

વર્ષોવિતતાં ગયાં. જયશ્રીએ કિશોરાવસ્થાની વાડ કૂદીને યૌવનના બગીચામાં પગ મૂકયો. સારી તો હતી જ, હવે સુંદર પણ દેખાવા માંડી. એનાં માટે મુરતિયાની શોધ ચાલી. આખરે અમેરિકામાં વસતો સુખી ઘરનો ગ્રીનકાર્ડ હોલ્ડર જુવાન મળી ગયો. લગ્ન લેવાયાં.

'આપણી જયશ્રી દીકરીનાં લગ્ન છે. કંઇ સૂઝે છે?' મુકેશભાઇના પત્નીએ પૂછ્યું.'એમાં વિચારવાનું શું?  જયશ્રી મને મામા કહે છે, મારે મામેરું કરવું જ પડે ને?' મુકેશભાઇ સાવ સાધારણ સ્થિતિના માણસ હતા, તો પણ ગજા ઉપરવટનું મોસાળુ કરવા માટે જયશ્રીનાં માંડવે પહોંચી ગયા. લગ્ન પતી ગયા, હનિમૂન પણ પતી ગયું. મુરતિયાનું પાછા અમેરિકા જવાનું ટાણું નજીક આવી ગયું. જયશ્રીની પણ ત્યાં જવાની વિધિ કરવાની જ હતી. એ માટે તો અમદાવાદ આવવું જ પડે. જયશ્રી એનાં વરને લઇને 'મામા'ના ઘરે આવી. અમેરિકન મુરતિયાની નવાઇનો પાર ન હતો, 'આપણે પટેલ... અને... મામા જૈન..? '

http://suratiundhiyu.wordpress.com/

જવાબમાં નવી-નવેલી દુલ્હને અતીતમાં બની ગયેલી વાસણા નામની શરતચૂક વિશે માંડીને વાત કરી. પતિ બોલ્યો, 'વાઉ! જો આવી વાત હોય તો મામાનો સૌથી મોટો ઉપકાર તો મારા માથે કહેવાય! પૂછ, કેવી રીતે?' 'કેવી રીતે?' 'એ રાતે જો મુકેશમામાએ તને બચાવી ન હોત, તો તું અત્યારે કયાં હોત? મને પત્નીરૂપે તો ન જ મળી હોત ને! મારે પણ આ સંબંધને યાદ રાખવો પડશે.' કહીને એણે રૂપાળી પત્નીને આલિંગનમાં લીધી. પતિપત્ની અમેરિકા પહોંચી ગયા.

એ પછી એક દિવસ જયશ્રીનાં વરનો મુકેશભાઇ ઉપર ફોન આવ્યો, 'મામા, બે દિવસ હું તમારા ઘરે રહ્યો. એમાં હું તમારી આર્થિક તકલીફો અને ચિંતા વિશે ઘણું બધું જાણી ચૂકયો છું. પણ હવે તમે મુઝાશો નહીં. તમારા બંને દીકરાઓને કમ્પ્યૂટરનું કે એમ.બી.એ.નું ભણાવો. હજુ તો બંને નાનાં છે. પણ જેવા એ બંને જુવાન થાય, એવા જ હું એમને અમેરિકા બોલાવી લઉં છું. ના, ઉપકાર કરતો હોઉં એ રીતે નહીં, પણ બા-કાયદા એકની સાથે મારી સગી બહેન પરણાવીને અને બીજા માટે પણ મારા પરિચિતોમાંથી કોઇ યોગ્ય કન્યા શોધીને.' સામો છેડો ચૂપ હતો. માત્ર મુકેશભાઇનો ડૂમો 'સંભળાઇ' રહ્યો હતો.

જમાઇ બોલતો રહ્યો, 'મામા, તમે રડો છો શા માટે? આમાં મેં કયાં મોટો મીર માર્યો છે? અરે, આ તો તમે વાવેલો સંબંધ છે, જે હવે સોળ આની ફસલ સાથે ઊગી નીકળ્યો છે.' એ રાત્રે મુકેશભાઇ એમની પત્નીને કહી રહ્યા હતા, 'મને એ સમજાતું નથી કે બ્રહ્માંડનું સંચાલન કરતી જે અદૃષ્ટ શકિત છે એના મનમાં શું રહેલું હોય છે! જયશ્રી ભૂલી પડી, એ દુઘટર્ના હતી? કે સુ-ઘટના? કે પછી મેં ખરે સમયે નિસ્વાર્થ બુદ્ધિથી મારી ફરજ સમજીને કરેલું કૃત્ય આપણને આ ચમત્કાર બતાવી રહ્યું છે? કે પછી લોકો કહે છે એ સાચું હશે કે ઈશ્વર સારા માણસોનું ઘ્યાન હંમેશાં રાખતો જ હોય છે! બાકી આપણે કયાં આવી કોઇ અપેક્ષા રાખી હતી?'

નોંધ: ઉપરની વાત મને ઇમેલમાં આશાબેન સરવૈયા/મુ.શ્રી મયુરભાઈ વ્યાસે મોકલી છે. તેમાં જણાવ્યું છે કે આ સત્ય ઘટના છે. લેખકનું નામ ખબર નથી એટલે લખ્યું નથી અને તે બદલ લેખકની ક્ષમા ચાહું છું.

http://sunatiundhiyu.wordpress.com/

## અંતિમ પડાવ અમેરિકા કે ઇન્ડિયા?

અમેરિકામા આખરી પડાવ શા માટે?

ભારતીય યુવાનો, જેમના માબાપ ભારતમા છે, તેમના મનમા સતત આ સવાલ ઊઠતો રહે છે કે હું અમેરિકામા રહું કે ભારત પાછો ફરૂં? મોટી ઉંમરના માબાપને ભારતમા એકલા મૂકવાથી કંઈક સંવેદના, કંઈક ગુનેગાર જેવો ભાવ ઘણાના મનમા જાગે છે. પોતાના માબાપને, જેમણે પોતાના દાદા-દાદીની દેખભાળ કરતા જોયા હોય, એવા લોકોને તો ખૂબ જ ક્ષોભ થાય છે.

નિર્ણય લેવો બહુ મુશ્કેલ છે. અમેરિકામા સારો પગાર મળે છે, ઊંચી પદવી છે, ભ્રષ્ટાચાર વગરનું વાતાવરણ છે, સ્વચ્છ વાતાવરણ છે, કોઈપણ પ્રકારના સામાજીક દબાણ નથી અને એમના બાળકો સારી શાળાઓમા ભણે છે. આ બધું શા માટે છોડી દેવું જોઈએ?

પણ ભારતમા વૃધ્ધ માબાપની કોણ સંભાળ રાખશે? જેનો એકાદ ભાઈ કે બહેન ભારતમા હોય તેને થોડી ઓછી ચિંતા થાય છે, પણ જે એકલા સંતાન છે તેમને ખૂબ ચિંતા થાય છે. આવા લોકો માબાપને પૂછે છે, "તમે કહો તો પાછો આવી જાઉં", મોટા ભાગના માબાપ કહે છે, "જરૂર નથી. અમે અહીં ઠીક છીએ. તારી પ્રગતિ જોઈ અમે ખૂશ છીએ." કોઈક જ માબાપ કહે છે, "હા દિકરા આવી જા, અહીં જે મળશે,તેમા ગુજારો કરશું, ચાર આંખો ભેગી કરીને રહીશું." બન્ને કિસ્સામા માબાપનો પ્રેમ જ નજરે ચડે છે. બાળકોને આ સમજાય ત્યારે ઘણું મોડું થઈ ગયું હોય છે.

મા અને પિતા બન્ને જીવતાં હોય ત્યાં સુધી તો તેમની હિમ્મત ટકી રહે છે, છતાં એમના મનના એક ખુણામા સતત બીક હોય છે કે બે માંથી એક નહિં હોય ત્યારે શું થશે?

કેટલાક લોકો માબાપને કહે છે કે તમે લોકો ગ્રીનકાર્ડ લઈ અમેરિકા આવી જાવ. માબાપ જીવનના આ મુકામે સગાસંબંધી અને ઓળખિતા લોકોને છોડી નવી દુનિયામા એકડેએકથી શરૂ કરતાં અચકાય છે. કદાચ અમેરિકા આવી જાય તો પણ એમના માટે એ મોટા સમર્પણથી કંઈ ઓછું નથી.

કેટલાક લોકો વિચારે છે કે હું વધારે પૈસા મોકલું, નોકર ચાકરની મદદથી ચલાવી લો. નોકરો વહુ-દિકરા અને પૌત્ર-પૌત્રીનું સ્થાન લઈ શકે? પૈસાથી પ્રેમ અને લાગણી ખરીદી શકાય?

તમને જો ભારત પાછા ફરવાનું અઘરૂં લાગતું હોય તો એમને આ વયે અમેરિકા આવવું કઈ રીતે સહેલું લાગી શકે?

http://suratiundhiyu.wordpress.com/

નિર્ણય લેવું બહુ અઘરૂં છે. આ વિષયમા સલાહ આપવાની મારી કોઈ પાત્રતા નથી. પ્રત્યેક વ્યક્તિએ પોતાના આત્માના અવાજ ને અનુસરીને નિર્ણય લેવાની જરૂર છે. હું અને મારી પત્ની, ભારત છોડી બાળકો સાથે રહેવા અમેરિકા આવી ગયા છીએ - પી. કે. દાવડા

## અનમોલ રતન છે દીકરી

દીકરી નાની હોય કે મોટી હોય કે.જી. માં ભણતી હોય કે કોલેજ માં કુમારિકા હોય કે કન્યા, દીકરી સદાય દીકરી જ રહે છે. માં-બાપ માટે બાળપણ માં બિન્દાસ દીકરી ભલે બાપ સમું ચબ ચબ બોલતી હોય, માનું મન રાખતી ન હોય ભાઈ ને ભાળ્યો મુક્તિ ન હોય, બહેનો હારે બથોબથ આવતી હોય અને શેરી માં સીપરા ઉડાડતી હોય. પરંતુ જયારે યુવાન થાય ત્યારે તરત જ ગંભીરતા ધારણ કરી લે છે. લગ્ન વખતે પીઠી ચોળી આમ તેમ સહેલી સાથે મહાલતી આનંદ માનતી હોય. હજી જાન પરણવા આવવાને થોડી વાર છે પરંતુ જયારે ગામ માં કે શેરી માં જાન આવે છે ત્યારે નાના ટાબરિય આનંદ માં આવી જઇ બુમો પડે કે એ... જાન આવી ગઈ જાન આવી ગઈ. આ શબ્દો જયારે પીઠી ચોળેલ કન્યાના કને પડે છે ત્યારે તમામ સહેલીનો સંગાથ આનંદ એક બાજુ મેલી ને જ્યાં ગણેશ બેસાડ્યા છે ઘર માં ગણેશ સ્થાપન આગળ બેસી જાય છે. હવે મારે આ ઘર આ માંડવો છોડવાનો સમય આવી ગયો મારા પિતાની છત્ર છાયા જેવો આ વહાલનો વડલો છોડી ને આજે પારકા પોતાના કરવા જવાનો સમય થઇ ગયો. જે ઘર માં રમતી હતી ઢીંગલીથી સમય ક્યારે પસાર થઇ ગયો ? આમ જાન પરની ને પોતાને ગામ જાય છે. દીકરી પિયરીયાના છેલ્લા ઝાડવા જોઈ લે છે. માં-બાપ, ભાઈ-બહેન સહેલી કુટુંબ પરિવાર મૂકી ને સાસરે જાય છે, આ ત્યાગ છે. કોઈ સાધુ સંતો નો ત્યાગ આની પાસે કઈ નથી. આ ત્યાગ ને મારા સો સો સલામ....
પિયરીયાના તમામ
સંભારણાને પોતાના હિદય માં એક ખૂણા માં ધરબી દે છે. સાસરિય વાળા કે ગામ વાળા પૂછે કે વહુ કરિયાવર માં શું લાવ્યા ? કન્યાની લાગણીયો નો અહિયાં કોઈ જ વિચાર નથી કરતુ.
હકીકતમાં સાસરિયામાં આવતી દીકરી બાપ ને ઘરે થી શું શું લાવી એના કરતા કેટલું બધું મૂકી ને આવી છે
માં-બાપ ઘર બાર પરિવાર ગામ આ બધું મૂકી ને આવી છે. આ વસ્તુ નો જયારે સમાજ વિચાર કરશે ત્યારે જ તેના સંસાર માંથી સુગંધ આવશે અને નવી વહુનું સાસરિયામાં આવવું અને નવા

http://suratiumhiyu.wordpress.com/

બાળક નો જન્મ થવા જેવું છે. બાળક જ્યાં સુધી મન ઉદરમાં હતું એને કોઈ કષ્ટ ન હતું. ખોરાક, હવા, પાણી વગેરે માં દ્વારા જ મળતું. કોઈ અવાજ ઘોઘાટ નહિ. પૂર્ણ શાંતિ હતી એને મન ઉદર માં પરંતુ જયારે નવ મહિના બાદ એને બહાર આવવાનું થાય ત્યારે કષ્ટ થાય છે હવે એને ખોરાક, હવા પાણી જાતે લેતા શીખવું પડશે. ચાલતા બોલતા શીખવું પડશે. બસ આવું જ નવી આવેલી વહુ માટે છે જે અત્યાર સુધી પિતા ના ઘરે હતી કોઈ ચિંતા ન હતી . હવે નવા ઘર માં ચાલતા શીખવું પડે છે. સાસુ-સસરા કે પરિવાર ના સભ્યો આવો ખ્યાલ રાખતા જ હોય છે. જેમ બાળક નો ઉછેર જે મહેનત જે પ્રેમ માંગી લે છે તેમ ઘર માં આવેલી નવી વહુ આવો જ ઉચ્ચેર મહેનત માંગી લે છે.

દીકરી નો જન્મ થયા પચ્ચી પિતા ને ત્રીજી અશ્રુભીની આંખ મળે છે. જે એના દિલ માં હમેશા છુપાયેલી રહે છે. પ્રકૃતિએ પુરુષ ને રડવા માટે આ ત્રીજી આંખ જયારે રડે છે ત્યારે દીકરીને વિદાય આપતો ચોધાર આંસુડે રડતો બાપ રૂડો લાગે છે. ઘર માં જુઓ તો પિતાનો ચહેરો સંતાનો માટે એક આધાર, એક વિશ્વાસ, એક આદેશ બની જાય છે. જયારે દીકરી માટે પિતાના ચહેરાની રેખાઓ એટલે લક્ષ્મણ રેખાઓ બની જાય છે.. પિતા નો ચહેરો વાંચવામાં દીકરી જેટલી બીજી કોઈ વ્યક્તિ હોશિયાર નથી હોતી. દીકરી માટે પિતાનો બોલ-શબ્દ એટલે વેદ અને કુરાન છે.બાઈબલના વાક્યો બની જાય છે. પપ્પા શું બોલ્યા એ સમજ્યા પહેલા જ દીકરીના હોઠમાંથી શબ્દો સરી પડે છે. હા પપ્પા એ.... આવી પપ્પા આનું નામ દીકરી. જેમને દીકરી હોય તે પિતાને હ્રિદય નો એક ધબકારો પોતાને જીવવા માટે છે જયારે બીજો ધબકારો દીકરીના કાયમી સુખ માટે ઝંખતો ધબકારો છે. દરેક દીકરી પોતાને પિતાની દીકરી મને છે. જયારે દીકરો માનો દીકરો માને છે. કોઈ વાર દીકરી થી નાનકડી ભૂલચૂક થઇ જાય તો મમ્મી પપ્પા ને ન કહેતી હોય આમ પપ્પાના હૈયાના સિંહાસન ઉપર પ્રેમ ને અભિષેક જીલવા જીવનભર એક દીકરી પિતાની નજરે ઉચ્ચ જીવન જીવવા ઈચ્છે છે. ક્યારેક પપ્પાની નજરે ઉતરતી છે એવું બતાવવા નથી માંગતી. તમે જોશો તો ખ્યાલ આવશે કે લગ્ન થયા પછી પોતાના સંતાનોના ઘેર હોય ૮૦ વર્ષની ઉમર હોય ગોરા ભરાવદાર શરીર સાથે ઘડપણ ની રેખાઓ હડિયા પાતું લેતી હોય. આવી માજીને કોઈ એકાએક પુચ્ચે કે હે માજી ફલાણાભાઈ ની દીકરી છે ? તો તો તે ૮૦ વર્ષ ના માજી એટલા બધા રાજી રાજી થઇ જાય કે ના પૂછો વાત કોઈ પણ દીકરીને પોતાના બાપને નામે ઓળખો તો તે રાજી રાજી થઇ જાય એનું નામ દીકરી. સાસરિયામાંથી અવારનવાર પિયરિયામાં આવતી દીકરી કઈ લેવા અંતહી આવતી. પરંતુ પિતાની ખબર લેવા આવે છે. પપ્પાની શારીરિક આર્થિક સ્થિતિ જોવા આવે છે. કઈ વાંધો તો નથી ને ? આમ અવારનવાર આવી પપ્પાની સ્થિતિ જોઈ ઘરના સભ્યોને સુચના પણ દેતી હોય કે

http://suratijundhiyu.wordpress.com/

મમ્મી તું પપ્પાને હવે આદુવાળી ચા આપજે કફ રહે છે માટે એ ભાભી તમે પપ્પા ને નહાવા માટે જરા માફકસર નું પાણી ગરમ આપજે. ભૈલા તું પપ્પાની ખબર રાખજે હું તો અહિયાં નથી તારા વિશ્વાસે જાઉં છું. જો જે એમની કોઈ વાતની ચિંતા ના કરાવતો આમ પિતાની વૃધ્ધાવસ્થા માં દીકરીના અવાજમાં માતૃત્વ નો રણકો સંભળાય છે અને ક્યારેક લાકડીના ટેકે ધીમા પગલે ચાલતા પપ્પાને જોવે છે ત્યારે ધ્રાસકો અનુભવે છે કે પપ્પા પાસે નહિ હોઉં અને પપ્પાની તબિયત વધારે બગડશે તો... આમ દિવસના હાજર કામ વચ્ચે પણ દીકરી પોતાના પિયરનો પપ્પાનો વિચાર કરે છે. દીકરીની આંખમાં સદાય પ્રેમાળ પિતાનો ચહેરો ચમકતો હોય છે બાળપણના દિવસો ના આહ. અમે નાના હતા પપ્પાને પહેલી તારીખે ટૂંકો પગાર આવતો સાંજે પ્રસાદ થતો પ્રસાદ થોડો થોડો હાથમાં આવતો પણ અમે ધરી જતા સાંજે વાળું નહોતા કરતા. પપ્પાએ અમોને ક્યારેય ઓછું નથી આવવા દીધું દીકરી ને બાળપણમાં તમે જેટલી લાડ લડાવો છો તેટલા જ લાડ તમને વૃદ્ધાવસ્થામાં લડાવશે. દીકરી બાપ ને લાડ લડાવે છે એના ઘડપણમાં કોઈવાર પતિદેવ એમ કહે છે કે ચલ તારા પપ્પાને ફોન કરી ખબર અંતર પૂછીએ તો તો પત્ની રાજી રાજી થઇ જાય છે પતિ માં એને પરમેશ્વર દેખાય છે. છેલ્લે ઈશ્વર ને પ્રાર્થના કે કોઈપણ દીકરીને એના પિતાથી એટલી બધી દુર ન મોકલતા કે કોઈ શિયાળાની કાતિલ ઠંડી હોય ચોમાસાની મેઘલી રાત હોય અને પપ્પાના છેલ્લા શ્વાસ હોય તો દીકરી પોતાના હાથનું ચમચી પાણી પણ ન પીવડાવી શકે. છેલ્લે પિતા પણ કહેતા હોય કે મારી દીકરી ને તેડાવી લો મારે એનું મોઢું જોવે છે છેલ્લી વખત . ખરેખર જેઓ આ પૃથ્વી ઉપર દીકરીના માં-બાપ છે તેઓ ઈશ્વરની વધુ નજીક છે. આ પિતા પુત્રીના પ્રેમ ને મારા લાખ લાખ સલામ ! આ અનમોલ રતન છે દીકરી

(લેખકનું નામ મને મળેલા ઇમેલમાં મળ્યું નથી તે બદલ લેખકની ક્ષમા ચાહું છું)

http://suratiundhiyu.wordpress.com/

## દીકરી

લોકો દીકરીને દરિયા સાથે સરખાવે છે પણ દરિયો તો ખારો ધૂઘવાર હોય છે. અંજલિભર પાણી પણ એમાંથી પી શકાતું નથી. તરસથી તરફડિયાં મારતા માણસને દરિયો ક્યારેય તૃપ્ત કરી શકતોનથી. એ માટે તો નાનકડું ઝરણું કે ખળખળ વહેતી નદી જ શોધવી પડે. દીકરી નાની હોય ત્યારે ખળખળ વહેતા ઝરણા જેવી હોય છે અને મોટી થાય ત્યારે મહાસાગરની શોધમાં નીકળી પડેલી સરિતા જેવી હોય છે. નદીનાં જેમ અનેક રૂપ હોય છે તેમ દીકરીનાં પણ અનેક રૂપ આપણને જોવા મળતાં હોય છે. ક્યારેક એ ઉછળતી-કૂદતી કન્યા જેવી તો ક્યારેક લગ્નના મંડપમાં બેઠેલી શરમાળ, ધીરગંભીર નવયૌવના જેવી. નદી જેમ કાંઠા-કિનારાના અનેક લોકોને જીવન આપે છે તેમ

દીકરી પણ આખા પરિવારને અને આસપાસના સગાસ્નેહીને વ્હાલ અને મીઠાશથી ભરી દેતી હોય છે. નદી પોતાના ઉદ્ભવને છોડી સાગરની શોધમાં નીકળી પડે છે તેમ દીકરી પણ પિયરના વ્હાલને પાલવમાં ભરી સાસરિયાની વાડીને લીલીછમ્મ રાખવા નીકળી પડતી હોય છે.

દીકરી જ્યાં સુધી કુંવારી હોય ત્યાં સુધી એ દીકરીનું સુખ આપે છે અને પરણે ત્યારે દીકરા જેવા એકબીજા પાત્ર -(જમાઈ)ને પણ પરિવારમાં ઉમેરે છે. પરણ્યા પછી પણ મા-બાપનું ધ્યાન રાખતી અને મા-બાપની ચિંતા કરતી દીકરીઓ મેં અનેક જોઈ છે.

દીકરામાં રસ હોય એમને ત્યાં ભલે એક કે એકથી વધુ દીકરા હોય પણ જો એ ઘરમાં એક પણ દીકરી નથી તો એ ઘર અધૂરૂં અને અંધારિયું છે. દીકરી ઘરમાં રંગ, રોશની અને ગીતસંગીતને લાવે છે

## દીકરીનું લગન એટલે નદીને પાનેતર પહેરાવવાની ક્ષણો…!

૧..લગ્ન સમયે બધાનું બધામાં ધ્યાન હોય છે પણ દીકરીની મનઃસ્થિતિની ખબર કોઈને પડતી નથી.

૨.. કંકોત્રીમાં પોતાના નામ પછીના કૌંસમાં લખેલું નામ કદાચ છેલ્લી જ વાર પોતાની આઈડેન્ટીટી બતાવી રહ્યું છે… હવે નામની પાછળ બદલાતું નામ અને બદલાતી અટક સાથે વાતાવરણ પણ બદલાવવાનું છે

૩. ગઈકાલ સુધી જે દરેક ઈચ્છાઓ પૂરી કરાવીને જ જંપતી હતી આજે એ ઈચ્છાઓ પર કાબૂ મેળવતા શિખી ગઈ હોય છે કારણ કે દીકરી કોઈને કશું જ કહેવા માંગતી નથી!

૪. દીકરી કોઈને કશું જ કહેવા માંગતી નથી. એટલે જ એ સાસરેથી પિયરમાં આવે છે ત્યારે પહેલાં ઘરના પાણીયારામાંથી જાતે ઊભી થઈને સ્ટીલના જૂના ગ્લાસમાં પાણી પીવે છે, હજુ પણ એને ઘરના કોક ખૂણેથી બાળપણ મળી આવે છે, હજુપણ એને પપ્પાની આંગળી ઝાલીને ફરવાનું મન થતું હોય છે, સીડી પ્લેયરના મોટા અવાજમાં હીંચકા ખાવાનું મન એને આજે પણ થાય છે. પણ, હવે

http://suratiundhiyu.wordpress.com/

એ દીકરીની સાથે સાથે પત્નિ બની છે. ગઈકાલ સુધી જે દરેક ઈચ્છાઓ પૂરી કરાવીને જ જંપતી હતી આજે એ ઈચ્છાઓ પર કાબૂ મેળવતા શિખી ગઈ હોય છે કારણ કે દીકરી કોઈને કશું જ કહેવા માંગતી નથી!

૫. સુકાઈ ગયેલા આંસુનું માપ લિટરમાં નથી નીકળતું......!!! પિતા પાસેથી નાની નાની હથેળીઓ પર હાથ મૂકીને નસીબ અજમાવવાના દિવસો 'છૂ' થઈ જાય છે! પોતાના જ ઘરમાં મહેમાન બનીને આવવાનું જેટલું દીકરી માટે અઘરું છે એટલું જ મહેમાન બનીને આવતી દીકરીને પોતાની સગ્ગી આંખોએ જોવાનું પણ અઘરું છે...

૬. દીકરો ખૂબ થાકીને ઘરે આવ્યો હશે અને ગમ્મે તેટલો મોટો હશે પણ એનો બાપ એને અડધી રાત્રે ઊઠાડીને કામે મોકલશે... એ જ આશયથી કે દીકરો તો કાલે ફરીથી નિરાંતે ઊંઘી જશે પણ, દીકરી ઊંઘતી હશે તો પિતા એને ઉઠાડવાની હિંમત નહીં કરે...! કદાચ આ ઊંઘ ફરી ક્યારેય ન આવે તો? દીકરો પરણાવતી વખતે બાપ હોય એના કરતાં વધારે જુવાન બની જાય છે... પણ, દીકરી પરણાવતી વખતે એ અચાનક જ ઘરડો લાગવા માંડે છે... !!

દીકરીનું લગન એટલે નદીને પાનેતર પહેરાવવાની ક્ષણો...!

## જિંદગી કેવી રીતે જીવશો?

સુંદર મજાનો એક બગીચો હતો. એમાં એક ખૂણે બાંકડા પર એક વૃદ્ધ માણસ બેઠો હતો. બેઠો બેઠો એ પોતાની વ્યથાઓને યાદ કરીને દુ:ખી થઈ રહ્યો હતો. જિંદગીએ એને આપેલાં દુ:ખોથી એ અત્યંત વ્યથિત જણાતો હતો. દીકરો અને એની વહુ બરાબર સાચવતાં નહોતાં, અથવા તો સાચવતાં હતાં પણ એને એનાથી સંતોષ નહોતો. પગના સાંધા જકડાઈ ગયા હતા, મોતિયો પણ પાકવાની તૈયારીમાં હતો, તબિયત પણ નરમગરમ રહેતી હતી. આટલાં બધાં કારણો મગજમાં ઘમસાણ મચાવી રહ્યાં હતાં. એના કારણે સુંદર બગીચામાં બેઠા હોવાં છતાં એ દાદાને એક પણ વસ્તુ સારી નહોતી લાગતી. એમને જાણે કશામાં રસ જ નહોતો રહ્યો.

http://suratiundhiyu.wordpress.com/

એ જ સમયે એક છોકરો ત્યાંથી દોડતો નીકળ્યો. ઉંમર હશે છ વરસની આસપાસ. દાદાની ઉધરસનો અવાજ સાંભળીને એ એમની તરફ આવ્યો. દાદાની તરફ હાથ લંબાવીને જાણે પોતાને કોઈ ખજાનો જડી ગયો હોય એવા આનંદ અને ભાવ સાથે એ બોલ્યો : 'જુઓ ! જુઓ તો ખરા ! મને શું મળ્યું છે તે !'

દાદાએ એની હથેળીમાં દષ્ટિ કરી તો એક ચીમળાઈ ગયેલું ગુલાબનું ફૂલ હતું. એકાદ બે દિવસ પહેલાં ખરી પડ્યું હશે. એની અરધોઅરધ પાંખડીઓ ખરી ગઈ હતી. બગીચાના માળીએ બેચાર દિવસથી વાળ્યું નહીં હોય, નહીંતર એ ત્યાં પડેલું પણ ન હોત. આવું સુકાઈ ગયેલું ફૂલ જોઈને દાદાના ચહેરા પર અણગમાના ભાવો ઊપસી આવ્યા. માણસ ઉદાસ હોય ત્યારે થોડોક ચીડિયો પણ થઈ જતો હોય છે. દાદાને પણ આ છોકરાનું આવવું ન ગમ્યું. એ જલદી ત્યાંથી જતો રહે તેવી ઈચ્છા એમને થઈ આવી. એટલે કંઈ પણ જવાબ આપ્યા વિના જરાક હસીને એમણે બીજી તરફ મોં ફેરવી લીધું, જેથી પેલો છોકરો એનો અણગમો જોઈને જતો રહે. પણ એ તો ભારે ચીટકુ નીકળ્યો. જતા રહેવાને બદલે એણે તો એ જ બાંકડા પર બેઠક જમાવી ! અને બરાબર દાદાને અડકીને જ બેસી ગયો.

થોડી વાર એમ જ બેઠા પછી એણે પેલા ચીમળાઈ ગયેલા ફૂલને નાક પાસે લઈ જઈ જોરથી સૂંઘ્યું. ત્યાર બાદ બોલી ઊઠ્યો કે 'અરે વાહ ! આમાંથી તો સુગંધ પણ કેવી સરસ આવે છે !' પછી દાદાની તરફ ફરીને બોલ્યો : 'આવું સરસ ફૂલ તમારે જોઈએ છીએ ? એમાંથી સુગંધ પણ કેવી મસ્ત આવે છે ! જો તમારે આ ફૂલ જોઈતું હોય તો હું તમને એમ ને એમ જ આપીશ હોં ! હું બીજું ફૂલ શોધી લઈશ. બોલો, આપી દઉં ?!'

હવે દાદાને બરાબરની ચીડ ચડી. નાનકડા બાળકને ખિજાવાનું એમને યોગ્ય ન લાગ્યું. એનાથી પીછો કેમ છોડાવવો એનો ઉપાય એ શોધતા હતા. પોતે જો એનું ફૂલ સ્વીકારી લે તો પછી એ જતો રહે એવું વિચારી એમણે મોઢા પર બનાવટી હાસ્ય લાવીને કહ્યું : 'ઠીક છે દીકરા ! આટલું સુંદર ફૂલ હોય અને તું મને એમ જ આપતો હોય તો એ સ્વીકારવામાં મને કંઈ જ વાંધો નથી. લાવ ત્યારે !' એમ કહી ફૂલ લેવા એમણે હાથ ધર્યો. ખુશ થઈને પેલા બાળકે ફૂલ આપવા હાથ લાંબો કર્યો. પણ દાદાનો લંબાયેલો હાથ ક્યાં છે તે એ નક્કી ન કરી શક્યો. ફૂલ દાદાના હાથમાં પડવાને બદલે નીચે પડી ગયું. એ છોકરો બંને આંખે આંધળો હતો.

http://suratiundhiyu.wordpress.com/

દાદાએ એનો હાથ પોતાના હાથમાં લઈ લીધો. એની પાસેથી ફૂલ લીધું. પછી પૂછ્યું, 'બેટા ! તું રોજ અહીં આવે છે ? તેં કદી ફૂલને જોયું છે ખરું ?' 'હા દાદા ! હું રોજ અહીં રમવા આવું છું. મેં તો ફૂલને કદી જોયું નથી પણ મારી મા પાસેથી એના વિશે બરાબર જાણ્યું છે ખરું. પણ દાદા ! ભલે ને મેં એને જોયું ન હોય, હું એની સુગંધ તો બરાબર જાણું છું ને ! એનો રંગ તો મને મારી મા કહે પણ એની સરસ સુગંધ અને કૂણી પાંખડીઓને તો હું બરાબર ઓળખું છું ! ફૂલ કેવું સરસ હોય નહીં !' એટલું કહીને એ ઊભો થયો. પછી બોલ્યો : 'દાદા ! તમને ગમે તો એ સુંદર ફૂલ આજથી તમારું હો કે ! તમે રોજ અહીં આવશો તો હું તમને રોજ આવું જ સરસ ફૂલ લાવી આપીશ હોં !' એટલું કહી એ કૂદતો કૂદતો ત્યાંથી જતો રહ્યો.

દાદા તો હવે કંઈ પણ બોલવાની સ્થિતિમાં જ નહોતા રહ્યા. એમની બંને આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વરસવાના શરૂ થઈ ગયા હતા. દુનિયાને જોવા-જાણવા તેમજ માણવાની બધી જ સગવડો ભગવાને આપી હોવા છતાં પોતે કેવા દુ:ખી હતા ? મનમાં કેટકેટલાં દુ:ખોનું કૃત્રિમ જાળું ઊભું કરીને પોતે જ તેમાં ગૂંચવાઈ ગયા હતા ? આવા સરસ બગીચામાં બેસીને પણ કુદરતના સૌંદર્યનો એક અંશ પણ પોતે નહોતા માણી શકતા. જ્યારે જેણે ફૂલને કે બગીચાને ક્યારેય જોયાં જ નથી એવો બાળક એ ચીમળાયેલા ફૂલના સૌંદર્યને બરાબર માણી શકતો હતો. છતી આંખે પોતાને આસપાસનાં આટલાં બધાં ફૂલો પણ જરાય આનંદ નહોતાં આપી શકતાં. ખરેખર આંધળું કોણ હતું ? એ જ ક્ષણે એમને થયું કે પોતાનાં દુ:ખો માટે બીજું કોઈ જ જવાબદાર નથી. વાંક કોઈ સમસ્યા કે દુનિયાનો નથી પણ પોતાની જાતનો જ છે. પોતાની પાસે દુનિયાને સાચી રીતે જોવાની એ દષ્ટિ જ ન હતી, જે આ અંધ બાળક પાસે હતી.

થોડીક વાર વિચાર કરીને એ ઊભા થઈ ગયા. પોતાની લાકડી હાથમાં ઉપાડી પણ ટેકવી નહીં ! એમને હજુ પોતાના પગ દગો નહીં દે તેવી ખાતરી થઈ આવી. દુનિયાને કોઈ નવા જ દષ્ટિકોણથી જોવા અને માણવાની મનોમન તૈયારી કરી, ખુશખુશાલ ચહેરે અને મક્કમ પગલે એમણે ઘર તરફ પ્રયાણ કર્યું !

એ જ સમયે પેલો અંધ બાળક હાથમાં બીજું ફૂલ લઈને એમની બાજુમાંથી પસાર થયો. એવા ઉત્સાહથી એ જઈ રહ્યો હતો કે એવું જ લાગે કે જાણે આવા જ બીજા કોઈ ઉદાસ વૃદ્ધની જિંદગી બદલવા માટે ન જઈ રહ્યો હોય ! - ડો.આઈ.કે.વિજળીવાળા

http://suratundhiyu.wordpress.com/

# "મા" - "દીકરી" - "વહુ" સંબંધના સેતુ

## સંબંધના સેતુ

સમયની સાથે જીવનમાં સંબંધોની આવનજાવન પણ ચાલતી રહે છે. જીવનભર લીલાછમ્મ રહીને, સમયની થપાટો ખાઈને પણ અડીખમ ઊભા રહી શકે એવા સંબંધો બહુ ઓછાં લોકોને મળે છે. જેને એવા સંબંધો મળે છે એને નસીબદાર જ કહેવાય.

કોઈ સંબંધોમાં કદી સરવાળા થતાં રહે છે. કશું ઉમેરાતું રહે છે. તો ક્યારેક સંબંધોમાં બાદબાકી પણ થતી રહે છે. કોઈ નામ ક્યારે કઈ પળે જીવનમાંથી ભૂંસાઈ જાય છે. એ કોણ કહી શકે ?

સમયની સાથે જીવનમાં સંબંધોની આવનજાવન પણ ચાલતી રહે છે. જીવનભર લીલાછમ્મ રહીને, સમયની થપાટો ખાઈને પણ અડીખમ ઊભા રહી શકે એવા સંબંધો બહુ ઓછાં લોકોને મળે છે. જેને એવા સંબંધો મળે છે એને નસીબદાર જ કહેવાય.

સંબંધો તૂટવાના કે જોડવાના અનેક કારણો હોય છે અને દરેક માટે એ કારણો અલગ અલગ હોય છે. થોડી સમજદારી અને ધીરજથી જો કામ લેવામાં આવે તો ઘણાં સંબંધો તૂટતાં બચાવી શકાય છે.

એમાંયે સાસુ-વહુનો સંબંધ એટલે કદાચ સૌથી વધારે વગોવાયેલો સંબંધ. એની નીત-નવા રૂપ નજર સામે આવતાં રહે છે.

માલતીબહેન બહુ ઓછાંબોલા અને શાંત સ્વભાવનાં હતાં. કજિયાનું મોં કાળું એમ માનીને ચાલનારા. જરૂર પડચે અન્યાય પણ સહન કરી લે, પરંતુ ઝઘડો થાય એ કદી સહન ન કરી શકે. એમની વહુ એકતા એમનાથી સાવ જ ઊલટા સ્વભાવની. આમ તો લગ્ન પહેલાંથી જ તેને સ્વતંત્ર રહેવાના સપનાં હતાં, પરંતુ આર્થિક કારણોસર એ શક્ય ન બન્યું. જુદું ઘર લઈને રહેવાથી પોતાને જ પૈસાની ખેંચ પડવાની. આવું મોટું ઘર લઈ શકે એવી પતિની આવક નહોતી. અહીં તો સસરાના પૈસા ઘરમાં આવતાં હતાં એટલે કોઈ પ્રશ્ન નહોતો આવતો. જુદાં રહેવા જાય તો પોતે પણ ઘર ભાડે રાખવું પડે અને એટલો બધો ખર્ચો પતિની આવકમાંથી

http://suratiundhiyu.wordpress.com/

શક્ય નહોતો એની તેને જાણ હતી. એટલે સાસુ-સસરાની સાથે રહેવા સિવાય બીજો કોઈ ઉપાય નહોતો.

પણ આ અસંતોષ બીજી ઘણી રીતે અવારનવાર તેના વર્તનમાં દેખા દેતો રહેતો, પરંતુ માલતીબહેનના શાંત સ્વભાવને લીધે ખાસ વાંધો નહોતો આવતો. ક્યારેક સાસુના આવા સારા સ્વભાવના લીધે એકતાને પસ્તાવો પણ થતો અને બે-ચાર દિવસ પોતે શાંત રહેવાના પ્રયત્નો પણ કરતી, પણ એ બહુ લાંબું ન ચાલતું. ઘરની મોટાભાગની બધી જવાબદારી માલતીબહેન પર જ હતી. તેમને તબિયતનો ખાસ કોઈ પ્રોબ્લેમ નહોતો. તેથી વિચારતાં કે થાય ત્યાં સુધી કરવામાં શું વાંધો. આમ પણ બેઠાં બેઠાં તો તબિયત વધારે બગડે. એટલે વહુની રાહ જોયા સિવાય જ શક્ય તે બધાં કામ કરતાં રહેતાં.

હમણાં માલતીબહેનની દીકરી હીનલ સાસરેથી આવી હતી. તેના ઘરમાં તેનાં સાસુ બહુ જબરાં હતાં અને પતિ પણ મા કહે એટલું જ પાણી પીતો હતો. નાની નાની વાતમાં હીનલ ઉપર કચકચ ચાલુ રહેતી. તેથી કંટાળીને હીનલ પિયર આવી હતી. હવે એ લોકો સુધરે નહીં ત્યાં સુધી હું પાછી જવાની નથી. દીકરીની એ વાત સાંભળી ત્યારે તો માલતીબહેન કશું ન બોલ્યાં. પુત્રીનો ગુસ્સો- આવેશ શાંત થાય ત્યાં સુધી રાહ જોવી જરૂરી હતી.

બે-ચાર દિવસ પછી માલતીબહેન દીકરી સાથે બેઠાં હતાં. હીનલ કહે, મમ્મી તુંયે ખરી છે.
ઘરમાં વહુ તું છે કે ભાભી એની મને તો ખબર જ નથી પડતી.
એમાં ખબર પાડવા જેવું શું છે ?

કેમ ભાભી સૂતાં હોય ને તું રસોડામાં કામ કરતી હોય છે.

તો એમાં કંઈ હું ઘસાઈ નથી જતી. શરીર પાસેથી તો જેટલું કામ લેવાય એટલું વધારે સારું. કસરત કરવા જવાની જરૂર જ ન રહે. એકતાના આવ્યા પહેલાં હું નહોતી કરતી ? તું તો મન થાય ત્યારે કરાવતી હતી. તું તો એકતા જેટલું પણ નહોતી કરાવતી. ભૂલી ગઈ ? માલતીબહેન હસતાં હસતાં બોલ્યાં.

કાશ મારાં સાસુ પણ તારી જેમ વિચારી શકતાં હોત તો ? હીનલે કહ્યું.

http://suratiundhiyu.wordpress.com/

બેટા, તારાં સાસુ ભલે તારી જેમ ન વિચારી શકે, પણ તું તો મારી જેમ વિચારી જ શકે ને ? એમનો સ્વભાવ આપણે ન બદલી શકીએ, પણ આપણો સ્વભાવ તો આપણે બદલી શકીએ ને ? બીજાને સુધારવા કરતાં જાતને સુધારીએ તો બેટા ઘણાં પ્રશ્નો ઓછાં થઈ જાય.

અને બેટા એક વાત કહું ? ગમે તેવું તો યે હવે એ ઘર તારું જ કહેવાય. સાથે રહેતાં બે વાસણો ખખડે પણ ખરાં... સ્વભાવ તો બધાના જુદાં હોવાના જ. પણ એમ નાની નાની વાતમાં ઘર છોડીને ભાગી ન નીકળાય બેટા. ત્યાં તારો હક્ક છે અને અહીં તારી ભાભીનો. આપણા સમાજના આ રિવાજને આપણે અનુસરવું જ રહ્યું. અહીં ક્યારેક તારું સ્વમાન નહીં સચવાય. ભાભી તને કશુંક બોલી બેસશે ત્યારે તને બહુ આકરું લાગશે. બેટા, જે માએ દીકરાને વરસો સુધી જીવની જેમ જાળવ્યો છે એ દીકરો માનું રાખે એને સ્વાભાવિક ગણવાનો પ્રયત્ન કરીશ. તારી જોવાની દૃષ્ટિ બદલીશ તો એ જ વાત તું બીજી રીતે પણ મૂલવી શકીશ. ભાઈ મારું રાખે એ મને સારું લાગે કે નહીં ? અને એકવાર પતિનો વિશ્વાસ જીતી શકીશ, એને તારી પર શ્રદ્ધા આવી જશે તો એની જાતે એ બદલાશે.

પણ મમ્મી, તું તો વહુનું કેવું ધ્યાન રાખે છે ?

બેટા, મેં પહેલાં જ કહ્યું ને ? કે દરેકનો સ્વભાવ સરખો નથી હોતો. હું મારા સ્વભાવ પ્રમાણે કરું. વહુ એના સ્વભાવ મુજબ, એને લીધે મારે ખરાબ બનવું એવું કોણે કહ્યું ? ક્યારેક એને એની ભૂલ સમજાશે જ અને ન પણ સમજાય તો મારું શરીર ચાલે છે ત્યાં સુધી મને કોઈ વાંધો નથી. પછી નહીં થાય ત્યારે એને કર્યે જ છૂટકો થશે ને ? એના સિવાય બીજું કોણ કરવા આવવાનું ?
અને હા, ખબરદાર છે, મારી વહુની વાત કરી છે તો હોં ? જેવી છે એવી મારી વહુ છે. માલતીબહેને હસતાં હસતાં પુત્રીને કહ્યું.

હીનલ માની વાત સાંભળી રહી. આમ પણ હવે તેનું મન શાંત થયું હતું. તેથી તે શાંતિથી માની વાત વિચારી શકી. પછી તો માતા અને પુત્રી વચ્ચે ઘણી ચર્ચા થઈ. હીનલે પોતાના પ્રશ્નો કહ્યા અને માએ તેને પ્રેમથી સમજાવીને દરેક વાતના તટસ્થ જવાબ આપ્યા.

http://suratiundhiyu.wordpress.com/

હીનલને થયું કે ફક્ત સાસુની જ ભૂલ નહોતી, પોતે પણ ભૂલ તો કરી જ હતી. માની વાત પર એને શ્રદ્ધા હતી. મા પોતાના ભલા માટે જ કહે ને ?
મમ્મી, મને લાગે છે કે, તારી વાત સાચી છે. હું પણ તારી જેમ વિચારતા શીખીશ અને કાલે જ મારે ઘરે પાછી જઈશ. એવા કોઈ મોટા પ્રશ્નો તો નથી જ મારા ઘરમાં.

શાબાશ બેટા... હવે મારી દીકરી જેવી વાત કરી ને ? મને મારી દીકરીનું ગૌરવ છે. એકતા ક્યારની મા દીકરીની વાત છુપાઈને સાંભળતી હતી. તેને તો એમ જ હતું કે મા-દીકરી ભેગા મળીને પોતાની જ વાતો કરતાં હશે. એને બદલે એને તો સાવ જુદી જ વાતો સાંભળવા અને સમજવા મળી.

એકતાને સાસુ માટે પહેલીવાર દિલથી માન થયું. પોતે આવા સારા સાસુને અન્યાય કરે છે. પોતે સારી વહુ નથી બની શકી એનો અહેસાસ થયો. સાસુએ આજ સુધી ક્યારેય પોતાને કોઈ વાત માટે ટોકી નથી. એ વાત સમજાઈ. સાસુએ પોતાને કદી કશું કહ્યું નથી અને દીકરીને પણ સાચી વાત કેવી સરસ રીતે સમજાવી દીધી. કાશ પોતાની મમ્મીએ પણ તેને આ રીતે સમજાવી હોત તો ?

એકતાની દૃષ્ટિ બદલાઈ. માલતીબહેનને તો ખબર સુદ્ધાં ન પડી.

બીજે દિવસે સવારે માલતીબહેન રસોડામાં ગયાં ત્યાં એકતા હાજર હતી. મમ્મી, તમે રોજ સેવાપૂજા મોડી મોડી કરો છો... આજથી તમે તમારી પૂજા નિરાંતે પહેલાં કરી લેજો. અહીં હું છું જ.
માલતીબહેન વહુની સામે જોઈ રહ્યાં. વહુના ચહેરા પર સમજણનું સ્મિત ફરકી રહ્યું હતું. સાસુ-વહુ વચ્ચે લાગણીની લીલેરી કૂંપળ ફૂટવાની શરૂઆત થઈ ચૂકી હતી.

સંબંધોનો સેતુ રચાવાની નાનકડી શરૂઆત થઈ શકી હતી અને ભવિષ્યમાં ધીમે ધીમે એ સેતુ મજબૂત થવાનો જ એવી આશા અસ્થાને ન જ કહેવાય ને? - અજ્ઞાત

## અસ્તિત્વની શોધ

http://suratiundhiyu.wordpress.com/

(આ વાર્તા સત્યઘટના પર આધારિત છે)

આજથી આશરે પાંચેક વર્ષ પહેલાં સોમવારની સવારે મંદિરમાં ચંપાબેન મળ્યાં હતાં. ત્યારે તેમની ઉંમર પાંસઠેક વર્ષની હશે. મને કહે, 'બહેન, મેં સાંભળ્યું છે કે તમને બહુ બધાની જિંદગી વાંચવાનો અનુભવ છે. મારે પણ તમને કંઈક કહેવું છે.' ચંપાબેન આમ તો અવારનવાર મળતાં હતાં. ક્યારેક એમના ચહેરા પર સ્મિત તો ક્યારેક વેદના જોવા મળતાં અને તેથી મને પણ તેમનાં જીવનમાં ડોકિયું કરવાનો સળવળાટ જાગ્યો હતો. આ સામેથી મળેલી તકને હું કેવી રીતે જવા દઉં ? મેં કહ્યું, 'ચાલો, આજની બપોર તમારી સાથે....'
એમના ઘરે હું પહોંચી ત્યારે તેમની આંખો મારી પ્રતિક્ષામાં હતી.
મને કહે : 'બહેન, હવે તો મારી આંખોનાં આંસુ પણ સૂકાઈ ગયાં છે. હું ખરેખર થાકી ગઈ છું....' મેં થોડું આશ્વાસન આપ્યું અને તેઓ ભૂતકાળમાં સરી પડ્યા.
'એક સ્ત્રી તરીકે કેટકેટલાં રૂપ મેં ધારણ કર્યાં છે.... દીકરી, બહેન, પ્રેયસી, પત્ની, માતા, દાદીમા.... અને છતાંય મારા અસ્તિત્વની શોધ હજુ ચાલુ જ રહી છે. બહેન, આ બધાની વચ્ચે હું પોતાને સતત શોધતી રહી છું. માતા પુષ્પાબેનની કૂખે અવતરી ત્યારે સમાજે મને કમને તો સ્વીકારી પરંતુ મારી સરખામણી હંમેશા મોટાભાઈ રમેશ સાથે થતી રહી. તે કંઈ પણ કરી શકે કારણ કે તે દીકરો હતો અને મારે અમુક રીતે જ રહેવાનું કારણ કે મારે પરણીને સાસરે જવાનું હતું. મારે મારી પોતાની ઓળખ મેળવવી હતી પરંતુ અહીં તો મારું કોઈ અસ્તિત્વ જ નહોતું ! યુવાનીમાં પ્રવેશી ત્યારે હૈયામાં છૂપાયેલા અસંતોષે પારકાપણાંના ભાવને જન્મ આપ્યો હતો. મારું જ ઘર મને પરાયું લાગતું હતું. મનમાં હવે પોતાનું ઘર, પતિનાં સપનાં શરૂ થયાં હતાં. જિંદગીની સફરમાં મુલાકાત થઈ રમણલાલ સાથે.... અને લાગ્યું કે મને મારી મંઝીલ મળી ગઈ. એ મિલન અદ્દભુત અને અકલ્પ્ય હતું. લાગતું હતું કે મારા અસ્તિત્વની શોધ અહીં પૂરી થશે... મને મારી સાચી ઓળખ પ્રાપ્ત થશે... હું તે વખતે સુખના સર્વોત્તમ શિખરે હતી. નસીબે સાથ આપ્યો અને હું પ્રેયસીમાંથી પત્ની બની.

પરંતુ એમ કહેવાય છે ને કે લગ્ન એટલે પ્રેમનું પૂર્ણવિરામ ! ખરેખર એ પ્રેમ હતો ? હવે તો અધિકારનો ભાવ શરૂ થયો હતો. સપ્તપદીનાં સાત ફેરા વખતે બંને પક્ષે વચનોની આપ-લે જરૂર થઈ હતી પરંતુ મને ક્યાં ખબર હતી કે વેદીના મંત્રોચ્ચાર વખતે જ્યારે ઘી હોમાય છે ત્યારે જ બોલાયેલાં વચનોનો પણ ધુમાડો થઈ જતો હોય છે..... ખેર, હું કુટુંબ સાથે તો બંધાઈ ગઈ અને ગૃહપ્રવેશની સાથે જ મને કંઈકેટલાય નવા સંબંધોનો આવકાર મળ્યો. દરેક સ્ત્રીની જેમ મારા જીવનમાં પણ જવાબદારીઓની ઘટમાળ શરૂ થઈ.... કલાકો, દિવસો, મહિનાઓ પસાર થતા રહ્યા....

http://suratiundhiyu.wordpress.com/

નવવધૂ તરીકે આવેલી આ ચંપા મારું ઘર, મારો વર... બધું જ મારું... અને મારું જ ધાર્યું કરીશ – એવા સપનાં જોવા લાગી. પરંતુ પતિ કહે : 'હું જે કહીશ તે જ થશે.. તું કંઈ કમાવા નથી જતી...' સાસુ-સસરા, જેઠ-જેઠાણી, દિયર-દેરાણી, નણંદ-નણદોઈ અને ભત્રીજા-ભાણેજાના સંબંધોમાં હું ફંગોળાતી રહી... ક્યાંક કોઈ મારું લાગે તો ઘડીક થોડો વિસામો લેતી અને ફરી પાછી એ જ ઘટમાળમાં અટવાઈ જતી. હું નક્કી નહોતી કરી શકતી કે આમાં મારું સ્થાન ક્યાં છે ? મારું અસ્તિત્વ ક્યાં છે ?' ચંપાબેને સ્મિત સાથે પાણીનો ઘૂંટડો ગળે ઊતાર્યો, થોડું અટક્યા અને ફરીથી પોતાના અતીતની વાત આગળ વધારી....

'એ પછી મારા જીવનમાં નવો વળાંક આવ્યો. રોમેરોમ નવી કૂંપળો ફૂટી જ્યારે હું ગર્ભવતી બની. એ કદાચ જીવનના સર્વોત્તમ દિવસો હતાં જ્યારે મારું આખું કુટુંબ મારી સાથે હતું. પ્રસુતિની પીડા સહન કરીને મેં એક સુંદર પુત્રને જન્મ આપ્યો. ઘરમાં બધાનો વ્યવહાર મારા માટે બદલાયો હતો કારણ કે હું તેમનો વંશવેલો વધારવા માટે સાધન બની હતી. જો કે હું તો બધાનો દુર્વ્યવહાર ભૂલી ગઈ હતી કારણ કે કુદરતે મને ભૂલવાની બક્ષિસ આપી હતી ! હવે ફરી એક વખત સપનાંઓની વણઝાર શરૂ થઈ કે ભલે મારું કોઈ ન હોય, મારો દીકરો તો હંમેશા મારો જ છે ને ! એને હું ભણાવી-ગણાવી સંસ્કાર આપીને મોટો માણસ બનાવીશ ત્યારે મને હાશ થશે. બસ, પછી એ દિવસની રાહ જોઈને તડકા-છાંયડા, વાદળ-વંટોળ, ખાડા-ટેકરાઓમાં હું અથડાતી, કૂટાતી રહી અને બાકી રહેલી જુવાની પણ કુટુંબને સમર્પિત કરીને સમયના વહેણમાં ઘસડાતી રહી. એક આશા હતી કે હરેશ ભણીને સ્થિર થઈ જાય એટલે એક સરસ મજાની વહુ લઈ આવું જે મને હૂંફ આપે, જે મને મારા અસ્તિત્વની સંપૂર્ણતાનો અહેસાસ કરાવે... મારું કુટુંબ હંમેશા મારી સાથે રહે....

પણ જીવનમાં બધું જ સુખ કંઈ થોડું કપાળ પર લખાયેલું હોય છે, બહેન ! દીકરો જ વહુને સાચવવા માને હડધૂત કરે તો ક્યાં જવાનું ? મા ગમતી નથી કારણ કે તે જૂના વિચારોની છે. ફાવે તો રહો નહીં તો જાઓ ઘરડાઘરમાં.... – કેવો અસહ્ય આઘાત હતો આ ! જાણે મારું સંપૂર્ણ અસ્તિત્વ જ નામશેષ થઈ ગયું હતું. મન મનાવીને પુત્ર-પુત્રવધૂ સાથે રહેવાનું હતું. બીજો કોઈ રસ્તો નહોતો. હા, પતિ સાથે નિરાંતની પળોમાં હૈયું ખોલી લેતી. એ જ હવે તો ઘડપણનો વિસામો હતાં. એકબીજાને હૂંફ આપીને દા'ડા કાઢવાના હતાં. એવામાં થોડા દિવસ જાત્રાએ જઈને આવ્યાં અને જોયું તો ઘરના રૂપરંગ સાવ બદલાઈ ગયાં હતાં. દિલમાંથી દૂર કર્યા બાદ અમને દીવાલ પરની તસ્વીરમાં રાખવાનું પણ પુત્રને ઉચિત નહોતું લાગ્યું. હવે અમારે એની રીતે રહેવાનું હતું. જેને મેં ઊઠતા, બેસતાં અને ચાલતાં શીખવ્યું હતું તે આજે મને કેવી રીતે રહેવું એના પાઠ શીખવતો હતો ! મનના કોઈક ઊંડા ખૂણે એમ થતું હતું કે શું મારું કોઈ નથી ? હે ઈશ્વર, શું કોઈને મારી જરૂર નથી ? જો એમ જ હોય તો તેં મને જન્મ શું કામ આપ્યો ? હું જેવી છું તેવી કોઈ શા માટે સ્વીકારવા તૈયાર

http://suratundriyu.wordpress.com/

નથી ? શું કોઈ મને સમજી નહીં શકે ? ઘડિયાળના લોલકની જેમ હું સતત અહીંથી ત્યાં ફંગોળાતી રહી છું એ વાત કોણ સમજશે ? મારા અસ્તિત્વની શોધ પૂરી થશે ખરી ?' ચંપાબેનની જીવનકથની સાંભળીને હું ઘરે આવી.

બીજે દિવસે ચંપાબેનની પડોશનો છોકરો દોડતો મને બોલાવવા ઘરે આવ્યો. હું એમના ઘરે ગઈ અને જોયું તો ચંપાબેન પ્રભુને પ્યારા થઈ ગયા હતા. કદાચ ઈશ્વરે ચંપાબેનની પ્રાર્થના સાંભળી લીધી હતી. ઘરમાં રોક્કળ હતી પરંતુ તેમના ચહેરા પર ચિર શાંતિ હતી. તેમના પુત્રવધૂએ મને એક પત્ર આપ્યો અને કહ્યું કે, 'રાત્રે અચાનક મમ્મીજીની તબિયત લથડી. ઉપરાઉપરી બે એટેક આવ્યા અને મને આ પત્ર તમને સોંપવાનું કહ્યું. એ પછી થોડીવારમાં જ તેમણે આંખો મીંચી લીધી....' હું સ્તબ્ધ થઈ ગઈ હતી. શું બોલવું તે સમજાતું નહોતું. મેં એ પત્ર ખોલ્યો.

તેમાં લખ્યું હતું : 'બહેન, મારી માએ મને શિખામણ આપી હતી કે ભોજનેષુ માતા, કાર્યેષુ મંત્રી, શયનેષુ રંભા બનીને રહેજે. હવે સાસરું જ તારું અંતિમધામ છે. જ્યાં ડોલી જાય છે ત્યાંથી અર્થી નીકળવી જોઈએ. ઘરે આવે તો તારા વર સાથે આવજે અને પિયરમાં મહેમાનની જેમ રહેજે.... – આ શિખામણને આંખો સામે રાખીને જીવી છું. પણ કદાચ હવે થોડા સમયની મહેમાન છું. આ પ્રાણ આ ખોળિયું છોડીને ઊડી જશે... પતિ જીવે છે એટલે આ સુહાગણને સજાવીને-શણગારીને અગ્નિદાહ આપવા સ્મશાનમાં લઈ જશે. આ શબ ચિંતાઓના રાફડામાંથી મુક્ત થઈને ચિતાની ભસ્મ બની જશે અને હાશ અનુભવશે. બહેન, મેં કદાચ આપને મારી આ બધી વાતો કહીને દુઃખી કર્યા હશે પરંતુ મારી આ વાત બીજી અનેક બહેનોને સાંત્વન આપનારી બનશે કારણ કે એક ભારતીય સ્ત્રીનું જીવન તો આમ જ હોઈ શકે ને ! મારું જીવન જીવ્યાનો મને પૂરો સંતોષ છે. તમામ સંબંધોનું પાલન, પોષણ અને જતન મેં મારા તન-મન-ધનથી અને મારી તમામ લાગણીઓ સીંચીને કર્યું છે. એમાં કશુંક બરાબર ન થયું હોય તો હું અન્યને દોષિત ગણતી નથી, એ તો મારા જ કર્મોનું ફળ છે. હું તમામને માફ કરું છું બહેન, અને તમે મને પણ માફ કરી દેજો. મને લાગે છે કે મારા અસ્તિત્વની શોધ હવે અહીં પૂરી થઈ છે....'

ચંપાબેનનો પત્ર વાંચીને હું આંસુ રોકી ન શકી. મારું મન એમને નતમસ્તક પ્રણામ કરી રહ્યું. તેમની જીવનકથા હૃદયને હચમચાવી ગઈ. તેમના આત્માને ઈશ્વર પરમ શાંતિ આપે એ જ પ્રાર્થના હું કરતી રહી

http://suratiundhiyu.wordpress.com/

## માનું શ્રાદ્ધ

એક મીત્ર મીઠાઈની દુકાને મળી ગયા. મને કહે: 'આજે માનું શ્રાદ્ધ છે. માને લાડુ બહુ ભાવે એથી લાડુ લેવા આવ્યો છું.'

મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. હજી પાંચ મીનીટ પહેલાં તો હું એમની માને શાકમાર્કેટમાં મળ્યો હતો. હું કાંઈ બોલું તે પહેલાં ખુદ એ માતાજી હાથમાં થેલી લઈને ત્યાં આવી પહોંચ્યા. મે મીત્રના બરડે ધબ્બો લગાવતા પુછયું:

'ભલા માણસ, આ શી મજાક માંડી છે! માજી તો આ રહ્યાં તારી બાજુમાં!' મીત્રએ માતાના બન્ને ખભા પર હાથ મુક્યો અને હસીને કહ્યું:

'દીનેશભાઈ, વાત એમ છે કે માના મર્યા બાદ ગાય - કાગડાને વાસમાં લાડુ મુકવાને બદલે હું માના ભાણામાં લાડુ મુકી એમને જીવતાજીવત જ તૃપ્ત કરવા માગું છું. હું માનું છું કે જીવતાજીવત જ માબાપને સર્વે વાતે સુખી કરો એ સાચુ શ્રાદ્ધ ગણાય!'

એમણે આગળ કહ્યું: 'માને ડાયાબીટીશ છે. પણ એમને સોસીયો બહુ ભાવે છે. હું એમને માટે સોસીયો હંમેશા ફ્રીઝમાં રાખું છુ. ખાજલી, સફેદ જાંબુ, કેરી વગેરે એમની ભાવતી આઈટેમ છે. તે બધું જ હું એમને ખવડાવું છું. શ્રદ્ધાળુઓ મંદીરે જઈ અગરબત્તી સળગાવે છે. હું મંદીરે જતો નથી. પણ માના સુવાના ઓરડામાં કાચબાછાપ અગરબત્તી સળગાવી આપું છું. સવારે મા ગીતા વાંચવા બેસે ત્યારે માના ચશ્મા જાતે સાફ કરી આપું છું. મને લાગે છે કે ભગવાનનો ફોટો કે મુર્તી સાફ કરવા કરતા ઘરડી માના ચશ્મા સાફ કરવાથી વધુ પુણ્ય મળે છે!'

મીત્રની વાત શ્રદ્ધાળુઓને કઠે એવી છે પણ વાતમાં વજુદ છે. આપણે વૃદ્ધોના મૃત્યુ બાદ શ્રાદ્ધ કરીએ છીએ. જ્ઞાતીને લાડુ દુધપાકનુ જમણ જમાડીએ છીએ. રીવાજ ખાતર ભલે તેમ કરવું પડતું, પણ યાદ રહે ગાય - કાગડાને ખવડાવેલુ કદી ઉપર પહોંચતું નથી. અમેરીકા અને જાપાનમાં પણ સ્વર્ગ માટેની કોઈ 'ટીફીનસેવા' હજી શરુ થઈ નથી. માવતરને જીવતાજીવત જ બધાં સુખો આપીએ તે ઉત્તમ શ્રાદ્ધ ગણાય.'

એ સત્ય સમજી લેવા જેવું છે.

http://suratiundhiyu.wordpress.com/

દીકરાઓ ગમે તેટલા શાણા, સમજુ અને પ્રેમાળ હોય તો પણ ઘડપણની લાચારી, પીડા અને અસહાયતાનો તેમને ખ્યાલ આવી શકતો નથી. આંખે દેખાતું બંધ થયા પછી જ અંધાપાની લાચારી સમજાય છે. એ સંજોગોમાં વૃદ્ધોને પૈસા કરતાં પ્રેમની અને ટીકા કરતાં ટેકાની વધુ જરુર પડે છે. આજના તણાવયુક્ત જીવનમાં દીકરાઓને માથે પણ તરેહ તરેહના ટેન્શનો અને જવાબદારીનું ભારણ હોય છે. તેઓ ઈચ્છવા છતાં માબાપની પુરી કાળજી લઈ શકતા નથી. એવા દીકરાઓને કંઈકે માફ કરી શકાય.

પરંતુ કેટલાંક યુવાનો પત્ની અને સંતાનોની કાળજી લે છે તેટલી ઘરડા માબાપોની નથી લેતા. સમાજના મોટાભાગના વૃદ્ધો અનેક પ્રકારની અવહેલના ઝીલી (હોઠ ભીડીને) જીવે છે. એવાં દીકરાઓ માબાપને પાશેર ખમણ ખવડાવતાં નથી અને મર્યા બાદ હજારો રુપીયા ખર્ચીને જ્ઞાતીને જમાડે છે.

ભાતમાં વહુ અડધી પળી ઘી મુકી નથી આપતી, પણ સ્મશાને ચીતા પર તેના શરીરે કીલો ઘી ચોળવામાં આવે છે. મર્યા બાદ બ્રાહ્મણોને દાન આપવામાં આવે. તીર્થસ્થળોએ જઈ શ્રાદ્ધ કરવામાં આવે. આ બધી અનપ્રોડક્ટીવ એક્ટીવીટી છે. જુની પેઢીના લોકોની એ જર્જરીત મનોદશામાં કોઈ પરીવર્તન આવવાનું નથી. પરંતુ આજના યુવાનો એવા ખોખલા રીવાજને તીલાંજલી આપે તે જરુરી છે.

હમણા જાણીતા શાયર દેવદાસ - 'અમીર'ની એક પુસ્તીકા હાથે ચડી ગઈ. એમાં રમેશ જોષીનું એક વાક્ય વાંચવા મળ્યું -

'જયારે હું નાનો હતો અને આંખમાં આંસુ આવતા ત્યારે મા યાદ આવતી. આજે મા યાદ આવે છે ત્યારે આંખમાં આંસુ આવે છે!" સંતો કહે છે, નાનપણમાં આપણે ચાલી નહોતા શકતા ત્યારે માબાપ આપણી આંગળી ઝાલતા. હવે તેઓ ચાલી નથી શકતા ત્યારે તેમનો હાથ ઝાલવો જોઈએ!

વારંવાર એક વાત સમજાય છે. ઘરડા માબાપને તીર્થયાત્રા કરવા ન લઈ જાઓ તો ચાલશે, પણ તેમનો હાથ ઝાલીને આદરપુર્વક સંડાસ સુધી દોરી જશો તો અડસઠ તીર્થનું પુણ્ય મળશે. કહે છે માબાપ બે વખત રડે છે. એક દીકરી ઘર છોડે ત્યારે… અને બીજું દીકરા તરછોડે ત્યારે.

http://suratiundhiyu.wordpress.com/

પણ માને તો જીંદગીભર રડવાનું જ હોય છે. છોકરાં નાના હોય અને જમે, નહીં એટલે મા રડે અને એ છોકરાં મોટા થઈને જમાડે નહીં, ત્યારે મા રડે છે!

સંજોગોની એ વીચીત્ર વીટંબણા છે કે જે બાળકને માએ બોલતા શીખવ્યું હોય એ દીકરો મોટો થઈને માને ચુપ રહેવાનું કહે છે. (જોકે વ્યવહારુતા એમાં છે કે સંતાનો પુછે નહીં ત્યાં સુધી તેમને કોઈ સલાહ ના આપવી. એમ કરવું એ ઘડપણની શોભા પણ છે અને જરુરીયાત પણ)

માતૃપ્રેમ વીશે લોકકવીઓએ ઘણું લખ્યું છે. કવી ધરમશીએ લખ્યું છે -

'પહેલાં રે માતા... પછી રે પીતા... પછી લેવું પ્રભુનું નામ... મારે નથી જાવું તીરથધામ...!' પણ હવે સમય અને સમાજ બન્ને બદલાયાં છે. લોકોની વાણી, વર્તન અને જીવનશૈલી પર પશ્ચીમની અસર થઈ છે. જે મા દીકરાને ગર્ભમાં રાખે છે તેને દીકરા ઘરમાં રાખવા માંગતા નથી. કવી ગુલાબદાન કહે છે:

'ગરીબ માની ઝુપડીમાં કોઈદી સાંકડ નહોતી થાતી... આજે પાંચ પુત્રોના પાંચ બંગલામાં એક માવડી નથી સચવાતી... તો શરમ, મરજાદ અને સંસ્કૃતી ક્યાં ગઈ જે ગૌરવ આપણું ગણાતી...? આલીશાન બંગલામાં પોષાય આલ્સેશીયન... એક માવડી નથી પોસાતી...!

એક દીકરો

## ધાવણની લાજ !

બા તમને કેટલી વખત કીધું પણ તમો તો સમજતા જ નથી.મારા મિત્રની હાજરીમાં પણ ઠો..ઠો કર્યા કરો છો.ઉધરસ આવે તો બીજા રૂમમાં જતા શું જોર પડે છે ? મારું ખરાબ લાગે એ તમને ગમે છે. 'મે પણ મમ્મીને કેટલી વખત ટોક્યા હશે પણ એમને શિખામણની કોઈ અસર થતીજ નથી.' ઉમેશ અને પુર્વી બન્નેએ એકી સાથે મારા પર પ્રહાર શરુ કર્યા.

http://suratiundhiyu.wordpress.com/

મને કોઈ શોખ નથી થતો કે તમારા મિત્રની હાજરીમાં ઉધરસ ખાઉં. ઉધરસ મટતી નથી..ઘર ગથ્થુ કેટલા ઉપાય કર્યા છતાં પણ ઉધરસ ઓછી થતી નથી.ડૉકટર પાસે મને લઈ જવા તમારી પાસે સમય અને પૈસા બન્ને નથી.મે તમને બધું આપી દીધું એ ભુલ મને આજ સમજાણી.

દિકરો જન્મ્યા બાદ છ મહિનામા ઉમેશના પપ્પા આ દુનિયા માંથી જતા રહ્યાં ૨૪ વર્ષની નાની વયે વિધવા બની. હું એક પ્રાથમિક સ્કુલમાં શિક્ષિકા હતી.બહું પગાર પણ નહોતો.બીજા લગ્ન કરીશ તો મારા પુત્રને સ્ટેપ ફાધર, પિતાનો પ્રેમ આપી શકશે કે કેમ? એ પ્રશ્નમાં મે નક્કી કર્યું કે હું ઉમેશની મા અને પિતા બની બન્નેનો પ્રેમ આપીશ.ઉમેશના સારા ભાવિ માટે મારા ત્યાગની જરૂર છે.

સર્વિસ સાથો સાથ ટ્યુશન કરી મારા એકના એક સંતાન માટે ભગીરથ કાર્ય સાથે અનેક વિટંબણા, મુશ્કેલીઓનો સામનો કરી ઉમેશને મિકેનિકલ એન્જીનયર બનાવ્યો, તેની પસંગીની છોકરી ઉર્મી સાથે લગ્ન કરાવ્યા. લગ્નબાદ એજ પુત્ર એકાએક બદલાઈ ગયો. શું મે આપેલા સંસ્કારો, શિક્ષણ અને સારી તાલીમ એકાએક બાસ્પીભવન કેમ થઈ ગયા! આ નવા યુગની હવામાં એવીતો શું તાકાત છે કે મેં આપેલ પ્રેમના વૃક્ષને ઉખેડી ફંગોળી દીધું ?..આવા વિચારો અવાર નવાર મારા મનમાં આવી જતા. ..હશે…ચાલ્યા કરે…મનને મનાવી લેતી..

૫૮ વર્ષે નિવૃત થઈ. નિવૃતી એટલે.જિંદગીભર કરેલા પરિશ્રમને વિશ્રામ!યુવાનીમાં વાવેલા બીજમાંથી થયેલ વૃક્ષની છાયા તળે શિતળતા! પણ મને ના તો વિશ્રામ, ના તો કોઈ શિતળતા મળી..વહું ને મે દીકરી તરિકે માની પણ ઉર્મીએ મને કદી મા તરિકે ના સ્વિકારી..ના તો દિકરાએ મા ની ગોદની લાજ રાખી..મારી પાછલી જિંદગી એક સહરાના રણ જેવી બની ગઈ! કંટાળી ગઈ!

ઉષાબેન..આ જાહેરાત જોઈ ? અમેરિકાથી એક ડૉ.કપલને બેબીસિટર અને ગુજરાતી રસોઈ કરી શકે તેવા બેનની જરૂરત છે. મારી બહેનપણી લત્તાએ કહ્યું. ‘નર્ક જેવી જિંદગી જીવવા કરતા આ તક તારા માટે ઘણી સારી છે.’ ‘પણ લત્તા, તેના માટે પાસપોર્ટ પણ જોઈએ.’ ‘તેની તું ચિંતા નકર.તારા બનેવી ને ઘણી લાગવગ છે. વાંધો નહી આવે..હું અને લત્તા બન્ને અમેરિકાથી

http://suratiundhiyu.wordpress.com/

આવેલ મિસ્ટર,અને મિસિસ વ્યાસને મળ્યા.બધું સેટ થઈ ગયું. બન્ને ડૉકટર હતાં.પાંચ વર્ષનો બાબો હતો..લત્તાએ મને ઘણીંજ હેલ્પ કરી.ત્રણજ મહિનામાં મારે અમેરિકા જવાનું થયું..ઉમેશને એકદમ આશ્રર્ય થયું પણ શૉક નહી.. પતિ-પત્નિએ 'હાશ'ની લાગણી અનુભવી…ચાલો લપ ગઈ!

'પારકા' ને ' પોતાના'ની ખરી વ્યાખ્યા શું ? મારે માટે પોતાના હતા એ પારકા બની ગયા અને જેને લોકો પારકા ગણે છે તે મારા પોતાના બની ગયા.જે ફેમિલીએ રહેવા ,ખાવા પીવા ઉપરાંત મહિને પગાર અને અઠવાડિએ એક વખત રજા.આવી મજા મને આ સંસ્કારી ફેમિલીમાં મળી. આજ કાલ કરતાં અમેરિકામાં ૧૨ વર્ષ થઈ ગયાં.'વ્યાસ' ફેમિલીની એક મેમ્બર તરિકે રહી. નહી કે નોકરાણી તરીકે,ઘરમાં સૌ મને 'બા"ના નામથીજ સંબોધે. સુધાબેન અને સતીષભાઈ મને મા તરીકે ગણતા એમનો પુત્ર મનન મને દાદી તરીકે જે સન્માન આપે છે એના આનંદ અને ઉલ્લાસથી મારો દુ;ખ ભર્યો ભુતકાળ ભુલી ગઈ છું. હું ૭૦ની થઈ. સુધાબેને જ્યારે નવી મર્સિડીઝ કાર લીધી ત્યારે એમની લેક્સસ મને ભેટમાં આપેલી. હું રવિવારે મારી બેનપણી, કે કોઈ કાર્યક્રમમાં, મુવી જોવા મારી કાર ડ્રાઈવ કરીને જાઉં છુ.નિયમિત યોગા, કસરત,હેલ્થી ડાયેટ અને ઘરના ડોકટરની સલાહ સુચન , જેથી હેલ્થ પણ ઘણી સારી છે. કોઈ પણ શારિરિક પ્રોબ્લેમ નથી. ઘરમાં મારો પોતાનો રૂમ છે. મનન ને એક સારી યુનિવસિટીમાં એડમિશ પણ મળી ગયું છે. આજ મારો સુખી પરિવાર છે! "બા" તમારો પત્ર ઈન્ડિયાથી આવ્યો છે'સુધાબેને મને પત્ર હાથમાં આપતાં કહ્યું. પત્ર ઉમેશનો હતો. ખોલ્યો.

'બા,
તમો તો અમેરિકા ગયા પછી કદી અમારી સંભાળ કે અમારા પર ધ્યાનજ નથી આપ્યું. ક્યાંથી આપો! તમે તો અમેરિકામાં ખાઈ પી જલશા કરતા હશો. આવી સ્વર્ગ જેવી જિંદગી જીવતા હોય ત્યાં અમો તમને યાદ ક્યાંથી આવીએ ! અમો અત્યારે બહુંજ મુશ્કેલીમાં છીએ..ઉર્મિને બ્રેસ્ટ કેન્સર થયું છે. મારી જોબ છુટી ગઈ છે.. દીકરી ટીના કોલેજમાં આવી છે.. ઘર ગીરવે મુક્યું છે.તમને દયા આવે તો થોડા પૈસાની મદદ કરજે. મોકલીશને..અમારા પર દયા આવશે ને?
લિ.ઉમેશ

હજું એજ જુસ્સો..એજ ગુસ્સો..બાવળ સુકાઈ જાય પણ એમના કાંટા તો એમના એમજ રહે ! મનમાં તો થઈ ગયું કે ચાલ આ પત્ર ગારબેજમાં નાંખી દઉં. ઉમેશના પત્રમાં કોઈ પસ્તાવો કે

http://suratiumdhiyu.wordpress.com/

કોઈ મદદ માટે વિનંતી તો છે નહી. તો હું શા માટે મદદ કરુ ? એને મારી કશી દયા આવી હતી ? પણ અંતે હ્રદયમાં બેઠેલી મમતા બોલી ઉઠી! ‘મા ની મમતામાં કદી પણ સંતાનો માટે ઓછી થઈ નથી, થવાની નથી.કોઈ પણ પરિસ્થિતિમાંએમાં કદી ઓટ આવી નથી, આવવાની નથી . મા માટે કદી પણ પ્રેમના ધોધમાં પૂર્ણ વિરામ આવતું જ નથી..તેનો પ્રેમ સદેવ અવિરત છે..આ જગતમાં અવિરતજ રહેશે. મારામાં ઘડીભર આવેલ નેગેટીવ વિચારો.અદ્રશ્ય થઈ ગયા.. દિકરાને પત્ર લખ્યો..

‘મારા વ્હાલા દિકરા ઉમેશ,
તારી કપરી પરિસ્થિતિને લીધે મારા પર ઠાલવેલ ઉભરો વાંચી તારા પ્રત્યે મને કોઈ દ્વેશ કે ગુસ્સો નહી પણ લાગણી અને પ્રેમ ઉદભવ્યો છે.દયા ઉદભવી છે.એક માનવતા ઊભરી આવી છે..તારી કપરી પરિસ્થિતિમાં મા પ્રત્યે જે શબ્દોનો ઉપયોગ કરવો જોઈએ તે તું ના કરી શક્યો એજ તારી મજબુરી છે.એક માનવતા ખાતર મારી બચતમાંથી હું તને બે લાખ રુપિયાનો ચેક આસાથે રવાના કરૂં છુ તેમાંથી તારી બિમાર પત્નિનો ઈલાજ ,બાકીના પૈસામાંથી ઘર-ગુજરાન ચલાવજે.

ઈશ્વર પાસે. હું એટલીજ પ્રાર્થના કરું છું કે તને સદબુધ્ધી સાથે પરિસ્થિતિ સામે સામનો કરવાની હિંમત બક્ષે. સાથો સાથ એક નમ્ર વિનંતી જ્યારે તારી પરિસ્થિતિ સુધરે ત્યારે મારા બે લાખ, કોઈ દિકરાથી ઠુકરાયેલા,દુઃખી થયેલા મા-બાપ જે વૃદ્ધાસ્થામમાં રહે છે તેમાં તું આપી દેજે ,આ મારી વિનંતી ધ્યાનમાં રાખી મારા ધાવણની લાજ રાખજે.
સદા સુખી રહે એજ આશિષ.

લિ. દિકરાથી દાઝેલી છતાં સદેવ શુભ ઈચ્છતી મા.

## આવો વિરલો તો ગુજરાતમાં જ પાકે

એક જીદ, જેણે બદલી નાખી દુનિયા: રિમાન્ડ હોમમાં **Phd** થયા
-ઉજાસની ઝંખના હતી એટલે ઘોર અંધકારમાં દીવડા મળ્યા
-સાધન નહીં, સાધનાની કમી

://suratiundhiyu.wordpress.com/

ગુજરાતના છેવાડે આદિવાસી વિસ્તારમાં ચિલિયાધાર નામનું ગામ. એક દિવસ એક યુવક આવીને એક ઘર શોધતો શોધતો તેના આંગણે પહોંચે છે. ઊબરો ઓળંગી ગયા સુધી તેને કોઈ ઓળખતું નથી કે, તેની આંખમાં પણ કેટલાક ચહેરાઓની આછી સ્મૃતિ છે. કોઈ પાકી ખાતરી નથી. એક-બે મહિનાની વાત હોય તો ઠીક તેણે ૧૯-૧૯ વર્ષના વહાણા વાયા પછી આ પોતાના જ ઘરમાં પગ મુક્યો હતો.

૧૯૮૬માં ઘર છોડ્યું ત્યારે ઉમર પાંચ વર્ષની હતી અને ફરી ત્યાં ગયો ત્યારે ૨૪ વર્ષનો યુવાન હતો. થોડી વાત થઈ ત્યાં જ તેની મા તેને ઓળખી ગયા અને કાહ્યું, અરે આ તો આપણો ભૂરસિંહ. આજે આ ભૂરસિંહના નામની આગળ ડોક્ટર વિશેષણ લાગી ગયું છે તે પીએચડી છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં એમ.એસ.ડબલ્યુ.ના લેક્ચરર છે. પરંતુ, તેના જીવનની કથની કોઈ વાર્તા જેવી રસપ્રદ અને રોમાંચક છે.

ડો.ભુરસિંહ રાઠવા કોઇ આલિશાન બંગલા,કે બે રૂમ-રસોડાંના ય ઘરમાં રહીને ભણ્યા નથી તેઓ - બાળ ગુનેગારોને રાખવાના સ્થાનને તેમણે પોતાની મરજીથી પોતાનું બનાવ્યું હતું અને ત્યાં જ તેમણે કારકિર્દી બનાવી!

બે બહેન અને ચાર ભાઇઓમાં ભુરસિંહ પાંચમા નંબરના. ગામમાં શિક્ષિત લોકોની વસતી કરતાં ક્રાઇમરેટ વધારે!કાયદો જેવું કાંઇ નહી. પાંચ વર્ષની વયે નજર સામે હત્યા થતાં જોઈ હતી. પોતાના બે ભાઈ પણ હત્યાના આરોપસર જેલમાં જઈ આવ્યા હતા. પરિવારમાં પણ અભ્યાસનું મહત્ત્વ નહોતું. ભુરસિંહની ઉંમર તો પાંચ જ વર્ષની પરંતુ સમજ કદાચ વધારે વય જેટલી હતી. અમીન રાઠોડ નામના એક મિત્રે કહ્યુ, તે સમયે કેરિયર જેવી કોઇ કલ્પના તેના મનમાં નહીં પરંતુ ભણવું છે તેવી ઇચ્છા ખરી. જયાં સામાન્ય રીતે ગુનેગાર બાળકોને જ રખાય છે તેવા કારાગૃહને મરજીથી ભુરસિંહે પોતાનું અભ્યાસગૃહ અને વસવાટગૃહ બનાવ્યું. કોઇને કહ્યા વગર તે ઘરેથી નીકળી ગયો,અને પહોંચ્યો છોટા ઉદેપુરના રિમાન્ડ હોમમાં! ત્યાં તોફાની બાળકો, ઘણીવાર ભૂરસિંહના પુસ્તકો પણ ફાડી નાખે પરંતુ, તેનો તો નિર્ધાર હતો કે ભણવું. રિમાન્ડ હોમમાં આવતા-જતા જજ બ્રહ્મભટ્ટે પોતાનાં બાળકો જયાં ભણતા ત્યાં જ ભુરસિંહને પ્રવેશ અપાવ્યો,ખર્ચ પણ ઉઠાવ્યો. ચોથા ધોરણ પછી તેને રાજકોટના રિમાન્ડ હોમમાં લવાયો અને ત્યાં સુપ્રિન્ટેન્ડેન્ટ પટેલે નજીકની સ્કૂલમાં

http://suratiundhiyu.wordpress.com/

અભ્યાસની વ્યવસ્થા કરી દીધી. ધો.૧૧ અને ૧૨માં ભુરસિંહે મોહનદાસ ગાંધી વિધાલયમાં અભ્યાસ કર્યો.જસાણી કોલેજમાંથી બી.એ. થયા.

બસ,ત્યારે ફરી એક પ્રશ્નાર્થ આવ્યો,રિમાન્ડ હોમમાં તો ૧૯ વર્ષની વય સુધી જ રહેવા મળે. સુપ્રિન્ટેન્ડેન્ટ આનંદ ઠાકોર હતા તેમણે કહ્યું હવે સંસ્થા છોડી તારે તારા ગામ જવું પડશે. એક તરફ આગળ અભ્યાસ કરવાની આશાઓનો અફાટ સમુદ્ર ઘૂઘવતો હતો, બીજી તરફ વતન તરફ જવાના રસ્તે જાણે રણ પથરાયું હતું અને તેમાં પ્રશ્નો અને નિરાશાઓની આંધી ઊઠી હતી.કાંઇ નિર્ણય થાય તે પહેલાં ઠાકોરેસાહેબે જ તેને કહ્યું મારા ઘરે જ રહી જા,બે દીકરીઓ છે ત્રીજો તું! તે દિવસે ભુરસિંહના મોઢેથી એક પણ શબ્દ નહોતો નીકળ્યો, તેનું હૈયું ઠાકોર સાહેબનો આભાર વ્યકત કરતું હતું અને તે ઉરના ઉદ્ગારનો ધબકાર તેની આંખના ભીના ખૂણા ઝીલતા હતા!

ઉજાસની ઝંખના હતી એટલે ઘોર અંધકારમાં દીવડા મળ્યા

ભુરસિંહ કહે છે,મારા પિતાને તો હું વર્ષોપહેલાં છોડીને નીકળી ગયો હતો,પરંતુ પિતા કે પિતૃત્વ કોઇ દૈહિક દરજ્જો નથી,તે તો ?દયનો વિસ્તાર છે તે મને ઠાકોરસાહેબની સાથે રહીને સમજાયું. તેમણે મને પિતાનો પ્રેમ આપ્યો,પરિવાર શું કહેવાય તે હું તેમના પરિવાર પાસેથી શિખ્યો.એક પણ રક્ષાબંધન એવી નથી ગઇ કે તેમની પુત્રી ગૌતમી અને ગાર્ગીની રાખડી વગરનું મારું કાંડું કોરું રાહ્યું હોય. ભુરસિંહ રાઠવાએ જયારે સફર શરૂ કરી ત્યારે તો સામે ઘોર અંધકાર હતો, આ બધા એવા દીવડા હતા જેમણે અંધારાં ઉલેરયાં અને માર્ગ સરળ બનાવ્યો! તેમણે તો રેતીમાં વહાણ હંકારવાનું હતું,પરંતુ ઠાકોરસાહેબ દીવાદાંડી અને હલેસાં બન્નો બનીને જીવનમાં રહ્યાં!

સાધન નહીં, સાધનાની કમી

ભૂરસિંહ કહે છે સારા ઈરાદાથી જીવનમાં કોઈ નિર્ણય કરીએ તો સારા માણસોના માધ્યમથી ઈશ્વર મદદ કરે છે. મારા જીવનમાં છોટાઉદેપુરના રિમાન્ડ હોમના સુપ્રિ.થી માંડીને ઠાકોર સાહેબ સુધીના લોકોએ અજવાળાં પાથર્યાં. સાધન કયારેય ઓછા હોતા નથી. સાધના કરવાની માણસની તૈયારી હોવી જોઈએ.

http://suratiundhiyu.wordpress.com/

# દીકરી સદાય દીકરી જ રહે છે

દીકરી નાની હોય કે મોટી હોય કે.જી. માં ભણતી હોય કે કોલેજમાં કુમારિકા હોય કે કન્યા, દીકરી સદાય દીકરી જ રહે છે. માં-બાપ માટે બાળપણમાં બિન્દાસ દીકરી ભલે બાપ સામું ચબચબ બોલતી હોય, માનું મન રાખતી ન હોય, ભાઈને ભાળ્યો મુક્તિ ન હોય,  બહેનો હારે બથોબથ આવતી હોય અને શેરીમાં સીપરા ઉડાડતી હોય. પરંતુ જયારે યુવાન થાય ત્યારે તરત જ ગંભીરતા ધારણ કરી લે છે.  લગ્ન વખતે પીઠી ચોળી આમતેમ સહેલી સાથે મહાલતી આનંદ માનતી હોય.
હજી જાન પરણવા આવવાને થોડી વાર છે પરંતુ જયારે ગામમાં કેશેરીમાં જાન આવે છે ત્યારે નાના ટાબરિય આનંદમાં આવી જઇ બુમો પાડે કે એ... જાન આવી ગઈ જાન આવી ગઈ. આ શબ્દો જયારે પીઠી ચોળેલ કન્યાના કાનેપડે છે ત્યારે તમામ સહેલીનો સંગાથ આનંદ એક બાજુ મેલીને જ્યાં ગણેશ બેસાડ્યા છે ઘરમાં ગણેશ સ્થાપન આગળ બેસી જાય છે. હવે મારે આ ઘર આ માંડવો છોડવાનો સમય આવી ગયો, મારા પિતાની છત્રછાયા જેવો આ વહાલનો વડલો છોડીને આજે પારકા પોતાના કરવા જવાનો સમયથઇગયો. જે ઘરમાં રમતી હતી ઢીંગલીથી સમય ક્યારે પસાર થઇ ગયો?

આમ જાન પરણીને પોતાને ગામ જાય છે. દીકરી પિયરીયાના છેલ્લા ઝાડવા જોઈલે છે. માં-બાપ, ભાઈ-બહેન સહેલી કુટુંબ પરિવાર મૂકીને સાસરે જાય છે, આ ત્યાગ છે. કોઈ સાધુસંતોનો ત્યાગ આની પાસે કઈ નથી. આ ત્યાગને મારા સોસો સલામ.... પિયરીયાના તમામ સંભારણાને પોતાના  હ્રદયમાં એક ખૂણામાં ધરબી દે છે. સાસરિયાવાળા કે ગામવાળા પૂછે કે વહુ કરિયાવરમાં શું લાવ્યા? કન્યાની લાગણીઓનો અહિયાં કોઈ જ વિચાર નથી કરતુ. હકીકતમાં સાસરિયામાં આવતી દીકરી બાપને ઘરેથી શું શું લાવી એના કરતા કેટલું બધું મૂકીને આવી છે

માં-બાપ ઘરબાર પરિવાર ગામ આ બધું મૂકીને આવી છે. આ વસ્તુનો જયારે સમાજ વિચાર કરશે ત્યારે જ તેના સંસારમાંથી સુગંધ આવશે અને નવી વહુનું સાસરિયામાં આવવું અને નવા બાળકનો જન્મ થવા જેવું છે. બાળક જ્યાં સુધી મન ઉદરમાં હતું એને કોઈ કષ્ટ ન હતું. ખોરાક, હવા, પાણી વગેરે માં દ્વારાજ મળતું. કોઈ અવાજ ઘોંઘાટ નહિ. પૂર્ણ શાંતિ હતી એને મન ઉદરમાં પરંતુ જયારે નવ મહિનાબાદ એને બહાર આવવાનું થાય ત્યારે કષ્ટ થાય છે હવે

http://suratiundhiyu.wordpress.com/

એને ખોરાક, હવાપાણી જાતે લેતા શીખવું પડશે. ચાલતા બોલતા શીખવું પડશે. બસ આવું જ નવી આવેલી વહુ માટે છે જે અત્યાર સુધી પિતાના ઘરે હતી કોઈ ચિંતા નહતી. હવે નવા ઘરમાં ચાલતા શીખવું પડે છે. સાસુ-સસરા કે પરિવારના સભ્યો આવો ખ્યાલ રાખતા જ હોય છે. જેમ બાળક નો ઉછેર જે મહેનત જે પ્રેમ માંગી લે છે તેમ ઘરમાં આવેલી નવી વહુ આવો જ ઉચ્છેર મહેનત માંગી લે છે. દીકરીનો જન્મ થયા પછી પિતાને ત્રીજી અશ્રુભીની આંખ મળે છે. જે એના દિલમાં હમેશા છુપાયેલી રહે છે. પ્રકૃતિએ પુરુષને રડવા માટે આ ત્રીજી આંખ જયારે રડે છે ત્યારે દીકરીને વિદાય આપ તો ચોધાર આંસુ વડે રડતો બાપ રૂડો લાગે છે. ઘરમાં જુઓ તો પિતાનો ચહેરો સંતાનો માટે એક આધાર, એકવિશ્વાસ, એક આદેશ બની જાય છે. જયારે દીકરી માટે પિતાના ચહેરાની રેખાઓ એટલે લક્ષ્મણ રેખાઓ બની જાય છે. પિતાનો ચહેરો વાંચવામાં દીકરી જેટલી બીજી કોઈ વ્યક્તિ હોશિયાર નથી હોતી. દીકરી માટે પિતાનો બોલ-શબ્દ એટલે વેદઅનેકુરાન છે. બાઈબલના વાક્યો બની જાય છે. પપ્પા શું બોલ્યા એ સમજ્યા?

## ભગવાનનું કામ ભગવાનને કરવા દે

એક પરિવાર છે... આ પરિવારના લોકો વચ્ચે બહુ ઓછા મતભેદ થાય છે આ પરિવારના એક વડીલને કારણ પૂછ્યું. તેણે સરસ વાત કરી. એ વડીલે કહ્યું કે, અમારા પરિવારમાં દરેક વ્યકિતને બે વાત શીખવવામાં આવે છે. એક, નાના હોય તેને પ્રેમ કરવો. બે, મોટા હોય તેનો આદર કરવો. તકલીફો ત્યારે જ ઊભી થાય છે જયારે માણસ બીજાના કામમાં ચંચુપાત કરે છે. આપણે મોટા ભાગે બીજાના કામ ઉપર નજર રાખીએ છીએ . આપણે બીજાનો ચોકી પહેરો કરીએ છીએ અને આપણી જાતને રેઢી મૂકી દઈએ છીએ.કોઈ કામ નાનું નથી. કોઈ કામ મોટું નથી. સમજવા જેવી વાત એક જ છે કે દરેક કામ મહાન છે. દરેક કામનું મહત્ત્વ છે અને દરેક કામ જરૂરી છે..

એક બોલ્ટ નીકળી જાય તો આખું મશીન તૂટી પડે. બોલ્ટ દેખાવમાં ભલે સાવ નાનો રહ્યો પણ તેનું કામ બે વસ્તુને જોડી રાખવાનું છે.. આપણે એ બોલ્ટની એટલે કે નાના વ્યકિતની કદર કરીએ છીએ? તમારી ઓફિસમાં કે દુકાનમાં જે વ્યકિત નાનાં મોટાં કામ કરે છે એ ન હોય તો શું થાય તેનો તમે કોઈ દિવસ વિચાર કર્યોછે? ઘર હોય, નોકરી- ધંધો હોય કે સમાજ હોય, બે વાત યાદ રાખવી જોઈએ. એક તો દરેકના કામનો આદર કરો અને બીજું દરેકને પોતાનું કામ કરવા દો. સાથો સાથ

http://suratiundhiyu.wordpress.com/

તમે એ જ કરો જે તમારે કરવાનું છે..

અમદાવાદના ભરતકુમાર ભગતે પોતાના જીવનની એક વાત સરસ રીતે લખીને ઇ- મેલથી મોકલી છે. આજથી ૧૪ વર્ષ પહેલાની વાત છે. ભરતભાઈનો પુત્ર રાજિત બીમાર પડયો.

ડોકટરે નિદાન કર્યું કે રાજિતને મેનેન્જાઇટિસ છે. બીમારીના કારણે રાજિતની આંખો નબળી પડી ગઈ હતી. એવો ડર હતો કે કદાચ રાજિતની આંખો કાયમ માટે ચાલી જશે. ભરતભાઈ અને તેમનાં પત્ની જાગૃતિબહેન સતત ચિંતામાં રહેતાં હતાં. રાજિતને બતાવવા ભરતભાઈ દવાખાને ગયા. ખાનગી દવાખાનાના વેઇટિંગ લોન્જમાં બેસી ભરતભાઈ પોતાનો વારો આવવાની રાહ જોતા હતા. એવામાં એક અપંગ અને અણસમજુ દેખાતો બાળક દવાખાનામાં ઘૂસ્યો. તેના હાથમાં અગરબત્તીનાં પેકેટ્સ હતાં. તે બધાને પૂછવા લાગ્યો કે અગરબત્તી લેવી છે? બાળકને જોઈને રિસેપ્શન કાઉન્ટર ઉપર બેઠેલા માણસે રાડ પાડી. તું પાછો આવી ગયો? ચાલ બહાર નીકળ. તને ના પાડી છે તો પણ ચાલ્યો આવે છે. બહુ ખરાબ રીતે તેણે બાળકને તતડાવ્યો. ભરતભાઈએ એ બાળકને પૂછ્યું, તને આટલી ખરાબ રીતે ખખડાવે છે તો પણ તું શા માટે અહીં આવે છે? અણસમજુ દેખાતા એ બાળકે મોટી વાત કરી દીધી. બાળકે કહ્યું કે, હું મારું કામ કરું છું અને એ તેનું કામ કરે છે. મારું કામ છે અગરબત્તી વેચવાનું, એટલે હું અગરબત્તી વેચું છું. તેનું કામ છે મને કાઢી મૂકવાનું એટલે એ મને કાઢી મૂકે છે.. બાળકે વાત આગળ વધારી. તેણે કહ્યું કે હું અપંગ છું. ગઈકાલે મારે ઘરે જવામાં મોડું થયું. ઘરે પહોંચયો ત્યારે મારી મા રડતી હતી. મેં તેને પૂછ્યું તો કહ્યું કે, તારી ચિંતા થતી હતી. તને કંઈ થઈ જાય તો? બાળકે તેની માને કહ્યું કે એ કામ તારું નથી. તું ઘરનું ધ્યાન રાખે છે, બધા માટે જમવાનું બનાવે છે. તારા બદલે હું જમવાનું બનાવું તો તને ગમે? ના ગમે ને? મારી ચિંતા કરવાનું કામ ભગવાનનું છે. ને. ભગવાનના કામમાં દખલ કરીશ તો ભગવાનને પણ નહીં ગમે!

ભરતભાઈ કહે છે કે એ બાળક તો આટલી વાત કરીને ચાલ્યો ગયો પણ મને આખી જિંદગી કામ લાગે એવો પાઠ શીખવાડી ગયો. હું સાવ હળવો થઈ ગયો. મને વિચાર આવ્યો કે હું દીકરાની ચિંતા ખોટી કરું છું.. એ મારું કામ નથી. મારું કામ તો છે તેને બેસ્ટ ટ્રીટમેન્ટ અપવવાનું, તેનું જતન કરવાનું અને તેને પોતાના દર્દમાં રાહત થાય તેવા પ્રયત્ન કરવાનું. હું મારું કામ કરું અને બીજું કામ જેનું છે એના ઉપર છોડી દઉં. ભગવાને તેનું કામ કર્યું. ભરતભાઈ અને જાગૃતિબહેન કહે છે કે એ બાળકની વાત અમને જીવનનાં ડગલે અને પગલે કામ લાગી છે.

http://suratiundhiyu.wordpress.com/

કર્મના સિદ્ધાંતમાં એક વાત અદૃશ્ય રીતે પણ કહેવામાં આવી છે. કર્મ કરશો એટલે ફળ તો મળવાનું જ છે. સનાતન સત્ય એ છે કે સારું કામ કરશો તો સારું ફળ મળશે અને ખરાબ કામ કરશો તો ખરાબ ફળ પણ મળવાનું જ છે. તમારા કામને ઓળખો. તમારા કામને એન્જોય કરો. બસ એટલું તપાસતા રહો કે મારે જે રોલ ભજવવાનો છે એ હું સરખી રીતે ભજવું છું કે નહીં?

છેલ્લો સીન ઇશ્વરે તમને જેવા બનાવ્યા હોય એ કરતાં સહેજ પણ ઊતરતા ન બનવું, એમાં જ તમારું ગૌરવ છે.

## એક હ્રદયદ્રાવક વાર્તા

ઈન્ટરનેટ પરથી લીધેલ પ્રસંગોના ભાવાનુવાદ પર આધારીત સુંદર પુસ્તક 'અંતરનો ઉજાસ' (મોતીચારો ભાગ-3) માંથી સાભાર.]

ભણવામાં ખૂબ જ હોંશિયાર એવો અતિશ્રીમંત ઘરનો એક નવયુવક કૉલેજના અંતિમ વરસની પરીક્ષાની તૈયારી કરી રહ્યો હતો. એના પિતા એ વિસ્તારના સૌથી ધનવાન અને પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ હતા. છોકરો પણ ભણવામાં ખૂબ તેજસ્વી હતો.
એક દિવસ જમવાના ટેબલ પર થતી વાતચીત દરમિયાન એના પિતાએ પૂછયું કે પરીક્ષાની તૈયારીઓ કેવી ચાલે છે ? એના જવાબમાં દીકરાએ જવાબ આપ્યો કે ખૂબ જ સરસ અને કદાચ યુનિવર્સિટીમાં પ્રથમ નંબર આવી જાય તો પણ નવાઈ નહીં. બાપ આ સાંભળીને ખૂબ ખુશ થયો. થોડી વાર પછી એ યુવકે ફરી પૂછ્યું કે, 'પિતાજી, જો મારો પ્રથમ નંબર આવે તો ફલાણા શૉરૂમમાં રાખવામાં આવેલી હોન્ડાની નવી સ્પોર્ટસ કાર મને ભેટમાં આપશો ખરા ?'
બાપે હા પાડી. એના માટે તો આવી કારની ખરીદી એ રમતવાત હતી. પેલો યુવક ખૂબ રાજી થઈ ગયો. એ કાર ખરેખર તો એના માટે ડ્રીમ કાર હતી. એનો વાંચવાનો ઉત્સાહ અનેક ગણો વધી ગયો. મહેનતુ અને હોશિયાર તો એ હતો જ. એ ઉપરાંત એણે સાચા અર્થમાં તનતોડ મહેનત શરૂ કરી દીધી. રોજ કૉલેજથી આવતાં જતાં એ પેલા શૉ-રૂમ પાસે ઊભો રહી હોન્ડા-સ્પૉર્ટસ-કારને બે ક્ષણ જોઈ લેતો. થોડા દિવસો પછી જ આ કારના સ્ટિયરિંગ પર પોતાની આંગળીઓ ફરતી હશે એ વિચારમાત્ર એને રોમાંચિત કરી દેતો. એણે આ અંગે પોતાના મિત્રોને પણ વાત કરી રાખી હતી. ધારણા પ્રમાણે જ એની પરીક્ષા ખૂબ જ સરસ રહી. યુનિવર્સિટીમાં એ પ્રથમ આવ્યો છે એવી જાણ થતાં જ એણે કૉલેજ પરથી પોતાના પિતાને ફોન કરી દીધો. પોતાની ભેટની વાત પણ યાદ કરાવી દીધી. પછી એ ઘરે જવા નીકળ્યો. જેમ જેમ ઘર નજીક

http://suratiundhiyu.wordpress.com/

આવતું ગયું તેમ તેમ એના ધબકારા વધવા લાગ્યા. પોતાના આંગણામાં ગોઠવાયેલી સ્પૉર્ટસ કાર કેવી સરસ લાગતી હશે એની કલ્પના કરતો એ ઘરે પહોંચ્યો. કમ્પાઉન્ડનો દરવાજો ખોલીને આંગણામાં એણે નજર નાખી, પણ પેલી કાર ક્યાંય દેખાઈ નહીં. એ થોડોક નિરાશ અને ઉદાસ થઈ ગયો. કદાચ કારની ડિલિવરી પછી લેવાની હશે તેમ વિચારીને એ ઘરમાં દાખલ થયો. નોકરે એને આવીને કહ્યું કે શેઠ સાહેબ એમના રૂમમાં એના આવવાની રાહ જુએ છે. દોડતો એ પિતાજીના રૂમમાં પહોંચ્યો. એના પિતાજી જાણે એના આવવાની રાહ જ જોઈ રહ્યા હોય તેવું લાગ્યું. એના આવતાં જ એમણે ઊભા થઈ એ યુવકને ગળે વળગાડ્યો. અમીર બાપનો દીકરો હોવા છતાં બાપના પૈસે તાગડધિન્ના કરવાને બદલે દિલ દઈને ભણવાવાળા દીકરા માટે એમને કેટલું બધું ગૌરવ છે એવું પણ કહ્યું.. પછી સુંદર કાગળમાં વીંટાળેલું એક નાનકડું બૉક્સ એને આપીને કહ્યું ; 'દીકરા, આમ જ આગળ વધતો રહે એવા મારા આશીર્વાદ છે. આ લે તારા માટે મારા તરફથી ઉત્તમ ભેટ !' એટલું કહી બૉક્સ દીકરાના હાથમાં આપી તેઓ પોતાના કામે જવા નીકળી ગયા. પિતાના ગયા પછી દીકરાએ બૉક્સ ખોલ્યું. જોયું તો એમાં પાકા પૂઠાંવાળું સોનેરી અક્ષરોથી લખાયેલું બાઈબલ હતું. બાઈબલ બંને હાથમાં પકડીને એ થોડી વાર એની સામે જોઈ રહ્યો. એને અત્યંત ગુસ્સો આવ્યો. બાઈબલ એમ જ ટેબલ પર મૂકીને એ વિચારમાં પડી ગયો. ઘરમાં અઢળક પૈસો હોવા છતાં પોતાની એક જ માગણી પૂરી કરવામાં બાપનો જીવ ન ચાલ્યો એ વાત એને હાડોહાડ કોરી ખાતી હતી. સ્પોર્ટસ કાર અપાવવાની હા પાડ્યા પછી પણ પિતાનો જીવ ન ચાલ્યો એનું એને ખૂબ જ લાગી આવ્યું. એ પોતે પણ સ્વમાની હતો. એટલે બીજી વખત પિતા પાસે માગવાનો કે એમને યાદ અપાવવાનો તો સવાલ જ નહોતો પેદા થતો. ઘણો વખત વિચાર કર્યા પછી એણે કાગળ લીધો. એમાં ટૂકમાં એટલું જ લખ્યું કે, 'પૂજ્ય પિતાજી, સ્પૉર્ટસ કારને બદલે બાઈબલ આપવામાં આપનો કોઈ શુભ ઈરાદો જ હશે એમ માનું છું. પણ મારે સ્પૉર્ટસકાર જોઈતી હતી. હું ઘરેથી જાઉં છું. ક્યાં જાઉં છું તે નહીં કહું. જ્યારે તમારી સમકક્ષ પૈસાદાર બની જઈશ ત્યારે જ હવે તમને મોં બતાવીશ. એ જ… પ્રણામ.' ચિઠ્ઠી બાઈબલના બૉક્સ પર મૂકી એ ઘરેથી નીકળી ગયો. નોકરોએ એને પાછો વાળવાની અને ક્યાં જઈ રહ્યો છે એ જાણવાની ખૂબ કોશિશ કરી જોઈ, પરંતુ વ્યર્થ ! કોઈને કંઈ પણ કહ્યા વિના એ જતો રહ્યો.   વરસો વીતી ગયાં. યુવકનાં નસીબ ખૂબ સારાં હતાં. મહેનતુ અને હોશિયાર તો એ હતો જ એટલે એણે જે બિઝનેસ શરૂ કર્યો તેમાં તેને અણધારી સફળતા મળી અને એ અતિશ્રીમંત બની ગયો. સુંદર મજાનું ઘર બનાવી એણે લગ્ન પણ કરી લીધાં. વચ્ચે વચ્ચે એને પોતાના પ્રેમાળ પિતા યાદ આવી જતા. પરંતુ એ પ્રેમાળ ચહેરા

http://suratiundhiyu.wordpress.com/

પાછળ રહેલો કંજૂસ માણસનો ચહેરો એને તરત જ દેખાતો. માતાના મૃત્યુ> પછી પોતે આટલા વરસમાં એક સ્પોર્ટસ-કાર જ માગી અને અઢળક પૈસો હોવા છતાં એના પિતાએ કારને બદલે સુફિયાણી ફિલૉસૉફી ઝાડવા ફકત બાઈબલ જ આપ્યું, એ યાદ આવતાં જ એનું મન કડવાશથી ભરાઈ જતું.    પરંતુ એક દિવસ વહેલી સવારથી જ ન જાણે કેમ એને એના પિતાની યાદ ખૂબ જ આવતી હતી. હવે તો એ ઘણા વૃદ્ધ પણ થઈ ગયા હશે. કંઈ નહીં તો એમની સાથે વાત તો કરવી જ જોઈએ. વૃદ્ધ માણસોને સંતાનોના અવાજથી પણ શાતા વળતી હોય છે. પિતા સાથે ફોન પર વાત કરવાની એને અતિતીવ્ર ઈચ્છા થઈ આવી. આમેય સમયની સાથે દરેક ગુસ્સાનું કારણ નાનું થતું જાય છે અને એકાદ દિવસ એવો પણ આવે કે માણસને એમ થાય કે, 'અરે ! આવા નાના અને વાહિયાત કારણ માટે આપણે આટલા બધા ગુસ્સે થયા હતા ?!' આવું જ કંઈક એ યુવાનની સાથે બની રહ્યું હતું. એણે ફોન લઈ પોતાના ઘરનો નંબર ઘુમાવ્યો. સામા છેડે જ્યારે કોઈએ ફોન ઊંચક્યો ત્યારે તો એના ધબકારા ખૂબ વધી ગયા હતા. પિતાજી સાથે પોતે કઈ રીતે વાત કરી શકશે એની અવઢવ સાથે એણે 'હેલો !' કહ્યું. પણ એને નિરાશા સાંપડી. સામા છેડે એના પિતાજી નહોતા પણ ઘરનો નોકર હતો.નોકરે કહ્યું કે : 'શેઠ સાહેબ તો અઠવાડિયા પહેલાં અવસાન પામ્યા. તમે પોતાનું સરનામું જણાવેલ નહીં એટલે તમને જાણ શી રીતે કરી શકાય ? પણ મરતાં સુધી તમને યાદ કરીને રડતા હતા. એમણે કહેલું કે તમારો ફોન ક્યારેય પણ આવે તો તમને બધો કારોબાર સંભાળવા બોલાવી લેવા. એટલે તમે આવી જાવ !' પેલા યુવક પર તો જાણે વજ્રઘાત થયો. પોતાના પિતાને એમની છેલ્લી ક્ષણોમાં પણ મળી ન શકાયું એ વાતની વેદનાએ એના હૈયાને વલોવી નાખ્યું. પણ હવે શું થાય ? પોતાના ઘરે પાછા જવાની ઈચ્છા સાથે એણે સહકુટુંબ વતન તરફ પ્રયાણ કર્યું.

ઘરે આવીને સીધો જ એ પોતાના પિતાના રૂમમાં ગયો. એમની છબી સામે ઊભા રહેતાં જ એની આંખો વરસી પડી. થોડી વાર આંખો બંધ કરીને એ એમ જ ઊભો રહ્યો. પછી પોતાના રૂમમાં આવ્યો. એની બધી જ વસ્તુઓ બરાબર અને વ્યવસ્થિત રીતે ગોઠવાયેલી હતી. પિતાજી ચોખ્ખાઈ અને સુઘડતાના ખૂબ જ આગ્રહી હતા, એ બરાબર દેખાઈ આવતું હતું. એવામાં એની નજર પોતાના ટેબલ પર પડેલ સોનેરી અક્ષરવાળા બાઈબલ પર પડી, આ એ જ બાઈબલ હતું જેના કારણે એણે ઘર છોડ્યું હતું. એના મનમાંથી પિતાજી માટેની બધી જ કડવાશ ગાયબ થઈ ગઈ હતી. એણે બાઈબલ હાથમાં લઈ ખોલ્યું. પ્રથમ પાના પર જ એના પિતાએ લખ્યું હતું:

'હે ભગવાન ! મારા દીકરા જેવા ઉત્તમ

http://suratiundhiyu.wordpress.com/

## દવા ની સાથે સાથે દિલ થી કરેલી દુવાઓ પણ કામ કરે છે "

ડૉ.શરદભાઇ અમદાવાદ શહેરના જાણીતા સ્ત્રીરોગ નિષ્ણાંત છે.એમના જીવનનો આ યાદગાર પ્રસંગ એમના જ શબ્દોમાં:

"આ વાતને વીસ વર્ષ થયા છે. મારે ત્યાં દીકરાનો જન્મ થયો. સમય કરતાં એ ઘણો વહેલો આવી ગયેલો. જન્મ સમયે એનું વજન માંડ દોઢ કિલોગ્રામ. અત્યંત નબળો બાંધો. મારા મિત્ર ડૉકટરે સલાહ આપી કે, તાત્કાલિક આને નારણપુરા ખાતેની એક પ્રસિધ્ધ હૉસ્પિટલમાં લઇ જાવ. એને કાચની પેટીમાં ઘણો લાંબો વખત રાખવો પડશે.

આખા અમદાવાદમાં એ સમયે માંડ બે-ત્રણ જગ્યાએ જ કદાચ આ સુવિધા ઉપલબ્ધ હતી. મારા દીકરાને દાખલ કર્યો. એ સમયે અન્ય નવજાત બાળકો પણ ત્યાં હતાં. બે-ત્રણ દિવસે એકાદ બાળક ઇશ્વરને પ્યારું થઇ જતું હતું. હું ખૂબ જ હતાશ થઇ ગયો હતો. ડૉક્ટર પણ એમના શક્ય તમામ પ્રયાસો કરતા હતા. મારા દીકરાની સ્થિતિ ઘણી જ ચિંતાજનક હતી. આ પરિસ્થિતિમાં મણિનગર ખાતેનું મારું દવાખાનું પણ ચાલુ રાખવું જરૂરી હતું. કારણ મારા દર્દીઓને તકલિફ પડે, તો જાય ક્યાં? હું આખી રાત મારા દીકરા પાસે રહેતો અને સવારે ઘેર આવી, નાહી-પરવારી સવારના દર્દીઓને તપાસતો. બપોરે થોડોક આરામ અને સાંજની ઓપીડી પતાવી, પાછો પહોંચી જતો દીકરા પાસે.

મારા દીકરાની હાલતમાં ખાસ કોઇ સુધારો જણાતો ન હતો. આ પરિસ્થિતિમાં એને અન્ય જગ્યાએ લઇ જવો પણ કેવી રીતે?ડૉક્ટરે પણ ઉપરવાળા ઉપર ભરોસો રાખવાનો દિલાસો આપી દીધેલો. એક દિવસે સાંજના મારી ઓપીડી પતાવી હું દીકરાને જોવા અધીરો થઇ રહ્યો હતો, ત્યાં જ મારા સ્ટાફ નર્સે કહ્યું કે કોઇ મુસ્લિમ બાઇ આવી છે. મેં કહ્યું કે, સમય પૂરો થઇ ગયો છે. કાલે આવવાનું કહી દો. હું દરવાજા બંધ કરી બહાર નીકળી રહ્યો હતો ને એ મુસ્લિમ બાનુ હાથ જોડી મને કરગરી રહી હતી.હું ગુસ્સે થઇ ગયો. 'મારે બહાર જવાનું છે. તમે કાલે આવજો.' જવાબમાં એ રીતસરની મારી સામે ઝૂકી પડી. 'સાહેબ, ખાનપુરથી ચાલતાં આવ્યા છીએ.મારી હાલત જુઓ. અવતીકાલે પાછું ચાલીને જ આવવું પડશે. દયા કરો સાહેબ, અલ્લાહ.... તમારા દીકરાને ખૂબ લાંબુ આયુષ્ય આપશે.....'

હું સડક થઇ ગયો. એનું છેલ્લું વાક્ય મારા હૃદયની આરપાર નીકળી ગયું. પાછો વળી ગયો. એ બાઇને ખૂબ શાંતિથી તપાસી, જરૂરી દવાઓ પણ આપી.'કેટલા પૈસા આપું,સાહેબ?'એના હાથ ફરી જોડાઇ ગયા. હું એને જોઇ જ રહ્યો. જે બાઇ આઠ-દસ કિલોમીટર ચાલીને આવી હોય. એની પાસેથી શું લઇ શકાય?મારાથી બોલાઇ ગયું, 'બહેન... તું મને ફરીથી દિલથી દુવા આપ....મારા માટે એ જ

http://suratiundhiyu.wordpress.com/

તારી ફી છે.' એ બાઇએ જીર્ણ થઇ ગયેલા સાડલાથી આંખો લૂછી ખરી, પણ .... આભારવશ બનેલી એ આંખો કાબૂમાં ના રહી.'અલ્લાહ.... આપકે બેટેકો લમ્બી ઉમ્ર દે....' એના અંતરના આશીર્વાદ લઇ, હું જાણે હલકોફૂલ થઇ ગયો. અને પછી જે ચમત્કાર સર્જાયો, એ આજીવન નહીં ભૂલાય.
મારા ફોનની ઘંટડી રણકી ઊઠી, 'શરદભાઇ... ગુડન્યૂઝ. ઇંગ્લૅંડથી મારા એક પરિચિત ડૉક્ટર આપણી હૉસ્પિટલમાં આવ્યા છે.તમારા દીકરાને એમણે તપાસી ઇંગ્લૅંડથી લાવેલું એક ઇંજેક્શન પણ આપી દીધું છે, દીકરો રડી રહ્યો છે. ડૉક્ટર મિત્રનું કહેવું છે કે, એ ઘણો જ સ્વસ્થ છે. ચિંતા કરવાની કોઇ જરૂર નથી. તમે જલદીથી દીકરાને મળવા આવી જાવ...'
હું હૉસ્પિટલ પહોંચ્યો, ઇંગ્લૅંડથી આવેલા ડૉક્ટર મને ભેટી પડ્યા. ને હું હીબકે ચડી ગયો.... મારા દીકરાએ પણ મારી સાથે સૂર પુરાવ્યો ત્યારે બંને ડૉક્ટરોની પણ આંખો ભીની થઇ ગઇ.

## કરિયાવર

હરખ ભેર હરીશભાઈએ ઘરમાં પ્રવેશ કર્યો! 'સાંભળ્યું?' અવાજ સાંભળી હરીશભાઈનાં પત્ની, નયનાબેન, હાથમાં પાણીનો ગ્લાસ લઈને બહાર આવ્યા.
"આપણી સોનલનું માંગું આવ્યું છે, ખાધેપીધે સુખી ઘર છે. છોકરાનું નામ દિપક છે અને બેંકમાં નોકરી કરે છે. સોનલ હા કહે એટલે સગાઇ કરી દઈએ."
સોનલ એમની એકની એક દીકરી હતી. ઘરમાં કાયમ આનંદનું વાતાવરણ રહેતું. હા, ક્યારેક હરીશભાઈનાં સિગારેટ અને પાન-મસાલાનાં વ્યસનને લઈને, નયનાબેન અને સોનલ બોલતા પણ, હરીશભાઈ ક્યારેક ગુસ્સામાં અને ક્યારેક મજાકમાં આ વાત ને ટાળી દેતા.
સોનલ ખુબ સમજદાર અને સંસ્કારી હતી. એસ.એસ.સી પાસ કરીને ટ્યુશન, ભરતકામ કરીને પપ્પાને મદદ રૂપ થવાની કોશિશ કરતી, હવે તો સોનલ ગ્રેજ્યુએટ થઇ ગઈ હતી અને નોકરી કરતી હતી; પણ હરીશભાઈ એની આવકનો એક રૂપિયો લેતા નહિ અને કાયમ કહેતા 'બેટા આ તારી પાસે રાખ તારે ભવિષ્યમાં કામ લાગશે.'
બંને ઘરની સહમતીથી સોનલ અને દિપકની સગાઇ કરી દેવાઈ અને લગ્નનું મુહર્ત પણ જોવડાવી દીધું. લગ્નને આડે હવે પંદર દિવસ બાકી હતા.

હરીશભાઈએ સોનલને પાસે બેસાડીને કહ્યું, 'બેટા તારા સસરા સાથે મારી વાત થઇ, એમણે કરિયાવરમાં કઈ જ લેવાની નાં કહી છે, નાં રોકડ, નાં દાગીના અને નાં તો કોઈ ઘરવખરી. તો

http://suratiundhiyu.wordpress.com/

બેટા તારા લગ્ન માટે મેં થોડી બચત કરી ને રાખી છે એ આ બે લાખ રૂપિયાનો ચેક હું તને આપું છું, તારે ભવિષ્યમાં કામ લાગશે, તું તારા એકાઉન્ટમાં જમા કરાવી દેજે.'

'ભલે પપ્પા,' સોનલ ટુંકો જવાબ આપીને પોતાના રૂમમાં જતી રહી.

સમયને જતા ક્યાં વાર લાગે છે ? શુભ દિવસે આંગણે જાન આવી, સર્વેનાં હરખનો પાર નથી. ગોરબાપાએ ચોરીમાં લગ્નની વિધિ શરૂ કરી ફેરા ફરવાની ઘડી આવી, કોયલનો જેમ ટહુકો થાય એમ સોનલનાં હૈયેથી બે શબ્દો નીકળ્યા,

'ઉભા રહો, ગોરબાપા, મારે તમારા બધાની હાજરીમાં મારા પપ્પાની સાથે થોડી વાત કરવી છે,'

"પપ્પા, તમે મને લાડકોડથી મોટી કરી, ભણાવી, ગણાવી, ખુબ પ્રેમ આપ્યો એનું ઋણ તો હું ચૂકવી નહિ શકુ, પરંતુ, દિપક અને મારા સસરાની સહમતીથી તમે આપેલો બે લાખ રૂપિયાનો ચેક તમને હું પાછો આપું છું, એનાથી મારા લગ્ન માટે કરેલું ભારણ ઉતારી દેજો અને આ ત્રણ લાખનો બીજો ચેક જે મેં મારા પગારમાંથી કરેલી બચત છે, જે તમે નિવૃત થશો ત્યારે કામ લાગશે. હું નથી ઈચ્છતી કે ઘડપણમાં તમારે કોઈની પાસે હાથ લંબાવવો પડે. જો હું તમારો દીકરો હોત તો આટલું તો કરેત જ ને!

હાજર રહેલા બધાની નજર સોનલ ઉપર હતી. "પપ્પા, હવે હું તમારી પાસે કરિયાવરમાં જે માંગું એ આપશો?

હરીશભાઈ, ભારે આવાજમાં, 'હા બેટા.' એટલું જ બોલી શક્યા.

'તો, પપ્પા, મને વચન આપો કે આજ પછી તમે સિગારેટને હાથ નહિ લગાવો, તમાકુ, પાન, મસાલાનું વ્યસન આજથી છોડી દેશો. બધાની હાજરીમાં હું કરિયાવરમાં બસ આટલું જ માંગુ છું.'

દીકરીનો બાપનાં કેવી રીતે કહી શકે. લગ્નમાં દીકરીની વિદાય વખતે કન્યા પક્ષનાં સગાઓને તો રડતાં જોયા હશે પણ આજે તો જાનૈયાની આંખો પણ ભીંજાઈ ગઈ.

દુરથી હું સોનલનાં આ લક્ષ્મી સ્વરૂપને જોતો જ રહ્યો, ૨૦૧ રૂપિયાનું કવર મારા ખિસ્સામાંથી બહાર કાઢી શક્યો નહિ. સાક્ષાત લક્ષ્મી ને હું શું લક્ષ્મી આપું !

પણ, એક સવાલ મારા મનમાં જરૂર થયો, "ભૂણહત્યા કરતા સમાજનાં સંસ્કારી લોકોને સોનલ જેવી લક્ષ્મીની જરૂર નહિ હોય?"

http://suratiundhiyu.wordpress.com/

## સંખેડાની માલુ વાસાહત



નંબર-૧ માં રહેતી ૭૪ વર્ષીય મહિલા આ ઉમરે સ્કુર્તિથી ઝાડ ઉપર ચડીને બકરા માટે ચારો પણ તોડે છે.

સંખેડા ની માલુ વસાહત નંબર-૧ માં રહેલા વસાહતી ઓ મુળગધંર ગામના વિસ્થાપિતો છે. અત્રે તેઓ છેલ્લા વીસ વરસથી આવીને વસેલો છે. આ વસાહતમાં વજીબેન રવલાભાઈ વસાવા રહે છે. તેણીની ઉમંર આમ તો મતદાર યાદીમાં ૭૪ વર્ષની દર્શાવેલી છે. પણ આસપાસના રહિશો તથા સરપંચના જણાવ્યા મુજબ ૭૪ વર્ષ કરતાં પણ ધણી વધારે ઉમંર છે.

આટલી ઉમરે પણ શરીરમાં ગજબ ની સ્કુર્તિ છે. રોજ બકરાં ચરાવવા પાંચ કિમી ચાલે છે.એક વખત પગે ચાલીને ફ્રેકચર થયું હતું. ત્યારે તેણીએ વાંસની સળી ઓ ગોઠવીને પ્લાસ્ટર જેવું કરીને જાતેજ ફ્રેકચર મટાડ્યું હતું . આ ઉમરે પણ પગમાં એટલીજ સ્કુર્તિ જાતે જ ઝાડ ઉપર ચડી જાય છે. અને બકરા માટે પાંદડા તોડે છે. જો કે પગની સમસ્યા થયા બાદ હવે ઝાડઉપર ચડવા કોઈ નાનો ટેકો લેવો પડે છે. આટલી ઉમંર હોવા છતાં પણ આંખોનું તેજ સારુ છે. પરિવારમાં ઘરે તો એકલાં જ છે. રોજીદાં ખોરાકમાં તેણી બકરીનું દુધ અને રોટલા ખાય છે. આ ઉમંરે પણ ગજબની સ્કુર્તિ ધરાવતાં વજીબેન વસાવા ને આખી વસાહત તથા માલુ ગામ ઓળખે છે.



http://suratiundhiyu.wordpress.com/

## [૧] એક નાની શી ઘટના – ભગવત સુથાર

ડાંગરવા, તા. કડીની માધ્યમિક શાળામાં હું, શિક્ષક હતો. આચાર્યે મને શ્રેણી આઠથી અગિયારમાં તાસ ફાળવ્યા હતા. એક દિવસ એક શિક્ષકની અવેજીમાં મારે શ્રેણી સાતમાં જવાનું થયું. વિદ્યાર્થીઓ માટે શાળાનો ગણવેશ-સફેદ પહેરણ અને વાદળી ચડ્ડી હતા. મેં જોયું તો એક વિદ્યાર્થી તદ્દન ફાટ્યાં-તૂટ્યાં-સાંધેલાં-જૂનાં કપડામાં પણ ખૂબ જ ધ્યાનથી ભણતો હતો. મેં એ દિવસે એ તાસમાં જેટલા પ્રશ્નો પૂછ્યા તેણે સહજતાથી, નિર્ભયપણે જવાબ આપ્યા. ચારેક દિવસ મારે એ વર્ગમાં જવાનું થયું. એક દિવસ એ વિદ્યાર્થી વર્ગમાં નજરે ન પડ્યો. આથી તેની બાજુમાં બેસતા વિદ્યાર્થીને મેં પૂછ્યું : 'આ વિદ્યાર્થી કેમ દેખાતો નથી ?'

'ગુરુજી ! આચાર્ય સાહેબે વર્ગે વર્ગે ફરીને ગણવેશમાં જ આવવાની વાત જરા કડકાઈથી કરી છે. ગણવેશ વગર આવનારને શાળા છોડવી પણ પડે. તે અત્યંત ગરીબ છે. માબાપ મજૂરી કરીને પણ તેને ભણાવે છે. ગણવેશ વગર તે કેવી રીતે આવે ?'

'શાળા છૂટે ત્યારે તું મને તેને ઘેર લઈ જજે.' મેં કહ્યું.

શાળાનો છેલ્લો ઘંટ વાગ્યો. પેલા વિદ્યાર્થી સાથે પેલા વિદ્યાર્થીને ત્યાં ગયો. તેનાં માબાપ હાજર હતાં. તે નિરાશવદને બેઠો હતો. મને જોતાં જ તે મારી પાસે આવ્યો. મને નમસ્કાર કર્યા. તેનાં માબાપને કહ્યું : 'બા-બાપુજી ! આ મારા ગુરુજી છે.' તેઓ પણ ઊભા થયાં. બે હાથે મને વંદન કર્યાં. મેં તેને કહ્યું : 'બેટા ! તું મારી સાથે ચાલ. મારે તારું કામ છે.'

અમે બંને તૈયાર પોશાકવાળાને ત્યાં ગયા. મેં દુકાનદારને કહ્યું, 'ભાઈ ! આ બાળક માટે તમે ત્રણ જોડ સફેદ પહેરણ અને વાદળી ચડ્ડી કાઢી આપો. સારાં કાપડની આપજો.' તેણે સારી જાતના કાપડનો ત્રણ જોડ પોશાક આપ્યો. મેં તેના જરૂરી પૈસા ચૂકવ્યા. તે વેપારીને પણ ખ્યાલ આવ્યો કે એક શિક્ષક પોતાના વિદ્યાર્થીનું ભાવિ ઉજ્જ્વળ કરવા પોતાની ઉદારતા દાખવે છે તો પોતે પણ શા માટે આ શિક્ષાના હવનમાં નાની સરખી આહુતિ કાં ન દે ! તેણે પડતર ભાવે જ ગણવેશ આપ્યો. બીજે દિવસે તે ગણવેશમાં આવ્યો.

શ્રેણી અગિયાર સુધી તે ત્રણે વર્ગમાં પ્રથમ આવ્યો. બૉર્ડની પરીક્ષામાં પણ પ્રથમ દસમા આવ્યો. અનેક શિષ્યવૃત્તિઓ મળી. તે ડૉક્ટર થયો અને પેંડાથી મારું મોં ગળ્યું કરવા આવ્યો ત્યારે સાત્વિક આનંદથી તેને માથે હાથ મૂકીને આશિષ આપી : 'બેટા ! તું પણ નિરાધાર બાળકોને સારું ભણાવજે. બસ, એ જ છે મારી ગુરુદક્ષિણા !'

## [૨] અનોખી સેવા – બંસીલાલ જી. શાહ

http://suratiundhiyu.wordpress.com/

**1971**થી **2000**ની સાલ સુધી હું જીવન વીમા કૉર્પોરેશનમાં વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતો હતો. અમારા વિકાસ અધિકારીઓ માટે બેસવાનો અલગ રૂમ હતો. અમારી શાખામાં તે વખતે વિરમગામ, સાણંદ, બાવળા, ધંધૂકાનાં ગામોનો સમાવેશ થતો હતો. ત્યાંથી ઘણા માણસો પોતાના જીવનવીમાની પૉલિસી પાકે તો રકમ લેવા શાખામાં આવતા હતા. જીવન વીમાની પૉલિસી પાકે તો તે રકમ મેળવવા ફરજિયાત 'રેવન્યૂ ટિકિટ' પાર્ટીએ લગાવવી પડતી. તેમાંથી ઘણા બધાને ઘણી વાર કાયદાની ખબર ન હોય એટલે રેવન્યૂ સ્ટેમ્પ લાવ્યા ન હોય. એટલે રેવન્યૂ ટિકિટ મેળવવા માટે પોસ્ટ ઑફિસમાં જવું પડે. ઘણાને પોસ્ટ ઑફિસ ક્યાં છે તેની માહિતી પણ ન હોય !

આવા અજાણ્યા લોકો અમારા રૂમમાં આવતા. રેવન્યૂ ટિકિટની વાત થતાં મૂંઝાતા ને ફરી ફેરો પડશે તેવો નિસાસો નાખતા. પણ મારા મિત્ર શ્રી રમણીકભાઈ આવી રેવન્યૂ ટિકિટ જથ્થાબંધ રાખતા ને આવી અટવાઈ ગયેલી વ્યક્તિને તે આપતા અને તેમના કાર્યમાં સહભાગી થતા. આગંતુકના ચહેરા પર આભારની લાગણી દેખાઈ આવતી. રમણીકભાઈ તો આ રેવન્યૂ સ્ટેમ્પની કિંમત પણ ન લેતા ન કહેતા : 'આવી નાનકડી રકમ, બંસીભાઈ લઈને શું કરવાનું ? આપણને ઈશ્વરે સારી નોકરી અને પગાર આપ્યો છે. આ દ્વારા આપણે કોઈના ખપમાં આવીએ છીએ ને ! આ પણ આપણી સેવા છે ને !' ઘણી વાર સરકારી કચેરીઓમાં કે અન્ય ઠેકાણે અમલદારો વ્યક્તિઓને ધક્કા ખવડાવે છે ત્યારે શ્રી રમણીકભાઈની આ સેવા યાદ આવે છે. નાનકડી, ફક્ત એક રૂપિયાની ટિકિટથી કેવી સરસ સેવા થાય ! આવી 'સેવા'નો સદગુણ સૌમાં આવે તો રાષ્ટ્રની અડધી સમસ્યાઓ દૂર ન થાય ?

## [3] માણસાઈ વસે છે – કુમુદભાઈ બક્ષી

મુંબઈ ખાતે મા-દીકરી જીવન-નિર્વાહ કાજ ટિફિનસર્વિસ આપી ગુજરાન ચલાવતાં. સંજોગાનુસાર સાથે જ કામ અર્થે નીકળેલાં મા-દીકરી વિખૂટાં પડી ગયાં. ત્યાંથી કોઈક રીતે **22** વર્ષીય યુવતી સુરત જિલ્લાના ઓલપાડ ગામે આવી ચઢી. મુંબઈમાં માતાએ ઘણી શોધખોળ કરવા છતાં દીકરીનો પત્તો મળ્યો નહિ. પોલીસમાં ફરિયાદ પણ નોંધાવી, ખાસ્સો લાંબો સમય વીતી ગયો. મા-દીકરીનું મિલન અશક્ય બની ગયું. બીજી તરફ ઓલપાડમાં અજાણ્યા પ્રદેશમાં જનસમુદાય વચ્ચે આવી ગયેલી દીકરીએ માનસિક સમતુલા ગુમાવી દીધી. કપડાનું પણ ભાન નહિ, આમતેમ બાવરી બની ભટક્યાં કરે. ચાની લારી ચલાવતાં એક બહેન-મંજુમાસીનું ધ્યાન એના

http://suratiundhiyu.wordpress.com/

પર પડ્યું. ચા, નાસ્તો કરાવ્યાં, શરીર ચોખ્ખું કરાવી, સારાં કપડાં પહેરવા આપ્યાં. પરંતુ બીજા જ દિવસથી એ પાત્ર ફરી એવી જ રીતે, એવી અવસ્થામાં ગામમાં દેખાવા લાગ્યું.
દરમિયાન રમજાન માસ શરૂ થયો, સાથે દિવાળી પર્વ પણ, ઈસ્માઈલ શેખ નામના ઈન્સાનને વિચાર આવ્યો કે પવિત્ર રમજાન માસમાં કંઈક સારું કામ કરીએ. એમણે આ પાગલ યુવતીની સારવારનું બીડું ઝડપ્યું. સુરત ખાતે આવેલ એક મેન્ટલ હૉસ્પિટલમાં એને દાખલ કરી. ધીમે ધીમે ડૉક્ટરોની સારવાર અને નેકદિલ ઈસ્માઈલભાઈની દુઆ ફળતી માલૂમ પડી. દર્દીની વર્તણૂકમાં ખાસ્સો ફેરફાર વર્તાયો. તેણીની માનસિક હાલત સુધરતી ગઈ, ભૂતકાળ યાદ આવ્યો. માતાનું નામ, ટેલિફોન નંબર આપ્યાં. નોંધનીય બાબત એ છે કે ઈસ્માઈલભાઈએ આ યુવતીની સારવાર પાછળ દોઢ લાખ જેટલી રકમ ખર્ચી નાખી. આ ફિરસ્તા સમાન ઈન્સાને ઓલપાડ પોલીસની મદદથી મા-દીકરીનું મિલન કરાવ્યું.
આજના યુગમાં મહિલાઓની બિનસલામતી સર્વત્ર વ્યાપી છે, ત્યારે ઈસ્માઈલભાઈ તેમને હાથે થયેલ આ શુભ કામ માટે અલ્લાહનો આભાર માને છે. આ દૃષ્ટાંત બતાવે છે કે સમાજમાં માણસાઈ હજી વસે છે.

## [૪] જય શ્રીકૃષ્ણની સેવા – યશવંત કડીકર

ઉનાળાના બળબળતી બપોરે ધૂળના ગોટેગોટા ઉડાડતી એસ.ટી. બસ કડી ગામની નજીક લીમડાની શીતળ છાયામાં ભારે અવાજ કરીને જાણે કે થાક ઉતારવા ઊભી હોય એમ ઊભી રહી ગઈ ! ત્યાં જ આ બસ આવવાની રાહ જોતો જ ઊભો હોય એમ એક માણસ સ્વચ્છ ચમકતા પ્યાલા તથા ઠંડા પાણીની ડોલ લઈને ઊભો હતો. તરસ અને ગરમીથી વ્યાકુળ મુસાફરો પાણી માગવા લાગ્યા. પાણી પાનાર વ્યક્તિ પાણી આપતાં બધાને 'જય શ્રીકૃષ્ણ' કહેતો. આ વૈષ્ણવજન પહેલેથી જ જાણે આ પરિસ્થિતિથી વાકેફ હોય એ રીતે શાંતિથી અને જેટલી ઝડપ શક્ય હતી એ ઝડપ અને તત્પરતાથી પાણી પાઈ રહ્યો હતો, જેથી બસમાંનું કોઈ પણ મુસાફર પાણી પીધા સિવાય ના રહી જાય.
હંમેશની ટેવ મુજબ કેટલાક મુસાફરો પાણી પીધા પછી, આ પાણી પાનારને કંઈક પૈસા આપવા લાગ્યા, પણ એણે નમ્રતાથી 'જય શ્રીકૃષ્ણ' કહી પૈસા લેવાની ના પાડી દીધી. આ જોઈને હું વિચારમાં પડી ગયો. અસહ્ય મોંઘવારીના આ જમાનામાં થોડું કામ કરીને ઘણું મેળવનારા પડ્યા છે. આવી સ્થિતિમાં મહેનતનો બદલો મળે એ પણ લેવા માટે ના પાડે એવા આ માનવીનું વર્તન આશ્ચર્યજનક હતું. એટલા માટે મુસાફરો, જે ખુશ થઈને આપે છે, એ લઈ લેવા માટે મેં

http://suratiundhiyu.wordpress.com/

એમને સલાહ આપી. મને એ પાણી પાનારા ભાઈએ જવાબ આપ્યો, 'સાહેબ, હું, મારી પત્ની અને મારી દીકરી - એમ ત્રણ સભ્યો જ મારા કુટુંબમાં છીએ. હું તાલુકા પંચાયતમાં પટાવાળાનું કામ કરું છું. એનાથી અમારા ત્રણેનું ભરણપોષણ થાય, એટલું તો મળે જ છે. મારી પત્ની નવરાશના સમયમાં ગોપાલ લાલજીની હવેલીમાં સેવાપૂજા કરે છે. ગોપાલ લાલજીની કૃપાથી અમારું ગુજરાન સારી રીતે ચાલે છે. હવે વધારે મેળવવાનો લોભ શા માટે કરવો જોઈએ ?' એના વિશે મને વધુ જાણવાની ઉત્કંઠા જાગી. બસમાં બેઠેલા પ્રવાસીઓને પૂછતાં, એકે કહ્યું કે, નોકરીના સમયમાંથી સમય કાઢીને, છેલ્લાં પાંચ વરસથી કોઈ પણ જાતના વળતર વિના, ફક્ત આ કાર્યને પ્રભુસેવા ગણીને, આ ભાઈ પાણી પાવાનું આ કામ કરે છે. બપોરના તો તે જરૂર હાજર રહે છે. મેં એને વંદન કરી 'જય શ્રીકૃષ્ણ' કહ્યા. (અખંડ આનંદ (ફેબ્રુઆરી-2011)માં પ્રકાશિત થતા સત્ય ઘટનાઓ પર આધારિત વિભાગ 'જોયેલું ને જાણેલું'માંથી સાભાર.)

http://suratiundhiyu.wordpress.com/